રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અંતર્ગત એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ વર્ષ 2023-24
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર પ્રેરિત

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), સુરેન્દ્રનગર તથા**
**શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરૂકુળ, ધ્રાંગધ્રાના**

સંયુક્ત ઉપક્રમે

# Zone Level Educational Innovation Festival 2023-24

## શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ

: પ્રેરણા :


**ડૉ. સી.ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

**શ્રી ડી. એસ. પટેલ**
નિયામક
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
ગાંધીનગર

: સંકલન :

**ડૉ. આર. ડી. પિત્તલિયા**
લેક્ચરર (IFIC શાખા)
ડાયેટ, સુરેન્દ્રનગર

: લેખન–સંપાદન :

**ડૉ. કે. આર. પંડ્યા**
લેક્ચરર અને ડિસ્ટ્રીક્ટ ઇનોવેશન સેલ કો.ઓ.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર



**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર**



**પ.પૂ.સદ્. શ્રી રામકૃષ્ણદાસજી સ્વામી**

સંસ્થાપક

શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરૂકુળ,

ધ્રાંગધ્રા

## સૌરાષ્ટ્ર ઝોન 1 નાં પ્રાચાર્યશ્રી



**ડૉ. સી. ટી. ટૂંડિયા**

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર

મો. 9824825561



**શ્રી એચ. એસ. ભટ્ટ**

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

ભાવનગર–બોટાદ

મો. 9426979452



**ડૉ. દક્ષા જી. મહેતા**

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

ભુજ

મો. 9428306718



**ડૉ. સંજય એન. મહેતા**

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

રાજકોટ–મોરબી

મો. 7567865422

## શુભેચ્છા સંદેશ

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ – ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર તથા શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરૂકૂળ, ધ્રાંગધ્રા દ્વારા આયોજીત આ ઝોનકક્ષાનો એજ્યુકેશનલ ઈનોવેશ ફેસ્ટિવલ છે. NEP 2020 ની માર્ગદર્શન સૂચનાઓ તેમજ પ્રકરણ ૨૦ ના મુદ્દા ક્રમાંક ૧–૨ માં સૂચવ્યા મુજબ શિક્ષકો વર્ગખંડમાં નવતર પ્રયોગો હાથ ધરે અને તેઓની શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ માટે તેમનો ઉપયોગ કરે તે હેતુસર જિલ્લા કક્ષાના એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલનું આયોજન છેલ્લા આઠ વર્ષથી ગુજરાતમાં થઈ રહ્યુ છે. આ વર્ષે નવમાં એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં જિલ્લા કક્ષાએ પસંદ થયેલ ઈનોવેશન માટે ઝોનકક્ષાના એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવેલ છે.

NEP 2020 અંતર્ગત પ્રાથમિક માધ્યમિક અને ઉ.માધ્યમિક શિક્ષણ એક ધરી પર આવી રહ્યુ છે. બાળકોની ગુણવત્તા સુધારણા માટે શિક્ષક જો વર્ગખંડમાં ઈનોવેશનનો ઉપયોગ કરશે તો જ આવનાર સમયમાં શિક્ષક વર્ગખંડમાં ઉભો રહી શકશે. શિક્ષકો પાસે નૂતન પરિકલ્પના સંકલ્પનાઓ નહિ હોય તો તે સાંપ્રત અને આવનાર સમયમાં ટકી નહી શકે.

આ ઝોનકક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમાં ભાવનગર, ભૂજ, બોટાદ, મોરબી, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાના શિક્ષકોના નવતર પ્રયોગો સમાવિષ્ટ છે આ ઈનોવેશન ફેસ્ટિવલ માં ૧૮ પ્રાથમિક, ઉ.પ્રાથમિક વિભાગ અને ૧૧ માધ્યમિક, ઉ.માધ્યમિક, ડી.એલ. એડ અને બી.એડ વિભાગના નવતર પ્રયોગો રજૂ થયેલ છે.

આપ સૌ પ્રત્યે પણ શ્રદ્ધા રાખુ છું કે આપના વર્ગખંડોમાં પણ ઈનોવેશનના માધ્યમથી અધ્યયન અધ્યાપન કાર્ય થશે તો તેનો લાભ બાળકોને મળશે.

શુભમ્ ભવતુ !

**ડૉ. સી. ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

# અનુક્રમણિકા


| ક્રમ | ઈનોવેટર શિક્ષકનું નામ | જિલ્લો | પાના નં. | ક્રમ | ઈનોવેટર શિક્ષકનું નામ | જિલ્લો | પાના નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સોલંકી ભાવેશકુમાર ધીરૂભાઈ | ભાવનગર | ૩ | ૧૬ | અનિલ નાથાભાઈ રાઠોડ | મોરબી | ૩૭ |
| ૨ | મેર પરેશભાઈ શંભુભાઈ | ભાવનગર | ૫ | ૧૭ | સાંચલા ગીતાબેન મનસુખલાલ | મોરબી | ૩૯ |
| ૩ | ભટ્ટ કમલેશભાઈ દલપતભાઈ | ભાવનગર | ૭ | ૧૮ | તન્ના અમિતકુમાર રમેશચંદ્ર | મોરબી | ૪૧ |
| ૪ | કનોજીયા કશ્યપભાઈ ચંપકભાઈ | ભાવનગર | ૯ | ૧૯ | પટેલ પ્રિયંકાબેન જીતેન્દ્રકુમાર | મોરબી | ૪૪ |
| ૫ | ચૌહાણ ચંદ્રિકાબેન રતિભાઈ | ભાવનગર | ૧૨ | ૨૦ | કાચા ક્રિષ્નાબેન નરેન્દ્રભાઈ | રાજકોટ | ૪૬ |
| ૬ | અર્પિતા એચ. ગોર | ભૂજ | ૧૪ | ૨૧ | ધોળકિયા જીગ્નેશભાઈ એમ. | રાજકોટ | ૪૯ |
| ૭ | છાયાબેન ડી. કાવર | ભૂજ | ૧૬ | ૨૨ | અનિલકુમાર વી. વૈશ્નાણી<br>ઉર્મિલાબેન વી. લખધરીયા | રાજકોટ | ૫૧ |
| ૮ | પાદરાઈ વિરલભાઈ રમણીકલાલ | ભૂજ | ૧૮ | ૨૩ | ખ્યાતિબેન મહેશચંદ્ર ભટ્ટ | રાજકોટ | ૫૪ |
| ૯ | ઝાલા ઋતુરાજસિંહ વનરાજસિંહ | ભૂજ | ૨૦ | ૨૪ | વાગડિયા નિકુંજ રસિકભાઈ | રાજકોટ | ૫૭ |
| ૧૦ | શ્રીમતિ સ્વાતિબેન એસ. ત્રિવેદી | ભૂજ | ૨૨ | ૨૫ | બિનલબેન કે. મકવાણા | સુરેન્દ્રનગર | ૬૦ |
| ૧૧ | મુકેશકુમાર ભગવાનભાઈ પઢિયાર | બોટાદ | ૨૪ | ૨૬ | દેરાસરી ગાયત્રીપ્રસાદ રમેશચંદ્ર | સુરેન્દ્રનગર | ૬૧ |
| ૧૨ | ડૉ. આનંદ મહેશભાઈ ગઢવી | બોટાદ | ૨૭ | ૨૭ | પરાગ હસમુખરાય દવે | સુરેન્દ્રનગર | ૬૨ |
| ૧૩ | મકવાણા વિપુલભાઈ નરશીભાઈ | બોટાદ | ૩૦ | ૨૮ | ઠાકર હેતલ દોલતરાય | સુરેન્દ્રનગર | ૬૩ |
| ૧૪ | દુલેરા નિશા અરજણભાઈ | બોટાદ | ૩૩ | ૨૯ | તેજલબેન કે. મહેતા | સુરેન્દ્રનગર | ૬૪ |
| ૧૫ | ચોટાઈ આરતી અશ્વીનભાઈ | મોરબી | ૩૫ | ૩૦ | | | |

**ઈનોવેશનનું નામ :** લોકભાગીદારી–શાળાની સિદ્ધિ
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** સોલંકી ભાવેશકુમાર ધીરૂભાઈ **હોદ્દો :** મુખ્ય શિક્ષક **વિભાગ :**
**કલસ્ટર/ક્યુડીસી :** જસપરા
**શાળાનું નામ :** શ્રી મણાર કન્યાશાળા **તાલુકો :** તળાજા
**મોબાઈલ નંબર :** 9574454390 **ઈમેલ :** bdsolanki1987@gmail.com



**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામુહિક
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૧૬
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ૨૦૨૫
**નવતર પ્રયોગની કેટેગરી :** લોક ભાગીદારી–શાળાની સમૃદ્ધિ
**સમસ્યા ઉદ્ભવના કારણો :**

૧. શાળામાં જોઈએ એવી પ્રગતિ થતી ન હતી. ૨. શાળા પ્રત્યે વાલીઓમાં નીરસતા.
૨. શિષ્યવૃત્તિ પરીક્ષા બાબતે જાગૃતિનો અભાવ ૪. શાળામાં ભૌતિક સુવિધાનો અભાવ.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન : (હેતુઓ, અમલીકરણ વ્યૂરચના, ઉપયોગીતા)**

લોકભાગીદારી વડે શાળાની પ્રગતિમાં અસરકારક સુધારો કરવો અને તેની અસરથી બાળકોના શૈક્ષણિકસ્તરમાં તથા ભૌતિક સુવિધાઓમાં સુધારો કરવો.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન :**

થોડા વર્ષો પહેલા શાળામાં જોઈએ એટલા પ્રમાણમાં લોકભાગીદારીનું પ્રમાણ ખુબ ઓછુ હતું. પણ આચાર્ય અને શિક્ષકોના સહિયારા પ્રયાસોથી શાળામાં માતા પિતા, વાલીઓ, યુવાનો ધીરે ધીરે શાળાની મુલાકાતે આવતા થયા. તેના પરિણામે શાળાને લોકો દ્વારા દાન પ્રપ્તિ થવા લાગી. ધીરે ધીરે શાળાનું ભૌતિક અને શૈક્ષણિક વાતાવરણ બદલાવા લાગ્યું. ભૌતિક સુવિધાઓ વધતા શાળામાં ટેકનોલોજીનો પણ ભરપુર ઉપયોગ થવા લાગ્યો. પરિણામે શાળાના તમામ બાળકોનું શૈક્ષણિકસ્તર સુધરવા લાગ્યુ. શિક્ષકો ખુબ ઉત્સાહથી કામ કરવા લાગ્યા. પરિણામે ગામનું વાતાવરણ પણ સુધરવા લાગ્યુ. એક સમયે વાલી મિટીંગમાં ખુબ ઓછી સંખ્યા જોવા મળતી હતી તેની જગ્યાએ હવે બહોળી સંખ્યામાં દરેક વાલી અને ગ્રામજનો સમયસર મિટીંગમાં પહોંચી જાય છે અને શાળાના તમામ પ્રકારના આયોજનમાં ભાગ લે છે અને મદદરૂપ થાય છે.

**નવતર પ્રયોગનું પરિણામ :**

શાળાના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ પરિક્ષાઓમાં રેકોર્ડ બ્રેક પરિણામ લાવવા લાગ્યા.

| મુખ્યમંત્રીશ્રી જ્ઞાન સાધના પરીક્ષા-2023 પરિણામ | | | | | |
|---|---|---|---|---|---|
| પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીની સંખ્યા | | | | | |
| રાજ્ય | શાળા | રાજ્ય | | શાળા | |
| | | વિદ્યાથીની સંખ્યા | ટકા | વિદ્યાથીની સંખ્યા | ટકા |
| 202853 | 27 | 28041 | 13.82 | 24 | 88.88 |

| NMMS 2023 પરીક્ષા પરિણામ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પરીક્ષા ફોર્મ ભરેલ વિદ્યાર્થી | | | પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી | | | મેરિટમાં સમાવેશ થયેલ વિદ્યાર્થી | | | | | |
| રાજ્ય | જિલ્લા | શાળા | રાજ્ય | જિલ્લા | શાળા | રાજ્ય | | જિલ્લા | | શાળા | |
| | | | | | | વિદ્યાર્થી સંખ્યા | ટકા | વિદ્યાર્થી સંખ્યા | ટકા | વિદ્યાર્થી સંખ્યા | ટકા |
| 23203360 | 10028 | 29 | 194137 | 9579 | 29 | 5097 | 2.62 | 218 | 2.27 | 11 | 37.93 |

**મુખ્યમંત્રીશ્રી સમાન પ્રવેશ પરીક્ષા (CET) 2023 પરિણામ**

| પરીક્ષામાંબેઠેલા વિદ્યાર્થીની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|
| રાજ્ય | શાળા | રાજ્ય | | શાળા | |
| | | વિદ્યાર્થીની સંખ્યા | ટકા | વિદ્યાર્થીની સંખ્યા | ટકા |
| 422325 | 31 | 52317 | 12.38 | 21 | 67.74 |

૧. શાળામાં હાઈ વોલ્ટેજ AC વાળી અદ્યતન કમ્પ્યુટર લેબ બની છે.
૨. શાળામાં ૪૦૦૦ પુસ્તકોના કલેકશન વાળી અદ્યતન લાઈબ્રેરી બની છે.
૩. શાળાન દરેક વર્ગખંડમાં સ્માર્ટ બોર્ડની સુવિધા ઉપલબ્ધ છે.
૪. શાળાનું ભૌતિક વાતાવરણ સુધર્યું.
૫. શાળાનું શૈક્ષણિક વાતાવરણ સુધર્યું.
૬. ભૌતિક સગવડતાથી ટેકનોલોજીનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થવા લાગ્યો.
૭. શિક્ષણ પ્રક્રિયામાં ક્રાંતિકારી સુધારો જોવા મળ્યો.
૮. ગામનું વાતાવરણ પણ સુધર્યું.
૯. સર્વત્ર શિક્ષણનો માહોલ ઉભો થયો.

**ઉપયોગિતા :**

૧. શાળાનો સર્વાંગી વિકાસ થવા લાગ્યો.    ૨. શાળા, વાલી અને શિક્ષક વચ્ચેનો અતુટ સેતુ બને છે.
૩. માહોલ સુધરતા લોકોની માનસિકતા પણ સુધરી છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતી :**

૧. શાળા નિર્ધારિત કરેલ લક્ષ્યાંકો તરફ ખુબ ઝડપથી આગળ વધી રહી છે.
૨. શાળાના નાના મોટા પ્રસંગોમાં ગ્રામજનોની નોંધપાત્ર હાજરી અને સહકાર જોવા મળે છે.
૩. શિષ્યવૃત્તિ પરિક્ષાઓની તૈયારી શાળા સમય પહેલા અને શાળઆ સમય પછી પણ હાલમાં શરૂ જોવા મળે છે.
૪. બાળકો રાઉન્ડ ટેસ્ટ આપતા જોવા મળે છે.

**ફોટોગ્રાફ / વિડીયો લિંક / ક્યુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**





**યુ ટ્યુબ વિડીયો લિંક :** https://youtube.com/@bhaveshkumardhirubhaisolan8302?si=PxCxJ1M_lhd0SvDo

https://drive.google.com/drive/folders/105nceyoaW1YAAfZ9GKtYxtgzl38jIZt6?usp=sharing

**ઈનોવેશનનું નામ :** ચાલો અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરીએ
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** મેર પરેશભાઈ શંભુભાઈ
**હોદ્દો :** મદદનીશ શિક્ષક
**કલસ્ટર/ક્યુડીસી :** ચોગઠ
**વિભાગ :**
**શાળાનું નામ :** શ્રી ધારૂકા કેન્દ્રવર્તી શાળા
**તાલુકો :** ઉમરાળા
**મોબાઈલ નંબર :** 97235 63774
**ઈમેલ :** paresh.rtnpr@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુન ૨૦૨૨ થી..
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** હાલ પણ શરૂ છે.

**સમસ્યા ઉદ્ભવના કારણો :**

૧. ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિઓ સરેરાંશ 57% જ સિદ્ધ કરતા હતા.
૨. ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયમાં ઓછો રસ લેતા હતા અને અભ્યાસ દરમ્યાન કંટાળો અનુભવતા હતા.
૩. સામાજિક વિજ્ઞાન વિષયમાં ટેકનોલોજીનો ઉપયોગ નહિવત હતો.
૪. સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકો પત્રક–A ભરવામાં મુશ્કેલીઓ અનુભવતા હતા.
૫. ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયમાં ઓછો શૈક્ષણિક આંક ધરાવતા હતા.

**હેતુઓ :**

૧. ધોરણ ૬ થી ૮ ના 85% થી 90% વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરી શકશે.
૨. સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરતા થશે.
૩. સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકોની પત્રક A ભરવાની મુશ્કેલીઓ દૂર કરી શકાશે.
૪. આ નવતર પ્રયોગથી બાળકોનો શૈક્ષણિક આંક ઉંચો આવશે.
૫. ગુજરાત સરકારનો સ્કૂલ ઓફ એક્સેલેન્સ પ્રોજેક્ટનો જે હેતુ છે તે પાર પડશે.
૬. વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પત્તિઓ સરળતાથી સિદ્ધ કરાવી શકાશે.

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન (નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન ) :**

૧. સામાજિક વિજ્ઞાન વિષયની GCERT મુજબની ધોરણ ૬ થી ૮ ની અધ્યયન નિષ્પત્તિઓ એકત્ર કરવામાં આવી. અધ્યયન નિષ્પતિઓની સંખ્યા ધોરણ ૬ – ૨૬, ધોરણ ૭– ૩૪, ધોરણ ૮ – ૩૨, કુલ ૯૨
૨. અધ્યયન નિષ્પત્તિઓને એકમ વાઇઝ વિભાજન કર્યુ, ત્યારબાદ અધ્યયન નિષ્પત્તિઓને કામના દિવસ પ્રમાણે વર્ગીકરણ કર્યુ.
૩. વિદ્યાર્થીઓને અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરાવવા માટે કુલ ૨૦૦ દિવસનું આયોજન કરવામાં આવ્યુ.
૪. અધ્યયન નિષ્પતિઓને સિદ્ધ કરવા શું શું કરી શકાય (ઓછામાં ઓછા પાંચ વિધાન) તેની નોંધ કરવામાં આવી. (હાર્ડકોપીમાં) અને તે મુજબનું કાર્ય કરવામાં આવ્યું.
૫. દરેક અધ્યયન નિષ્પતિને સિદ્ધ કરવા બનાવેલ વિધાનને સમજાવવા માટે વિકિપીડિયા તથા યુટ્યુબ લિંક વાળી ફાઇલ (સોફ્ટ કોપીમાં) બનાવી અને તેને સ્માર્ટ બોર્ડ પ્રોજેક્ટર પર વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યું.
૬. સમગ્ર નવતર પ્રયોગ માટે અનેક પ્રકારના ચાર્ટ, ચિત્રો, T.L.M., વર્કિંગ મોડેલ, લેપટોપ, સ્માર્ટ બોર્ડ, પ્રોજેક્ટર, પૃથ્વીનો ગોળો, નકશાઓ વગેરે અનેક પ્રકારના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

૧. આ નવતર પ્રયોગ દરમિયાન મૂલ્યાંકન કરતા જણાયુ કે, ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિઓ સરળતાથી સિદ્ધ કરતા થયા. પત્રક A, એકમ, કસોટી, સ્વાધ્યાયની નોટ વગેરેના આધારે..
૨. સામાજિક વિજ્ઞાન વિષયમાં અભ્યાસ દરમિયાન વિદ્યાર્થીઓને આવતો કંટાળો દૂર થયો.
૩. સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરતા થયા. સ્માર્ટ બોર્ડ, પ્રોજેકેટર, મોબાઈલ દ્વારા ક્વિઝ..
૪. ગુજરાત સરકારનો સ્કૂલ ઓફ એક્સેલેન્સ પ્રોજેક્ટનો જે હેતુ છે તે પાર પડતો જણાયો.
(વર્ગના 80% વિદ્યાર્થીઓ, 80% અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરે.)

**નવતર પ્રયોગનું પરિણામ :**

**ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયની સરેરાશ 83% અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરતા થયા. આંકડાકીય વિગત.**

| રાજ્ય | કુલ વિદ્યાર્થી | પહેલાની સ્થિતિ | | પછીની સ્થિતિ | |
|---|---|---|---|---|---|
| | | અ.નિ.સિદ્ધ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા | ટકાવારી | અ.નિ.સિદ્ધ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા | ટકાવારી |
| 6 | 48 | 26 | 54 | 39 | 81 |
| 7 | 36 | 21 | 58 | 30 | 83 |
| 8 | 30 | 18 | 60 | 26 | 86 |

૧. સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરતા થયા. દા.ત.સ્માર્ટ બોર્ડ, પ્રોજેક્ટર, યુટ્યુબ, વિકિપીડિયા, મોબાઈલ વિગેરે..

૨. ગુજરાત સરકારનો સ્કૂલ ઓફ એક્સેલેન્સ પ્રોજેક્ટનો જે હેતુ છે તે પાર પડતો જણાયો.
(વર્ગના 80% વિદ્યાર્થીઓ 80% અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરે.)

૩. આ નવતર પ્રયોગથી બાળકોનો શૈક્ષણિક આંક ઉચો આવ્યો. પત્રક C ના આધારે..

૪. સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકોની પત્રક A ભરવાની મુશ્કેલીઓ દૂર થઈ.

**ઉપયોગીતા :**

૧. આ નવતર પ્રયોગ સામાજિક વિજ્ઞાન વિષય ભણતા તમામ વિદ્યાર્થીઓ (ધોરણ ૬ થી ૮) માટે લાગુ પાડી શકાશે. દા.ત.અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરવા માટે.


૨. આ નવતર પ્રયોગ સમગ્ર રાજ્યની તમામ પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન વિષય ભણતા વિદ્યાર્થીઓ અને ભણાવતા શિક્ષકો માટે ઉપયોગી થશે. દા.ત. પત્રક A ભરવા માટે તથા સામાજિક વિજ્ઞાનના શિક્ષણ કાર્ય દરમ્યાન.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતી :**

'ચાલો, અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરીએ' આ નવતર પ્રયોગ જૂન–૨૦૨૨ થી મારી શાળામાં શરૂ છે અને હાલ પણ આ નવતર પ્રયોગ મુજબ કાર્ય થાય છે.

**ફોટોગ્રાફ / વિડીયો લિંક / ક્યુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**

https://drive.google.com/drive/folders/1MIJl5SdHlujUxV6fpTXNKA3BRnmG2hqT










**ઈનોવેશનનું નામ :** નિપુર્ણ ભારત મિશન અંતર્ગત પ્રવૃત્તિમય અને આનંદદાયક શિક્ષણ
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** ભટ્ટ કમલેશભાઈ દલપતભાઈ **હોદ્દો :** મ. શિ
**કલસ્ટર/ક્યુડીસી :** કળસાર
**શાળાનું નામ :** શ્રી કળસાર કન્યા પ્રા.શાળા **તાલુકો :** મહુવા
**મોબાઈલ નંબર :** 9924876197 **ઈમેલ :** bhattkamlesh009@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** સાંપ્રત વિષયો (FLN, NEP...)
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ 2022 ના અંતથી..
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** વર્તમાન સમયમાં ચાલુ જ છે.

**સમસ્યા ઉદ્ભવના કારણો :**

૧. શાળામાં નવીન પ્રવેશ પામતા બાળકો શાળામાં પ્રતિકૂળતા અનુભવે છે.
૨. શાળા પ્રત્યે બાળકની ઉદાસીનતા, અરૂચિ, સંકોચ, ડર..
૩. ઘરે વાલી તરફથી બાળકોને શૈક્ષણિક માર્ગદર્શનનો અભાવ.
૪. બાળકોમાં એકાગ્રતાનો અભાવ.
૫. ચોક્કસ અધ્યયન નિષ્પત્તિ પૂર્ણ કરવા માટે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ માટેની સામગ્રી ઓછી.
૬. બાળકોની સંખ્યા પ્રમાણે શિક્ષણ સામગ્રી (TLM) ઓછી.

**હેતુઓ :**

૧. આજના સમયમાં પ્રાથમિક શિક્ષણથી એક પણ બાળક વંચિત કે નિરક્ષર ન રહે.
૨. દરેક બાળક અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાનના એકમો સહજ, સરળ રીતે, હસતાં-રમતાં સિદ્ધ કરે.
૩. બાળકોને સામાન્ય શિક્ષણ પ્રણાલી દ્વારા શીખવવામાં પડતી મુશ્કેલીનો સતત અનુભવ કર્યો.
૪. બાળકો શાળામાં પ્રફુલ્લિત મન સાથે નિયમિત આવે.
૫. વાલીગણમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવે.

**અમલીકરણ :**

૧. બાળક સાથે પ્રેમ, હુંફ અને લાગણી ભર્યુ વર્તન જરૂરી છે. જેથી બાળકને ધીમે ધીમે ઘર જેવો અહેસાસ થાય.
૨. બાળક સાથે વાર્તાલાપ વડે તેના રસ, આનંદ આપનારી બાબતો વિશે જાણવાનું શરૂ કર્યુ.
૩. બાળકોને નવું નવું જાણવું, શીખવું ગમે છે. નવી નવી પ્રવૃત્તિઓ કરવી ગમે છે. રમત એ બાળકોનો સહજ સ્વભાવ છે. આમ બાળકોને જો રમત ગમત સાથે શીખવવામાં આવે તો એ જ્ઞાન બાળક માટે રસમય બની શકે છે.
૪. વેસ્ટ માંથી બેસ્ટ પ્રવૃત્તિ અંતર્ગત એકમ પ્રમાણેના ૧૫૦૦ થી પણ વધારે આકર્ષક અને અસરકારક શૈક્ષણિક સાધનો દ્વારા બાળકોને રમતા રમતા ભાર વગરનું ભણતર મળે તેવા પ્રયત્નો શરૂ કર્યા. જે હાલમાં પણ ચાલુ જ છે.
૫. રમે તેની રમત અંતર્ગત શરૂઆતમાં બાળકોને રમતાં રમતાં શીખીએ જેવા એક બે પ્રવૃત્તિમય સાધનો વડે બાળકોને શીખવવાનો પ્રયત્ન કર્યો. ધીમે ધીમે બાળકોનો ઉત્સાહ વધતા, રસ વધતા, અન્ય શૈક્ષણિક સાધનો બનાવવાનું ચાલુ રાખ્યું. બાળકો વધુ ઉત્સાહથી જોડાવા લાગ્યા.
૬. એક થી આઠ એકમ પ્રમાણે મૂળાક્ષર દ્વારા સાવ સરળ રીતે નાના નાના શબ્દો બનાવવાની સમજ આપી. જે વિશ્રાંતિના સમયમાં પણ બાળકો જાતે શબ્દ નિર્માણની પ્રવૃત્તિ કરવા લાગે છે.
૭. વર્ગમાં બાળકને સર્વત્ર મૂળાક્ષરો અને અંકો એક પ્રવૃત્તિના રૂપમાં સામા જ મળે.
૮. 'હું કદી શીખવતો નથી, હું તો એવા સંજોગો પેદા કરું છું કે જેમાં બાળક જાતે શીખે.'

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

૧. વર્ગમાં બાળકોની સંખ્યા પ્રમાણે ટી.એલ.એમ. હાજર હોવાથી વ્યક્તિગત મૂલ્યાંકન સરળ બને છે.
૨. જુદી જુદી પ્રવૃત્તિના માધ્યમથી મૂલ્યાંકન સતત થતુ રહે છે.

૩. બાળકોની સિદ્ધિ અને કચાશ સ્પષ્ટ જાણી શકાય છે.
૪. સી.આર.સી.અને આચાર્યશ્રીની સૂચના અનુસાર લેખિત પેપર દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામ :**

૧. સત્રની શરૂઆતમાં ૧૩.૭૯% બાળકો જ અક્ષરજ્ઞાન ધરાવતા હતા. આ નવતર પ્રયોગ બાદ ૪૧.૩૭% બાળકો ક્રમશઃ સારું અક્ષરજ્ઞાન ધરાવે છે.
૨. સત્રની શરૂઆતમાં ૧૫.૫૧% બાળકો જ અંકજ્ઞાન ધરાવતા હતા. આ નવતર પ્રયોગ બાદ ૪૪.૮૨% બાળકો ક્રમશઃ સારું અંકજ્ઞાન ધરાવે છે.
૩. નવતર પ્રયોગ દ્વારા ઓછા સમયમાં વધુ બાળકોએ વાંચન, લેખન અને ગણન કૌશલ્યમાં સિદ્ધિ પ્રાપ્ત કરી.
૪. પ્રવૃત્તિમય અને આનંદદાયક શિક્ષણ બાળકને સ્વાવલંબી અને આત્મવિશ્વાસુ બનાવે છે.
૫. બાળકની શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા, ડર, અણગમો દૂર થયો.
૬. બાળકો ઉત્સાહથી પ્રવૃત્તિમાં જોડાવા લાગ્યા.
૭. મારા વર્ગની ધોરણ–૨ ની વિદ્યાર્થીની જોળિયા માનસીબેન જીવાભાઇએ મહુવા તાલુકા કક્ષાની ધોરણ ૧ થી ૫ ની વાર્તાકથન સ્પર્ધામાં બીજો નંબર પ્રાપ્ત કર્યો છે.
૮. બાળકો શાળામાં નિયમિત થયા.

**ઉપયોગીતા :**

૧. આ નવતર પ્રયોગ બાળકને અંકજ્ઞાન અને અક્ષરજ્ઞાન પ્રત્યે વધુ રસપ્રદ બનાવશે.
૨. શિક્ષણથી વંચિત બાળકોને આ નવતર પ્રયોગ દ્વારા ફરીથી શિક્ષણ સાથે જોડી શકાયા.
૩. આ નવતર પ્રયોગ વાલીઓને શિક્ષણ પ્રત્યે જાગૃત કરવામાં પણ ઉપયોગી બન્યો.
૪. આ નવતર પ્રયોગ મારા વર્ગ પુરતું ન રહેતા અન્ય શાળાના બાળકોને પણ ઉપયોગી થયો.
૫. સામાન્ય શિક્ષણ પ્રણાલીને આધુનિક શિક્ષણ પ્રણાલી સાથે જોડવામાં આ નવતર પ્રયોગ ઉપયોગી બન્યો.
૬. આ નવતર પ્રયોગ વાલીઓને સતત તેના બાળકોની પ્રવૃત્તિ અને વર્ગ સાથે ડીઝીટલ માધ્યમથી જોડી રાખવામાં પણ ઉપયોગી થયો.

**નવતર પ્રયોગની વર્તમાનસ્થિતી :**

૧. વધુ સારા નવા નવા શૈક્ષણિક સાધનો બનાવવાનું ચાલુ છે.
૨. આજુબાજુના વાતાવરણમાંથી નકામી વસ્તુનો મારા વર્ગખંડમાં શૈક્ષણિક સાધન તરીકે કઇ રીતે ઉપયોગ કરી શકું તેના માટે સતત વિચારતો રહુ છું.
૩. બાળકો મહેનતનું મહત્વ સમજીને ટી.એલ.એમ.નો વ્યવસ્થિત ઉપયોગ કરે છે.
૪. બાળકો હસતા રમતા શાળાએ આવે છે.
૫. પ્રવૃત્તિના ફોટા, વિડીયો અપલોડ કરી, વિડીયોની લિંક બનાવી યુ ટ્યુબ ચેનલના માધ્યમથી વાલીગણને, શિક્ષક મિત્રોને વોટ્સએપ ગ્રુપમાં મોકલુ છું.
૬. વાલીઓ આનંદ અનુભવે છે કે તેના બાળકો સાથે સારી રીતે શિક્ષણ કાર્ય કરી રહ્યા છે.

**ફોટોગ્રાફ / વિડીયો લિંક / ક્યુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**






**ઈનોવેશનનું નામ :** SMART TEXTBOOK (સ્માર્ટ ટેક્સટર બુક)
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** કનોજીયા કશ્યપભાઈ ચંપકભાઈ **હોદ્દો :** મદદનીશ શિક્ષક
**કલસ્ટર/ક્યુડીસી :** ૭–અંબિકા
**શાળાનું નામ :** સરકારી માધ્યમિક શાળા, કરચલીયાપરા **તાલુકો :** ભાવનગર
**મોબાઈલ નંબર :** 9904266789 **ઈમેલ :** kanojiya.kashyap@gmail.com
**નવતર પ્રયોગની કેટેગરી :** શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપયોગ
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૨૧
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** આજસુધી

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :**

૧. બાળકોને પાયાના અંગ્રેજી (basics of english) ના જ્ઞાનના અભાવને કારણે અંગ્રેજીમાં રસ અને રૂચિ ઓછા જોવા મળ્યા.
૨. પાયાના અંગ્રેજી (basics of english) ના જ્ઞાનના અભાવને કારણે વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય પ્રત્યે હાવ અને ડર જોવા મળ્યો જેના કારણે તે અંગ્રેજી વિષય ભણવા પ્રત્યે અરૂચી જોવા મળી.
૩. ધોરણ ૯ થી ૧૦ જે પાઠ્યપુસ્તકો દ્વારા વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે તે મુખ્યત્વે 'બ્લેક એન્ડ વ્હાઈટ' અને ચિત્ર રહિત હોય છે. જેના કારણે તેમને તેમા રૂચી ઉદ્‌ભવતી નથી.
૪. પાઠ્યપુસ્તકોમાં મુખ્યત્વે લખાણ જ હોવાને કારણે તેમને વાંચવામાં રસ ઓછો જોવા મળ્યો.
૫. પાઠ્યપુસ્તકોમાં ચિત્રોના અભાવને લીધે ઘણી વસ્તુનું 'Visualization' (મનમાં ચિત્ર ઉભુ કરવું) ખુબ જ અઘરું થઈ પડતું હતુ.
૬. વિદ્યાર્થીઓ અંગ્રેજી શબ્દોથી વાકેફ ન હોવાથી અંગ્રેજી વાક્યોનું અર્થઘટન કરવામાં તકલીફ થતી હતી.
૭. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી શબ્દકોશના અભાવને લીધે વિષય શિક્ષક માટે તેમને શબ્દનું સાચુ અને સચોટ અનુવાદ, સમજણ અને મુખ્ય રીતે 'Visualization' કરાવું ખુબ જ અઘરુ જણાતુ હતું.

**હેતુઓ :**

૧. અંગ્રેજી શબ્દોનો અર્થ અને ચિત્રો તથા વિડિયો હોવાથી વિદ્યાર્થીઓ તે અંગ્રેજી શબ્દ, વાક્ય અને ફકરાનું સચિત્ર વાર્તાની જેમ યાદ રાખી શકે અને સમજી શકે છે.
૨. રંગીન લખાણ હોવાથી વિદ્યાર્થીઓને વિષયમાં રસ અને રુચિ કેળવાય.
૩. લખાણ સાથે તે જ શબ્દોને અનુરૂપ ચિત્ર હોવાથી શબ્દો અને વસ્તુ સમજવામાં સરળતા પડે.
૪. લખાણ સાથે ચિત્રો, વિડીયો અને hyperlink હોવાથી વિષય વસ્તુ સરળતાથી સમજાય અને લાંબા સમય સુધી યાદ રહે.
૫. અંગ્રેજી શબ્દો સાથે તેનો અર્થ માતૃભાષામાં મળવાથી શબ્દને અર્થ ઝડપથી અને સરળતાથી સમજાય છે અને વાક્યોનું અર્થઘટન કરી શકે છે.

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન (નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)**

૧. વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયમાં રસ અને રુચિ કેળવાય તે માટે 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' માં સૌ પ્રથમ એક પ્રકરણમાં અઘરા શબ્દોના અર્થ તે શબ્દ સાથે વિદ્યાર્થીઓની માતૃભાષા (ગુજરાતી) માં સમાવાશ કર્યો જેને લીધે અંગ્રેજી શબ્દને સમજવામાં ખુભ સરળતા પડી.
૨. 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' માં પાઠ્યપુસ્તકના 'બ્લેક એન્ડ વ્હાઈટ' લખાણને બદલે દરેક ફકરામાં અલગ રંગના અક્ષરનો ઉપયોગ કર્યો જેના લીધે વિદ્યાર્થીઓને વાંચવામાં રુચિ કેળવાણી એ રસ પડયો.
૩. 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' માં દરેક ફકરા અલગ અલગ રંગના હોવાથી ફકરો શોધવામાં ખુબ સરળતા અને ઝડપી શોધી શકાય છે.
૪. 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' માં લખાણની સાથે તેના અનુરુપ ચિત્રો મુકવાથી વિદ્યાર્થીઓને જે તેશબ્દોને ખુબ સરળતાથી સમજ્યા અને ખુબ જ ઝડપથી તે શબ્દનું 'Visualization' થયુ.
૫. 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' માં લખાણની સાથે તેના અનુરુપ ચિત્રો મુકવાથી વિદ્યાર્થીઓને અમુખ શબ્દો જે ભારતીય ભૌગૌલિક પરિસ્થિતિના ભાગ ન હોય અથવા તો વિદ્યાર્થીઓની દૈનિક જીવનમાં તે શબ્દનો ઉપયોગ ન થતો હોય તેવા શબ્દો અને પરિસ્થિતિ સમજવામાં ખૂબ જ સરળતા રહી.


૬. 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' માં લખાણની સાથે તેના અનુરુપ ચિત્રોના આધારે તે મુદ્દાને વધુ સારી રીતે શીખે છે અને સચોટ રીતે સમજણ કેળવે છે.
૭. 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' માં લખાણની સાથે 'hyperlink' મૂકી છે જેના ઉપર ક્લિક કરવાથી વિષય વસ્તુને લગતા યુટ્યુબ અને ઇન્ટરનેટમાં વિડીયો ખુલે છે તેથી વિષય વસ્તુ વધારે વાસ્તવિક રીતે સમજાવી શકાય.
૮. વિદ્યાર્થીઓને ફક્ત સાંભળવા કરતા તેને લગતા ચિત્રો અને વિડીયો જોવા વધુ ગમે છે.
૯. ધોરણ ૯ અને ૧૦ ના અંગ્રેજી વિષયના દરેક પ્રકરણ માટે આ રીતે 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' બનાવી છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

૧. 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' ના પ્રયોગની શરૂઆત ધોરણ ૧૦ ના વર્ગમાં વર્ષ જુન ૨૦૨૧ થી કરવામાં આવી.
૨. દરેક અંગ્રેજીના તાસમાં સામાન્ય પાઠ્યપુસ્તકની સાથે પ્રોજેક્ટ ઉપર ડીજીટલ સ્વરૂપમાં 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' દ્વારા અભ્યાસ કરાવવામાં આવ્યો.
૩. 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' વડે વિદ્યાર્થીઓ અંગ્રેજીના શબ્દોના અર્થ (જે 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' માં શબ્દની સાથે જ લખેલો હોય છે.) પોતાની પાઠ્યપુસ્તકમાં લખી લેશે.
૪. ગૃહકાર્ય અને પુનરાવર્તન કરતી વખતે વિદ્યાર્થીઓએ પાઠ્યપુસ્તકમાં લખેલા meaning (અર્થ), synonym (સમાનાર્થી), antonym (વિરોધી શબ્દો) તથા nearest word (નજીકના અર્થના શબ્દો) નો મહાવરો કરશે અને પુનરાવર્તન કરશે.
૫. 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' માં લખેલા meaning (અર્થ), synonym (સમાનાર્થી), antonym (વિરોધી શબ્દો) તથા nearest word (નજીકના અર્થના શબ્દો)ની CT (કલાસ ટેસ્ટ) દ્વારા મૂલ્યાંકન થશે.
૬. પરીક્ષા કે કસોટી માટેની તૈયારી માટે 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' નો ઉપયોગ કરશે. જેથી પુનરાવર્તન ઝડપી થશે.

**નવતર પ્રયોગનું પરિણામ :**

ધોરણ ૯ માં વર્ષ ૨૦૨૩–૨૪ માં વિદ્યાર્થીઓને 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' દ્વારા શિક્ષણ આપવામાં આવ્યુ હતું.
નીચે બે PAT (એકમ કસોટી) ના પરિણામની સરખામણી આપેલ છે.




| Range of % | 0.10 | 11-20 | 21-30 | 31-40 | 41-50 | 51-60 | 61-70 | 71-80 | 81-90 | 91-100 | TOTAL NO OF STUDENTS |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| PAT 1 | 0 | 4 | 12 | 12 | 5 | 3 | 0 | 0 | 0 | 0 | 36 |
| PAT 2 | 0 | 1 | 0 | 3 | 7 | 15 | 6 | 3 | 1 | 0 | 36 |

આ ઉપરાંત SSC બોર્ડની પરીક્ષામાં પણ ગત વર્ષના પરિણામની સરખામણીમાં આ વર્ષના પરિણામમાં 43% નો સુધારો જોવા મળ્યો.

**ઉપયોગીતા :**

૧. ચાર પ્રકારના LEARNERS હોય છે (અહીંયા વિદ્યાર્થીઓ)
   ૧. Visual learners (જે બાળકો કોઈપણ વસ્તુ જોઇને શીખે છે અને તેમને ચિત્રો, વિડીયો કે ચિન્હ દ્વારા ઝડપથી યાદ રહે છે.)
   ૨. Auditory learners (જે બાળકો સાંભળીને ઝડપથી યાદ રાખે છે.)
   ૩. Kinaesthetic learners (જે બાળકો જાતે કોઈપણ વસ્તુ કરીને થવા પોતે તેનો અનુભવ કરીને શીખે છે.)
   ૪. reading/writing learners (જે બાળકો લખીને અને તે જ વસ્તુને વાંચીને યાદ રાખે છે.)
   ૫. 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' ઉપયોગથી એમના learners ને આવરી શકાય છે.
૨. ધોરણ ૯ અને ૧૦ ના ગુજરાતી માધ્યમની કોઈપણ શાળામાં ઉપયોગ કરી શકાય. આ 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' દરેક વિદ્યાર્થી તથા શિક્ષક ઉપયોગ કરી શકે છે.
૩. આ 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' DIGITAL સ્વરૂપમાં ઉપલબ્ધ હોય કોઈપણ શાળા જેની પાસે જ્ઞાનકુંજ, ડીજીટલ બોર્ડ, સ્માર્ટ બોર્ડ અથવા પ્રોજેક્ટર ઉપલબ્ધ હોય તે 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' વડે વિદ્યાર્થીઓને જ્ઞાન આપી શકે છે.
૪. જે શાળાઓ પાસે જ્ઞાનકુંજ, ડીજીટલ બોર્ડ, સ્માર્ટ બોર્ડ અથવા પ્રોજેક્ટર ઉપલબ્ધ નથી તેવી શાળાઓ 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' ની હાર્ડકોપી પણ વાપરી શકે છે.
૫. જો આ 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' G-SHALA જેવા DIGITAL પ્લેટફોર્મ ઉપર ઉપલબ્ધ કરી શકીએ તો ગુજરાતના દરેક વિદ્યાર્થીઓ તથા શિક્ષકો ખુબ જ સરળતાથી ઉપયોગ કરી શકે.

**નવતર પ્રયોગનું પરિણામ :**

૧. હાલ ધોરણ ૯ અને ૧૦ ના અંગ્રેજી વિષયની 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' બનાવેલ છે. બીજા વિષયો અને ધોરણ ઉપર કામ ચાલુ છે.
૨. દરેક પ્રકરણના અંતે કવિઝ અને પ્રશ્નો વડે અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરી શકાય જે ઉપર કામ ચાલુ છે.
૩. હાલ 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' દ્વારા અંગ્રેજીના દરેક તાસમાં ભણાવવામાં આવે છે.
૪. સ્માર્ટ બોર્ડ ઉપર 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' નો અભ્યાસ કરવામાં આવે છે.
૫. અમારી શાળાના વિદ્યાર્થીઓમાં 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' વડે ભણે છે અને સારી રીતે અંગ્રેજી શબ્દો અને વાક્યોને વાંચી શકે, અર્થઘટન કરી સમજી શકે છે.
૬. અહીં આપેલ QR CODE પરથી તમે આ 'સ્માર્ટ ટેક્સ્ટ બુક' મેળવી શકો છો.

**ફોટોગ્રાફ / વિડીયો લિંક / ક્યુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**

**STD 9** **STD 10**

**ઈનોવેશનનું નામ :** દિકરીઓ દ્વારા વ્યસનમુક્ત શાળા વિસ્તાર નિર્માણ



**ઈનોવેટર/શિક્ષકનું નામ :** ચૌહાણ ચંદ્રિકાબેન રતિભાઈ **હોદ્દો :** મ.શિ

**કલસ્ટર/ક્યુડીસી :**

**શાળાનું નામ :** શ્રી આર્યકુળ કન્યા વિદ્યાલય **તાલુકો :** ભાવનગર

**મોબાઈલ નંબર :** 8200588230 **ઈમેલ :** chandrikachauhan7780@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** સહ અભ્યાસિક પ્રવૃત્તિ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત કયારથી કરવામાં આવેલ છે :** ૧–૩–૨૦૨૨

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** વર્ષ ૨૦૨૩ માસ ડિસેમ્બર

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :**

૧. વાલીના વ્યસનને કારણે વિદ્યાર્થીની નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ
૨. વાલીની સામાજિક પ્રતિષ્ઠા, પારિવારિક એકતામાં ઘટાડો
૩. શારીરિક માનસિક સ્વાસ્થ્યને નુકશાન
૪. વિદ્યાર્થીને શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ ન થતા હાજરીમાં ઘટાડો.

**હેતુઓ :**

૧. વિદ્યાર્થીઓના શૈક્ષણિક પરિણામમાં સુધારો
૨. વિદ્યાર્થીઓમાં જ્ઞાન, સમજ, ઉપયોજન અને કૌશલ્યોનો વિકાસ થશે.
૩. વાલીની સામાજિક પ્રતિષ્ઠા, પારિવારિક એકતામાં વધારો.
૪. શૈક્ષણિક વાતાવરણમાં અનુકૂળતા થવાની કાર્યક્ષમતામાં વધારો કરવો.
૫. શિક્ષણ વિભાગના પ્રોજેક્ટ વ્યસન મુક્ત ભારત નિર્માણને સહયોગ
૬. અધ્યયન : યોગ અને સ્વાસ્થ્ય વિષય અંતર્ગત માદક પદાર્થોના લતને કારણે થતા નુકશાનની ચર્ચા કરવી અને નાગરિકને જાગૃત કરવા.

**ઈનોવેશનની સમગ્ર પ્રક્રિયાનું વર્ણન :** વકતવ્ય, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, રેલી, અધિકારીની મુલાકાત.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન :** ચિત્ર સ્પર્ધા, રેલી, વકતવ્ય દ્વારા જ્ઞાન સમજ ઉપયોજન અને કૌશલ્યની ખીલવણી કરી. પરિવારના સભ્યો પાસે પ્રશ્નોત્તરી ભરવી ઈન્ટરવ્યુ દ્વારા અને વ્યક્તિગત મુલાકાત

**નવતર પ્રયોગનું પરિણામ :**

**: દિકરીઓ દ્વારા વ્યસન મુક્ત શાળા વિસ્તાર નિર્માણ તારણ :**

| વ્યસન સંબંધી સર્વે (બીડી, તમાકુ, ગુટખા, માવા, બજર | લાગુ પડતી વિગત | વ્યસનને કારણે પૂર્વ સ્થિતિ | વ્યસન મુક્ત/ઓછુ થતા પ્રાપ્તિ હકારાત્મક પરિવર્તન |
|---|---|---|---|
| આર્થિક સ્થિતિ આંકડાકીય તથા ટકાવારી માસિક ખર્ચ | માસિક ખર્ચ, આંકડાકીય અને ટકાવારી | ૬૧.૩00 | ૪૧.૩૫0<br>૬0% બચત |
| સામાજિક સ્થિતિ | પરિવારમાં મહત્વ, તિરસ્કાર, બાળકોના અભ્યાસમાં અંતમૂર્ખી સ્વભાવ | મહત્વ ઘટવું, તિરસ્કાર, અભ્યાસમાં નુકશાન, એકલતા | ૪0% સુધારો, ૩૫% સુધારો<br>૪0% સુધારો, ૪0% સામાજીકતા વધી |
| સ્વાસ્થ્ય સંબંધી માહિતી | પાચન સંબંધી માથાનો દુઃખાવો, નિરાશા, ચિંતા, ઢીલા થવુ અનિંદ્રા શક્તિમાં ઉણપ. | ઘટાડો | ૪0% સુધારો |
| કાર્યક્ષમતા પર અસર | માનસિક સ્થિતિ જીવનશૈલીમાં ફેરફાર કામગીરી પર અસર | અસ્વસ્થતા કાર્યક્ષમતામાં ઘટાડો | ૫0% વધારો, જીવનશૈલીમાં 30% સુધારો<br>કાર્યક્ષમતામાં ૪0% વધારો |
| સામાજીક સેવા કાર્યની સ્થિતિ | ઘાસચારા, ગરીબોને ધન, ખાદી, ખરીદી, ગૌશાળામાં ધન, શંકાણિક સાધનની ઉપલબ્ધિ જીવન જરુરીયાત વસ્તુઓની ઉપલબ્ધી | ઓછું સામાજીક કાર્ય થાય શૈક્ષણિક સાધનોનો અભાવ | ૫0% વધારો |
| પારિવારિક એકતા | આત્મીય, એકતા | આત્મીયતા ઘટવી | એકતામાં ૪0% વધારો |
| વિદ્યાર્થીની હાજરીની સ્થિતિ | જુન : ૫–૬–૨0૨૩ ની સ્થિતી | હાજરીમાં ઘટ (૫0%) | ૧00% હાજરી |
| વિદ્યાર્થીની ગુણવતા સુધારણા કાર્યક્રમ | જુન : ૫–૬–૨0૨૩ | ગેર હાજરી હોવી | ૬0% વધારો પરિણામાં |

**અધ્યયનનિષ્પત્તિ :** P-E1014 દ્વારા જીવન સંબંધી કૌશલ્યોનો ઉપયોગ કરી માદક સેવનથી સમાજ દૂર રહે અને અન્ય જવાબદારી વહન કરવાનો વ્યવહાર વ્યક્ત કરે.

**ઉપયોગીતા :** સામાજિક, શૈક્ષણિક અને સમગ્ર ભારતમાં વિકાસમાં ઉપયોગી

**નવતર પ્રયોગને લીધે હાલની વર્તમાન સ્થિતિ :**

૧. વિદ્યાર્થીઓના માર્કમાં 40, આર્થિક બચતમાં 60% તથા સામાજિક કાર્યમાં 50% વધારો.

૨. સ્વાસ્થ્ય અને પારિવારીક આત્મિયતામાં 40% સુધારો

૩. ખાદીખરીદી, ગૌશાળામાં દાન, શૈક્ષણિક સાધનો વિદ્યાર્થીઓને ઉપલબ્ધ, ગરીબોને દાન, ઘરવપરાશની ચીજવસ્તુની ખરીદી.







શ્રી આર્યકુળ કન્યા વિદ્યાલયમાં મિશન ભાવનગર અંતર્ગત

સ્વચ્છતા, વ્યસનમુક્તિ સહિત વૃક્ષ બચાઓ ત્રિવિધ કાર્યક્રમનું આયોજન થયું


ભાવેણા ન્યુઝ: શ્રી આર્યકુળ કન્યા વિદ્યાલય માં "મિશન ભાવનગર "અંતર્ગત સ્વચ્છતા, વ્યસનમુક્તિ, વૃક્ષ બચાઓ ત્રિવિધ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યુ . આ કાર્યક્રમમાં ભરત નગરથી ઝાંઝરિયા હનુમાનજી મહારાજ મંદિર સુધી રેલી નું આયોજન કરી હનુમાનજી ના સાનિધ્ય માં શપથ ગ્રહણ કરવામાં આવી . ત્યારબાદ સ્વચ્છતા અને વૃક્ષારોપણના કાર્યક્રમ શાળામાં કરવામાં આવ્યા.







**ઈનોવેશનનું નામ :** ગણિત વિજ્ઞાનની વિડીયો ગેમ્સ (શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો ઉપોગ)



**ઈનોવેટર/શિક્ષકનું નામ :** અર્પિતા એચ. ગોર **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**કલસ્ટર/ક્યુડીસી :** માનકુવા

**શાળાનું નામ :** ભારાસર પ્રાથમિક કન્યા શાળા **તાલુકો :** ભુજ

**મોબાઈલ નંબર :** 9712316112 **ઈમેલ :** arpitahgor1990@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :**

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત કયારથી કરવામાં આવેલ છે :** એપ્રિલ ૨૦૨૦ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :**

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :**

૧. પરંપરાગત શૈક્ષણિક પદ્ધતિ દ્વારા અધ્યાપનમાં વિદ્યાર્થીઓમાં જોવા મળતી નીરસતા

૨. ગણિત વિજ્ઞાન વિષયની સંકલ્પના સ્પષ્ટીકરણમાં જોવા મળતી તકલીફો.

૩. વિષયનું દ્રઢીકરણ માટેનો સમય ઓછો મળવો.

**હેતુઓ :**

૧. વિદ્યાર્થીઓને તેના રસરુચિ આધારિત અભ્યાસ કરે.

૨. સરળતાથી કઠીન નિષ્પત્તિ સિદ્ધ કરે.

૩. વધુ પ્રમાણમાં દ્રઢીકરણ કરવા મહાવરો મળે.


**અમલીકરણ :**

સૌ પ્રથમ ધોરણ ૬ થી ૮ ના ગણિત અને વિજ્ઞાન વિષયના અધ્યયન નિષ્પતિઓ આધારિત વિવિધ મુદ્દાઓ અલગ અલગ તારવવામાં આવ્યા. આ મુદ્દાઓ આધારિત વિવિધ વિડીયો ગેમ્સ બનાવવામાં આવી. ગણિત વિષય અંતર્ગત ધોરણ ૬ માં ૨૪, ધોરણ ૭ માં ૧૯ અને ધોરણ ૮ માં ૧૮ ગેમ્સ બનાવવામાં આવી હતી. આ વિડીયો ગેમ્સ શાળાના કુલ ધોરણ ૬ થી ૮ ના ૧૪૫ વિદ્યાર્થીઓને જે તે વિષય વસ્તુ આધારિત મુદ્દાના અભ્યાસક્રમના અંતે રમાડવામાં આવી. દરેક રમતનો એક એક QR CODE જનરેટ કરી પ્રકરણની શરૂઆતમાં વિદ્યાર્થીઓના પાઠ્યપુસ્તક પર લગાડવામાં આવ્યા. આ ગેમ્સનો લાભ રાજ્યના દરેક વિદ્યાર્થી લઈ શકે તે માટે દરેક ગેમ્સને બ્લોગમાં સાચવવામાં આવી.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :** નવતર પ્રયોગનું મૂલ્યાંકન લેખિત કસોટીના પરિણામો દ્વારા કરવામાં આવ્યુ.

**નવતર પ્રયોગનું પરિણામ :**

## શૈક્ષણિક રમતો



**ઉપયોગિતા :**

૧. ધોરણ ૬ થી ૮ ના ગણિત અને વિજ્ઞાન વિષયમાં નીરસતા દૂર કરવા

૨. આ માહિતી સાચવી શકાતી હોવાથી ધોરણ ૬ થી ૮ ના ગણિત અને વિજ્ઞાન વિષયનું મૂલ્યાંકન સરળ બનાવવા.

૩. આ જ રીતે અન્ય વિષયોની પણ ગેમ્સ બનાવી ઉપયોગ કરી શકાય.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

ધોરણ ૬ થી ૮ માટે વિજ્ઞાન અને ગણિત વિષયની થઈને કુલ ૧૨૧ ગેમ્સ તૈયાર થયેલ છે. હાલમાં ધોરણ ૬ વિજ્ઞાન પ્રથમ સત્ર આધારિત ઓફલાઈન ગેમ્સ બનાવેલ છે. જે હાલ શાળા પુરતી મર્યાદિત છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગ ઓનલાઈન હોવાથી માત્ર આપણા જિલ્લા સુધી નહિ પરંતુ સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓને માટે સુલભ થઈ રહ્યો છે. રાજ્યની આશરે ૧૩૦ થી વધુ શાળા એન ૫૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ આ રમતનો લાભ લીધેલ છે.

**નવતર પ્રયોગનો QR CODE :**

**ઈનોવેશનનું નામ :** Mind Enhancing Activities (સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ)



**ઈનોવેટર/શિક્ષકનું નામ :** છાયાબેન ડી. કાવર **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**કલસ્ટર/ક્યુડીસી :** પધ્ધર

**શાળાનું નામ :** શ્રી પધ્ધર પ્રાથમિક કન્યા શાળા **તાલુકો :** ભુજ

**મોબાઈલ નંબર :** 9586195263 **ઈમેલ :** chhaya.kavar10@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૨૨ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** કાર્યરત છે

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :**

વિદ્યાર્થીઓને ત્વરિત ઉત્તર આપતી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી જે તેઓ ચોક્કસ સમયમાં પૂર્ણ કરી શક્યા નહિ. આમ, વિદ્યાર્થીઓમાં સચેતતા તથા સતર્કતાનો અભાવ, એકાગ્રતાનો અભાવ, પ્રત્યુત્તર આપવામાં ધીમા અને નિર્ણય લેવાની ક્ષમતામાં કચાશ જોવા મળી.

**હેતુઓ :**

૧. વિદ્યાર્થીઓની એકાગ્રતા, મગજની કાર્યક્ષમતા, પ્રત્યુત્તર આપવાની ઝડપમાં વધારો થાય.

૨. વિદ્યાર્થીઓમાં સતર્કતા અને સચેતતા જેવા ગુણોનો વિકાસ થાય.

૩. વિદ્યાર્થીઓ LOGICAL THINKING કરતા થાય.

૪. સ્લો લર્નર વિદ્યાર્થીઓને વિશેષ ફાયદો થાય.

**અમલીકરણ :**


વિદ્યાર્થીઓના મગજના બંને ભાગની કાર્યક્ષમતામાં વધારો થાય તે માટે વિવિધ ૪૫ જેટલી Mind Enhancing Activities કરાવવામાં આવી. ટ્રેસિંગ લાઈન પર બંને હાથની આંગળીઓ ફેરવવી, બંને હાથ વડે લીટી દોરવી વગેરે જેવી એકસાથે બંને હાથનો ઉપયોગ થાય તેવી સરળ પ્રવૃત્તિઓ કરાવી તેમજ વિવિધ પ્રકારના માઈન્ડ યોગા કરાવ્યા. વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ વિવિધ ૪૦ જેટલી Logical Thinking વધારતી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી જેવી કે કોયડા અને પેટર્ન ઉકેલ, Crack The Code & Make The Word, Match the colour, Find similar shapes, What comes next આ પ્રવૃત્તિઓ ધોરણ ૧ ના ૨૯, ધોરણ ૨ ના ૨૧ વિદ્યાર્થીઓને રમત ગમતના તાસ દરમિયાન કરાવવામાં આવી. વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિને રમતનો એક ભાગ સમજીને રિશેષના સમય દરમિયાન પણ ઉત્સાહથી કરતા થયા.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :** આ પ્રયોગના અમલ પછી વિદ્યાર્થીઓને આપેલ પ્રવૃત્તિ ચોક્કસ સમય મર્યાદામાં પૂર્ણ કરવા કહેવામાં આવ્યુ. અને વિવિધ પ્રકારની લેખિત અને મૌખિક તાર્કિક કસોટી લેવામાં આવી.

**નવતર પ્રયોગનું પરિણામ :** આ નવતર પ્રયોગ ૫૦ વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યો હતો જેમાં ૭૪% સફળતા મળી.

નવતર પ્રયોગનું પરિણામ

| ક્રમ | પ્રવૃત્તિઓ | નવતર પ્રયોગ પહેલાની સ્થિતિ પ્રતિ (30 મિનિટ) | નવતર પ્રયોગ પછીની સ્થિતિ (30 મિનિટ) |
|---|---|---|---|
| 1 | ત્વરિત ઉત્તર | 8 થી 10 પ્રવૃત્તિઓ | 15 થી 20 પ્રવૃત્તિઓ |
| 2 | મગજના બન્ને ભાગની ક્ષમતા વધારતી પ્રવૃત્તિઓ | 3 થી 4 પ્રવૃત્તિઓ | 8 થી 10 પ્રવૃત્તિઓ |
| 3 | તાર્કિક વિચાર શક્તિ વધારતી પ્રવૃત્તિઓ | 4 થી 5 પ્રવૃત્તિઓ | 10 થી 12 પ્રવૃત્તિઓ |
| 4 | પેટર્ન અને પઝલ ઉકેલવા | 2 થી 3 | 6 થી 8 |
| 5 | સત્રાંત પરિક્ષાનું પરિણામ (50 ગુણથી વધુ) | 38% (વર્ષ 21-22) | 72% (વર્ષ 22-23) |



**ઉપયોગિતા :**

આ નવતર પ્રયોગ રાજ્યની કોઈપણ શાળામાં બાલવાટિકા અને ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને કરાવી શકાય છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

આ નવતર પ્રયોગ ઉપરોક્ત ૫૦ વિદ્યાર્થીઓ માટે કાર્યરત છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૩ થી બાલવાટિકાના ૨૦ વિદ્યાર્થીઓને ૩૫ જેટલી Mind Enhancing Activities અને Logical Thinking વધારતી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગ ભુજ તાલુકાની ૧૦ શાળાઓમાં અને નખત્રાણા તાલુકાની ૨ શાળામાં જુલાઈ ૨૦૨૩ થી કાર્યરત છે.

**નવતર પ્રયોગનો QR CODE :**



**ઈનોવેશનનું નામ :** કવિતા હોઠથી વાગી
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** પાદરાઈ વિરલભાઈ રમણીકલાલ **હોદ્દો :** મદદનીશ શિક્ષક
**કલસ્ટર/ક્યુડીસી :** લાખાપર
**શાળાનું નામ :** શ્રી મીઠા પસવારીયા પ્રાથમિક શાળા **તાલુકો :** અંજાર
**મોબાઈલ નંબર :** 9979331326 **ઈમેલ :** viralpadrai@gmail.com
**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત કયારથી કરવામાં આવેલ છે :** સપ્ટેમ્બર ૨૦૧૨
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** હાલ કાર્યરત છે.

**સમસ્યા ઉદ્ભવના કારણો :**

૧. બાળકો કવિતાનો રસાસ્વાદ માણતા નથી.
૨. બાળકોને કવિતા યાદ રહેતી નથી.
૩. બાળકો કવિતાઓ રાગમાં ગાતા નથી.

**હેતુઓ :**

૧. બાળકો કવિતાઓને રાગમાં ગાન કરી કવિતાનો રસાસ્વાદ માણી શકે.
૨. કવિતાઓ યાદ રાખી શકે.
૩. સંગીતના માધ્યમથી તેમની સંગીત પ્રત્યેની અભિરુચિ કેળવાય
૪. દરેક શાળા સુધી આ KARAOKE સાહિત્ય પહોંચે અને દરેક વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરે
૫. બાળકો ઘરે જાતે અભ્યાસ કરે.

**અમલીકરણ :**

કવિતાઓને સંગીત સાથે જોડી અને કવિતાના શબ્દો તેમાં મૂકી કવિતાનું KARAOKE સાહિત્ય તૈયાર કરવામાં આવ્યુ. તેનું ધોરણ ૧ થી ૫ ના ૫૬ બાળકો અને ધોરણ ૬ થી ૮ ના ૪૮ બાળકો સમક્ષઠ વર્ગખંડમાં નિદર્શન કરવામાં આવ્યુ. સાથી શિક્ષકમિત્રોને આ નવતર પ્રયોગની વાત કરી અને મેં એમને પણ ધોરણ ૧ થી ૮ ની ગુજરાતી અને હિન્દી વિષયની બધી જ કવિતાઓ અને સાથે પ્રાર્થના સંમેલનમાં ઉપયોગી એવી પ્રાર્થના, ધૂન, બાળગીતન ૩૦૦ થી વધુ KARAOKE સાહિત્ય તૈયાર કરીને આપ્યા. ત્યારબાદ Viral Padrai નામની youtube ચેનલ પર આ વિડીયો અપલોડ કર્યા અને અન્ય શાળાઓ સુધી આ સાહિત્ય પહોંચાડવામાં આવ્યું. તેમજ દરેક કવિતાઓના QR CODE બનાવી બાળકોના પાઠ્યપુસ્તકમાં મુકવામાં આવ્યા.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :** મૌખિક અને લેખિત મૂલ્યાંકન કરવામાં આવ્યુ. વાલીઓન પ્રતિભાવ લેવામાં આવ્યા.

**નવતર પ્રયોગનું પરિણામ :**

| ક્રમ | | પૂર્વેની સ્થિતિ | | | | પછીની સ્થિતિ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | | हिन्दी | | ગુજરાતી | | हिन्दी | |
| | | ગાતા | યાદ | गाता | याद | ગાતા | યાદ | गाता | याद |
| 1 | કવિતાનો રસાસ્વાદ | 10% | 10% | 10% | 10% | 100 % | 100 % | 100 % | 100% |
| 2 | ધોરણ 1 થી 5 | 20 % | 10 % | 15 % | 10% | 70 % | 65 % | 70% | 65% |
| 3 | ધોરણ 6 થી 8 | 20 % | 15% | 20% | 15% | 85 % | 80 % | 85 % | 80 % |

**ઉપયોગિતા :**

૧. જે લોકોએ સંગીતની કોઈપણ પ્રકારની તાલીમ ન લીધેલ હોય પરંતુ થોડુ શીખવા માંગતા હોય અને સંગીત વિશે જાણીને ગાવા, વગાડવા માંગતા હોય એમના માટે આ એક રેડીરેકનર સાબિત થઇ શકે છે.

૨. આ નવતર પ્રયોગ સમગ્ર રાજ્યની દરેક શાળાઓ માટે ઉપયોગી થઇ શકે તેમ છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :** હાલ આ પ્રયોગ કાર્યરત છે. નવા પાઠ્યપુસ્તકોની તમામ કવિતાઓનું MP3 નિર્માણ કરેલ છે. ધોરણ ૧ થી ૮ ના ગુજરાતી અને હિન્દી વિષયની તમામ કવિતાઓનું KARAOKE સાહિત્ય તૈયાર કરેલ છે. જેમાં પ્રાર્થના, ધૂન, બાળગીતનો સમાવેશ પણ કરેલ છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આસપાસની શાળા, અંજાર તાલુકાની શાળાઓ, કચ્છ જિલ્લાની અને રાજ્યની અનેક શાળાઓનો સારો પ્રતિભાવ મળેલ છે. લાખો લોકોએ તેનો અભ્યાસ કર્યો છે. તેમજ આ નવતર પ્રયોગ સમગ્ર રાજ્યની દરેક શાળાઓમાં વિસ્તારી શકાય તેમ છે.

**નવતર પ્રયોગનો QR CODE :**

**ઈનોવેશનનું નામ :** Find Out of area by magic of sheet (વિષય વસ્તુ પેડાગોજી આધારિત ગણિત)
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** ઝાલા ઋતુરાજસિંહ વનરાજસિંહ **હોદ્દો :** મદદનીશ શિક્ષક
**કલસ્ટર/ક્યુડીસી :** અંજાર
**શાળાનું નામ :** શ્રી કે.કે. એમ. એસ. ગર્લ્સ હાઈસ્કૂલ, અંજાર **તાલુકો :** અંજાર
**મોબાઈલ નંબર :** 9725230309 **ઈમેલ :** zalaruturajsinh2017i@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :**
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૧ થી
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :**

**સમસ્યા ઉદ્ભવના કારણો :**
૧. વિદ્યાર્થીઓ ગણિતમાં ભૌમિતિક દાખલાઓ સમજી શકતા નથી.
૨. વિદ્યાર્થીઓ ક્ષેત્રફળ સંબંધિત ખ્યાલો સમજવા કઠીન લાગે છે.
૩. વિદ્યાર્થીઓને ગણિતમાં ભૂમિતિ જેવા વિષયો ભારરૂપ લાગવા.

**હેતુઓ :**
૧. ભૌમિતિક આકારોના ખ્યાલની સમજ વિકસાવવી.
૨. ચોરસ અને વર્તુળ સંબંધિત ક્ષેત્રફળના દાખલાઓ સરળતાથી ગણી શકે.
૩. ભૂમિતિ પ્રત્યે રસરૂચી વધારવી.

**અમલીકરણ :**
૧. મારી સમસ્યાના સમાધાન માટે પ્રથમ ધોરણ 10 ના વિદ્યાર્થીઓને વર્ગ પ્રમાણે નિશ્ચિત 10 વિદ્યાર્થીની 5 સંખ્યાની ટુકડી બનાવી.
૨. ધોરણ 10A ના 10 વિદ્યાર્થીઓની 5 ટુકડીઓ બનાવી. તે જ રીતે ધોરણ 10B ના *10* વિદ્યાર્થીઓની 5 ટુકડીઓ બનાવી. આમ ધોરણ 10 ના તમામ 6 વર્ગનો સમાવેશ કરીને ટુકડીઓ બનાવી.
૩. તમામ વિદ્યાર્થીઓની ટુકડીઓને ભૌમિતિક આકારોના ખ્યાલની સમજ મોડેલના નિર્દશન દ્વારા કરાવવામાં આવી.
૪. ટુકડીઓ વચ્ચે ક્ષેત્રફળના સૂત્રોની અંતાક્ષરી અને પ્રશ્નોત્તરી આયોજન કરી સૂત્રો દ્રઢ બનાવ્યા.
૫. ટુકડીઓએ વિવિધ ચાર્ટ પેપર કટીંગના ભૌમિતિક આકારોના મોડેલનું નિર્માણ કર્યુ અને જેનો ઉપયોગ જે–તે એકમ શીખવતી વખતે તાસની શરૂઆતમાં પ્રવૃત્તિ દ્વારા મોડેલને સમજીને વર્ગકાર્ય કરવામાં આવ્યુ.
૬. કોઈ વસ્તુ સાંભળી હોય તેના કરતા જાતે નિર્માણ કરેલ વસ્તુ દ્વારા આત્મસાત અને જીવનપર્યત યાદ રહે છે. જેના ભાગરૂપે આ ટુકડીઓને ભૌમિતિક આકારોના મોડેલનું નિર્માણ કરવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**
૧. નવતર પ્રયોગના મૂલ્યાંકન માટે ક્ષેત્રફળ સંબંધિત દાખલાઓની કસોટી લેવામાં આવી.
૨. શાળાઓમાં અલગ અલગ વિદ્યાર્થીઓની ટીમો બનાવી ભૌમિતિક આકારોના ક્ષેત્રફળ માપનની સ્પર્ધાનું આયોજન કર્યુ.

**નવતર પ્રયોગનું પરિણામ :**

| વર્ષ | કુલ સંખ્યા | નવતર પ્રયોગની શરૂઆતની સ્થિતિએ વિદ્યાર્થીઓની સ્થિતિ (સંખ્યા અને ટકાવારી) | નવતર પ્રયોગની અમલવારી પછીની સ્થિતિએ વિદ્યાર્થીઓની સ્થિતિ (સંખ્યા અને ટકાવારી) |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૨૦ | ૨૧૦ ૬૫% | ૨૯૦ ૯૦% |
| ૨૦૨૨-૨૩ | ૨૯૦ | ૨૦૦ ૬૮% | ૨૭૫ ૯૪% |

૧. વિદ્યાર્થીઓની ભૌમિતિક આકારોના ક્ષેત્રફળ સમજી પ્રત્યક્ષ આકારો જોઇને શીખી શકતા થયા.
૨. વિદ્યાર્થીઓની વિચાર કરવાની અને તર્ક શક્તિનો વિકાસ થયો.
૩. વિદ્યાર્થીઓને ભૌમિતિક મૉડેલોથી શિક્ષણ સાતત્યપૂર્ણ અને રસપ્રદ બન્યુ.
૪. વિદ્યાર્થીઓને ભૌમિતિક મૉડેલોના ઉપયોગ કરી એકાગ્ર બની શિક્ષણ મેળવતો થયો.

**ઉપયોગિતા :**

૧. જે શાળામાં ગણિત વિષયમાં ભૌમિતિક ક્ષેત્રફળની કચાશ જણાય ત્યાં આ પ્રયોગ ઉપયોગી છે.
૨. ધોરણ ૯ અને ૧૦ માં ભૌમિતિક પ્રકરણમાં આ પ્રકારનું શિક્ષણ કાર્ય ઉપયોગી છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

ધોરણ ૧૦ ના ભૌમિતિક વિવિધ આકારના ક્ષેત્રફળ પુરતો મર્યાદિત છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

આ નવતર પ્રયોગનું અમલીકરણ અમારી SVS ની બે શાળાઓમાં પ્રાયોગિક ધોરણે અમલીકરણ કરવામાં આવેલ છે.

**નવતર પ્રયોગનો QR CODE :**

**ઈનોવેશનનું નામ :** વાણિજ્યના ગીતો

**ઈનોવેટર/શિક્ષકનું નામ :** શ્રીમતિ સ્વાતિબેન એસ. ત્રિવેદી **હોદ્દો :** મદદનીશ શિક્ષક

**કલસ્ટર/ક્યુડીસી :** ભુજ–૩

**શાળાનું નામ :** શ્રી માતૃછાયા કન્યાવિદ્યાલય, ભુજ–કચ્છ **તાલુકો :** ભુજ

**મોબાઈલ નંબર :** 9726358585 **ઈમેલ :** swativtrivedi24i@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** ૧. વિષયવસ્તુ પેડાગોજી આધારિત ૨. શૈ. મૂલ્યાંકન ૩. ટેકનોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જૂન ૨૦૨૨–૨૦૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ચાલુ છે.

**સમસ્યા ઉદ્ભવના કારણો :**

૧. વિદ્યાર્થીઓમાં વાણિજ્ય વિષયમાં જોવા મળતી અરુચિ
૨. વિદ્યાર્થીઓને વાણિજ્ય વિષયના વાંચનમાં આવતો કંટાળો
૩. વાણિજ્ય વિષયની પરીક્ષા સમયે પરીક્ષાખંડમાં વિદ્યાર્થીઓને એક પ્રશ્નના જવાબ બીજા પ્રશ્નમાં લખાઈ જવુ.
૪. વાણિજ્ય વિષયનું પરિણામ નબળુ આવવું.

**હેતુઓ :**


૧. વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયને વિદ્યાર્થીઓનો પસંદગીનો વિષય બનાવવો.
૨. વાણિજ્ય વિષયમાં રસ રુચિ વધારવી.
૩. વાણિજ્ય વિષયની પરીક્ષા સમયે પરીક્ષાખંડમાં વિદ્યાર્થીઓને એક પ્રશ્નના જવાબ બીજા પ્રશ્નમાં લખાઈ ન જાય તે માટે તૈયાર કરવા.
૪. વાણિજ્યનું પરિણામ ઉંચુ લાવવુ.

**અમલીકરણ :**

૧. ધોરણ ૧૧ ના વાણિજ્ય વિષયના વિવિધ એકમ અને મુદ્દાઓ આધારિત ૫૦ ગીતોની રચના કરવામાં આવી.
૨. વાણિજ્યની સંકલ્પનાઓને વિદ્યાર્થીઓ અને શિક્ષક દ્વારા ગીત સ્વરૂપે રચવામાં આવ્યા.
૩. વાણિજ્યના રચાયેલા ગીતોનું રેકોર્ડીંગ કરવામાં આવ્યું.
૪. ધોરણ ૧૧ ના ૧૨૦ વિદ્યાર્થીઓ વાણિજ્યના ગીતોનું પુનરાવર્તન સરળતાથી કરી શકે તે માટે પ્રકરણની શરૂઆતમાં જ તેનો QR CODE પાઠ્યપુસ્તકમાં લગાવવામાં આવ્યા.
૫. શાળા સમયપત્રક મુજબ વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલનના તાસની છેલ્લી પાંચ મિનીટ વાણિજ્યના ગીતો ગવડાવ્યા.
૬. વાણિજ્યના ગીતોને યુટયુબના ચેનલ પર મુકવામાં આવ્યા જેથી તમામ વિદ્યાર્થીઓ પણ તેનો લાભ લઈ શકે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :** વિદ્યાર્થીઓનું મૌખિક તથા લેખિત કસોટીઓ દ્વારા મૂલ્યાંકન કાર્ય કરવામાં આવ્યુ.

**નવતર પ્રયોગનું પરિણામ :** ધોરણ ૧૧ ના ૧૨૦ વિદ્યાર્થીઓનું પરિણામ નીચે મુજબ છે.



**ઉપયોગિતા :**

૧. આ પ્રકારના પ્રયોગ બીજા સૈદ્ધાંતિક વિષયમાં પણ કરી શકાય છે. જેમ કે અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર વગેરે.

૨. કોઈપણ રાજ્ય કે જિલ્લો આ રીતે ગીતો તૈયાર કરી વિષયને રસપ્રદ બનાવી શકે છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

ધોરણ ૧૧ માં વાણિજ્યના ગીતોની સંખ્યા વધીને ૬૦ થયેલ છે. તેમજ ધોરણ ૧૨ ના વાણિજ્યના ૬૩ ગીતો તૈયાર કરેલ છે.

**નવતર પ્રયોગનું વિસ્તૃતિકરણ :**

૧. હાલમાં આ પ્રયોગના વિડીયો રાજ્યની વિવિધ શાળાઓ સુધી પહોંચાડવામાં આવ્યા છે.

૨. રાજકોટ–૧, આણંદ–૧ અને વિસનગર–૧ ની શાળામાંથી હકારાત્મક પ્રતિભાવો મળ્યા છે.
વિદ્યાર્થીઓ દ્વારા સોશિયલ મિડીયા પર વાણિજ્યના ગીતોની પોસ્ટ વહેતી થયેલ છે.

**નવતર પ્રયોગનો QR CODE :**

**ધોરણ 11**

**ઈનોવેશનનું નામ :** બાલવાટિકા–રમકડા આધારિત શિક્ષણ
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** મુકેશકુમાર ભગવાનભાઈ પઢિયાર **હોદ્દો :** મદદનીશ શિક્ષક
**કલસ્ટર/ક્યુડીસી :** ખાંભડા
**શાળાનું નામ :** શ્રી રેફડા પ્રાથમિક શાળા **તાલુકો :** બરવાળા
**મોબાઈલ નંબર :** 9601288601 **ઈમેલ :** mbpadhiyar20912@gmail.com
**નવતર પ્રયોગની કેટેગરી :** સાંપ્રત વિષયો (FLN, NEP, NIPUN BHARQAT MISSION)
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત કયારથી કરવામાં આવેલ છે :** જૂન ૨૦૨૩
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ચાલુ છે.



**સમસ્યા ઉદ્‌ભવના કારણો :**

૧. બાલવાટીકાના બાળકોમાં જ્ઞાન સ્તરમાંનહીવત વધારો
૨. શોધવૃત્તિની પહેલનો અભાવ
૩. જીજ્ઞાસા, સમાધાન માટે શક્તિનો અભાવ
૪. જાતે શીખવાની પહેલમાં ઓછો રસ
૫. પોતાની શીખવાની બાબતોને પૂર્વ જ્ઞાન સાથે જોડવાનો અભાવ
૬. શીખવાના સિદ્ધાંતને વ્યક્તિ કે જૂથમાં જણાવવામાં નિરૂત્સાહી
૭. બાળકોના વર્તનમાં નહીવત્ ફેરફાર

**હેતુઓ :**

૧. બાળકોના જ્ઞાન સ્તરમાં વધારો થાય
૨. શોધવૃત્તિની પહેલ થાય
૩. જીજ્ઞાસા, સમાધાન માટે જાતે તૈયાર થાય
૪. તર્ક અને કલ્પના શક્તિ દૃઢ થાય
૫. જાતે શિખવાની પહેલ કરે
૬. પોતાની શીખવાની બાબતોને પૂર્વ જ્ઞાન સાથે જોડે
૭. શીખવવાના સિદ્ધાંતને વ્યક્તિ કે જૂથમાં જણાવવામાં ઉત્સાહ દાખવે
૮. બાળકોના અપેક્ષિત વર્તન ફેરફાર થાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન :**

૧. બાલવાટિકાના બાળકોમાં જ્ઞાન સ્તરમાં વધારો થાય એ માટે ૪૫૦ થી વધુ બહુહેતુક રમકડા બનાવ્યા.
૨. સર્જન શક્તિ અને કલ્પના શક્તિના વિકાસ માટે MDF બોર્ડની વિવિધ ૪૫ થી વધુ શૈક્ષણિક રમકડા બનાવ્યા.
૩. બાળકોમાં નિર્ણયશક્તિ અને સંકલન કૌશલ્ના વિકાસ માટે ૬૪થી વધુ માઈન્ડ ગેમ બનાવી.
૪. સંખ્યાજ્ઞાનમાં વધારો થાય એ માટે વિવિધ પેટર્ન, પઝલ, ચક્રો, ફ્લેશકાર્ડ વગેરે બનાવ્યા.
૫. ૩૫૦ થી વધુ ચિત્રો, મૂળાક્ષર, અંકો અને પ્રોત્સાહતિ કરવા રબ્બર સ્ટેપ બનાવ્યા.
૬. લેખન પૂર્વે અને વાંચન પૂર્વેની પ્રવૃત્તિઓ માટે તત્પરતા વધારતા ૬૪ થી વધુ રમકડા બનાવ્યા.
૭. બાળકોના વ્યક્તિગત અને જૂથ કાર્ય ખીલવવાની માટે ૭૦ થી વધુ રમતોનું આયોજન.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન :**

૧. બાલવાટિકાના બાળકોને વિવિધ રમતો દ્વારા તેમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.
૨. માઈન્ડ ગેમ અને વિવિધ પઝલ દ્વારા તેમનું મૂલ્યાંકન કરવામાંઆવ્યુ. વર્ક બુકમાં લેખન માટેની વિવિધ પ્રવૃત્તિઓના આધારે મૂલ્યાંકન કર્યુ.
૩. MDF BORD વિવિધ રમતો દ્વારા

**નવતર પ્રયોગનું પરિણામ :**

૧. ૯૪% બાળકોના જ્ઞાન સ્તરમાં વધારો થયો.
૨. ૭૨% બાળકો શોધવૃત્તિની પહેલ કરતા થયા.
૩. ૮૬% બાળકો જીજ્ઞાસા, સમાધાન માટે જાતે તૈયાર થયા.
૪. ૮૮% બાળકો તર્ક અને કલ્પના શક્તિ દૃઢ થયા.
૫. ૬૯% બાળકો જાતે શીખવાની પહેલ કરતા થયા.

૬. ૮૪% બાળકો પોતાની શીખવાની બાબતોને પૂર્વ જ્ઞાન સાથે જોડતા થયા.
૭. ૮૧% બાળકો શીખવાના સિદ્ધાંતને વ્યક્તિ કે જૂથમાં જણાવવામાં ઉત્સાહ દાખવતા થયા.
૮. ૯૨% બાળકોમાં અપેક્ષિત વર્તન ફેરફાર થયા.

**ઉપયોગિતા :**

બાલવાટિકાના બાકોમાં L.O. NI અસરકારકતા માટે ઉપયોગી

| વિકાસાત્મક ધ્યેય | મુખ્ય ક્ષમતાઓ | L.O. |
|---|---|---|
| H.W | -સ્વ –જાગૃતિ<br>-સ્વ –નિયમન<br>-નિર્ણય શક્તિ અને સમસ્યા ઉકેલ<br>-શારીરિક હલન ચલન અને -ગતિવિધિમાં સંતુલન ...<br>-તાલમેલ કૌશલ્ય<br>-વ્યક્તિગત અને સામુહિક રમતો માં ભાગીદારી | 3.2<br>3.4<br>3.8<br>3.10<br>3.16<br>3.18a<br>3.18b<br>3.18c |
| E.C. | -શબ્દ ભંડોળ નો વિકાસ<br>-સંવાદ અને વાતચીત નું કૌશલ્ય<br>-પુસ્તકો સાથે જોડાણ | 3.1a<br>3.5a<br>3.5b<br>3.6 b |
| I.L | -સંખ્ય જ્ઞાન<br>-બોધાત્મક કૌશલ્ય<br>-ગાણિતિક ક્રિયાઓ | 3.3<br>3.9<br>3.10<br>3.11<br>3.12<br>3.15<br>3.21<br>3.22 |

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

૧. આ ઇનોવેશન શાળામાં કાર્યરત છે.
૨. આ ઇનોવેશન થકી બાલવાટિકા ૯૨%

**ફોટોગ્રાફ / વિડીયો લિંક / ક્યુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો :**

**ફેસબુક પેજ :**

https://www.facebook.com/Tlm-નો-જાદુ-110423110751182/

**યુટયુબ લિંક :**

https://youtu.be/hz_s1f7EVIU?si=-YWczzT2CGvOynKE








**ઈનોવેશનનું નામ :** નિપુણ પ્રાર્થના કાર્યક્રમ પોથી
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** ડૉ. આનંદ મહેશભાઈ ગઢવી **હોદ્દો :** મદદનીશ શિક્ષક
**કલસ્ટર/ક્યુડીસી :** નાગલપર
**શાળાનું નામ :** શ્રી તુરખા કે. વ. શાળા **તાલુકો :** બરવાળા
**મોબાઈલ નંબર :** 7585089689 **ઈમેલ :** anandgadhvi64@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :**
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦-૬-૨૦૨૩ થી
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** હાલમાં પ્રયોગ ચાલુ છે.

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :**

૧. પ્રાર્થના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની નિરુત્સાહ ભાગીદારી.
૨. પ્રાર્થના કાર્યક્રમમાં ધોરણ ૬ થી ૮ ના વૈવિધ્યસભર રજૂઆતનો અભાવ.
૩. સાંસ્કૃતિક સમિતિ દ્વારા વિવિધ સ્પર્ધાઓ માટે ધોરણ ૬ થી ૮ ના યોગ્ય સ્પર્ધકોના ચયન બાબતે સમયનો વ્યય.
૪. ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓ પ્રાર્થના કાર્યક્રમમાં સર્વાંગી રીતે ન ખીલવાને લીધે.
૫. વિવિધ સ્પર્ધાઓ બાબતે ધોરણ ૬ થી ૮ ના પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓની અંતર્મૂખિતા.

**હેતુઓ :**

૧. પ્રાર્થના કાર્યક્રમમાં ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓની સહભાગિતા વધે.
૨. પ્રાર્થના કાર્યક્રમમાં ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓની વૈવિધ્યસભર હેતુયુક્ત રજૂઆત વધે.
૩. ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓ પ્રાર્થના કાર્યક્રમમાં સર્વાંગી રીતે ખીલે.
૪. આ ઉપરાંત પત્રક-B ના નીચે મુજબના હેતુઓ આ નવતર પ્રયોગમાં શામેલ છે.
૧. પત્રક-B ક્ષેત્ર : 1.2 : પ્રાર્થના સંમેલનમાં નિયમિત સામેલ થાય છે.
૨. પત્રક-B ક્ષેત્ર : 1.6 : કોઈપણ કાર્ય કરવામાં તત્પરતા દાખવે છે.
૩. પત્રક-B ક્ષેત્ર : 3.17 : મૌલિક વાર્તકથન / વકતવ્ય.
૪. પત્રક-B ક્ષેત્ર : 3.19 : ગાન/વાદન/અભિનય/બાળગીત વગેરે
૫. પત્રક-B ક્ષેત્ર : 3.20 : નાટ્ય/નૃત્ય/વેશભૂષા/અભિનય
૬. પત્રક-B ક્ષેત્ર : 3.21 : ચિત્રમાં રેખાંકન સ્પષ્ટ અને સુંદર કરે છે.
૭. પત્રક-B ક્ષેત્ર : 3.22 : ચિત્રમાં રંગપૂરણી સારી રીતે કરે છે.
૮. પત્રક-B ક્ષેત્ર : 3.24 થી 3.27 : શારીરિક શિક્ષણ અને યોગ.
૯. પત્રક-B ક્ષેત્ર : 3.29 : ઉત્સવ ઉજવણી.
૧૦. પત્રક-B ક્ષેત્ર : 3.30 : વિશેષ દિન ઉજવણી.
૧૧. પત્રક-B ક્ષેત્ર : 4.34 : વિવિધ સ્પર્ધાઓ.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન :**

૧. ધોરણ ૬ થી ૮ ના પ્રાર્થના કાર્યક્રમની પ્રસ્તુતિની રોજેરોજની વિગત મેળવી
૨. ત્યારબાદ પ્રત્યક્ષ પદ્ધતિથી જ્ઞાનાત્મક હેતુ, સમજહેતુ, કલા કૌશલ્ય હેતુ, સર્જનાત્મક હેતુ, શારીરિક શિક્ષણ હેતુ, અર્થગ્રહણ હેતુ અને ઉપયોજન હેતુને સાર્થક કરતી સ્વનિર્મિત 'નિપુણ પ્રાર્થના પોથી' ના પત્રક આધારિત રજીસ્ટરનું નિર્માણ કર્યુ.
૩. સાંસ્કૃતિક સમિતિના સભ્ય બાળકોને વિવિધ સ્પર્ધા માટે આ પત્રકને આધારે બાળ સ્પર્ધકો ચયનીત કરવાનું કામ સોંપ્યુ.
૪. વિદ્યાર્થીઅની વૈયક્તિક ભિન્નતા, વિવિધ હેતુલક્ષી રુચિ આધારિત ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને માર્ગદર્શનની જરૂર પડે તે માટે
. ઉદાહરણ, સર્જનાત્મક લેખન વડે રજૂઆત તૈયાર કરી આપી તેમજ આત્મનિર્ભર બનીને પોતાની મૌલિક રજૂઆત કરી શકે તે માટે ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યુ.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન :**

૧. દર અઠવાડિયે 'નિપુણ પ્રાર્થના કાર્યક્રમ પોથી' નું રજીસ્ટર તપાસ્યુ અને સાંસ્કૃતિક સમિતિના ચયનીત વિદ્યાર્થીઓની હાજરીમાં સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યુ.
૨. આ સમીક્ષા બેઠકમાં પહેલા હકારાત્મક અને નકારાત્મક બાબતોની ચર્ચા થઇ અને સહભાગિતા કઇ રીતે વધે તે વિશે ચિંતન અને એકશન પ્લાન ઘડવામાં આવ્યો.
૩. દરેક પ્રવૃત્તિની નિભાવેલ ફાઈલમાં માહિતી, ઉદાહરણ અને સંદર્ભ સાહિત્યના સ્વનિર્માણ થકી રસ ધરાવતા છાત્રોને વિવિધ પ્રસ્તુતિની પ્રાથમિક પરિપાટી નિર્મિત કરી આપી.
૪. 'નિપુણ પ્રાર્થના કાર્યક્રમ પોથી' ના નિર્માણ થકી સરકારશ્રીની પ્રવર્તમાન યોજના 'નિપુણ ભારત' ના હેતુઓ સાર્થક થતા જણાયા.
૫. 'નિપુણ પ્રાર્થના કાર્યક્રમ પોથી' ના રજીસ્ટરને આધારે વિવિધ સાત હેતુઓ અને હેતુઓ આધારિત પ્રવૃત્તિઓમાં નિશ્ચિત વિદ્યાર્થીઓની સહભાગિતા વિષેનો સ્પષ્ટ કયાસ નિકળ્યો.

**નવતર પ્રયોગનું પરિણામ :**

૧. કલા ઉત્સવ કલસ્ટર કક્ષા કાવ્ય લેખન/પઠન દ્વિતીય વાળા અક્ષરાબેન પી. (ધોરણ ૮/અ)
૨. નિપુણ ભારત ચિત્રકામ સ્પર્ધા કલસ્ટર કક્ષા દ્વિતિય પરમાર નિરાલીબેન પી. (ધોરણ ૭/ક)
૩. આ ઉપરાંત નીચેના કોષ્ટકમાં ટકાવારી આપી છે જે વિદ્યાર્થીઓની પ્રાર્થના કાર્યક્રમમાં સહભાગિતા તેમજ વૈવિધ્યતાસભર રજૂઆતની પૂર્વ અને પશ્ચાત સ્થિતિ દર્શાવે છે.

| ક્રમ | માસ | પૂર્વેની સહભાગિતા અને વૈવિધ્યતાસભર રજૂઆત | પછીની સહભાગિતા વૈવિધ્યતાસભર રજૂઆત |
|---|---|---|---|
| 1 | જૂન | 25% | 30% |
| 2 | જુલાઈ | 30% | 35% |
| 3 | ઓગસ્ટ | 35% | 40% |
| 4 | સપ્ટેમ્બર | 40% | 43% |

**ઉપયોગિતા :**

૧. આ નવતર પ્રયોગ ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ વૈવિધ્યસભર અને સપ્ત હેતુલક્ષી રજૂઆત અન્વયે ઉપયોગી નીવડશે.
૨. આ નવતર પ્રયોગ ધોરણ ૬ થી ૮ ના પ્રાર્થના કાર્યક્રમના શ્રોતા વિદ્યાર્થીઓને વિવિધતા માણતા શિખવશે જેથી ભવિષ્યની એક ઉત્તમ શ્રોતા પેઢી નિર્મિત થશે અને તેમાના સુષુપ્ત રસ જાગૃત્ત કરીને રજૂઆત કરવા પ્રેરવા ઉપયોગી થશે.
૩. આ નવતર પ્રયોગ ગુજરાત રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં ઉપયોગી થશે. કારણ કે,
(૧) પ્રાર્થના કાર્યક્રમ દરેક સરકારી પ્રાથમિક શાળાઓમાં યોજાય છે.
(૨) 'નિપુણ ભારત' ના હેતુઓ સાર્થક થાય છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

૧. વર્તમાન સમયે નવતર પ્રયોગ શરૂ હોયને આ પ્રયોગમાં 40% જેટલી સફળતા પ્રાપ્ત થઇ છે.

૨. ભવિષ્યની યોજના તરીકે વિવિધ હેતુઓ આધારિત વિવિધ રજૂઆત કરી શકે તેવા ધોરણ ૬ થી ૮ ના મહત્તમ વિદ્યાર્થીઓને સાંકળીને, જવાબદારી સોંપીને ભાગ લેવા ઇચ્છુક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકે તેમજ અન્યોની સહભાગિતા વધારી શકે તેટલા આત્મનિર્ભર બનાવવા છે.

**ફોટોગ્રાફ / વિડીયો લિંક / ક્યુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો :**

**યુટયુબ પ્લે લિસ્ટ લિંક :** https://youtube.com/@anandgadhavi7797?si=gMGvByh7EVc2Def2

**પ્રાર્થના કાર્યક્રમમાં :**

૧. દિન વિશેષ ઉજવણી

૨. વાદન અભિયોગ્યતા સ્પર્ધા

૩. ચિત્ર નિદર્શન

૪. બાલમેળો



૧. કલા ઉત્સવ કલ્સટર કક્ષા ચિત્ર નિદર્શન દ્વિતિય ક્રમે વિજેતા પરમાર નિરાલી પ્રવિણભાઇ 7/ક

૨. નિપુણ ભારત ચિત્રકામ સ્પર્ધા કલ્સટર કક્ષા સ્વરચિત કાવ્યપઠન દ્વિતિય ક્રમે વિજેતા વાળા અક્ષરા પ્રતાપભાઇ 8/અ

૩. વેશભૂષા સ્પર્ધાની ઝલક અને વાદન સ્પર્ધા વિજેતાઓને સર્ટિફીકેટ વિતરણ

**ઈનોવેશનનું નામ :** સાહિત્ય તરફ વળાંક
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** મકવાણા વિપુલભાઈ નરશીભાઈ **હોદ્દો :** મદદનીશ શિક્ષક
**કલસ્ટર/ક્યુડીસી :** બ્રાંચ 7, ગઢડા
**શાળાનું નામ :** શ્રી હરિપર પ્રાથમિક શાળા, જિ.બોટાદ **તાલુકો :** ગઢડા
**મોબાઈલ નંબર :** 9737381279 **ઈમેલ :** vipul12667@gmail.com
**નવતર પ્રયોગની કેટેગરી :** ૧.સાંપ્રત વિષયો
૨. સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ ૩.સમાવેશી શિક્ષણ
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૧૯ થી
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** વર્ષ ૨૦૩૦



**સમસ્યા ઉદ્દ્ભવના કારણો :**

આપણે ત્યાં એક કહેવત છે કે, જેવી મા તેવી દીકરી. એવી જ રીતે જેવો શિક્ષક તેવા વિદ્યાર્થીઓ. કોઈપણ શિક્ષક તેના સ્વભાવ મુજબ વિદ્યાર્થીઓને ઘડવાના પ્રયત્નો કરતો હોય છે. હું સાહિત્યમાં રસ ધરાવુ છું. એટલે મારી એવી સમજ છે કે જેને સાહિત્યમાં રુચિ હોય તેનું વાંચન વધારે હોય. જે વધારે વાંચે તે વિકસે અને વિસ્તરે. બાળકો પોતાની રીતે વાચતા થાય. નવા નવા વિચારો સુધી પહોંચે અને વિકસે તે માટે મે તેમને સાહિત્ય તરફ વાળવાની શરૂઆત કરી પણ તેમનામાં સાહિત્યક સમજનો અભાવ હતો. તેમનું શબ્દભંડોળ ખૂબ ઓછુ હતું. બાળકોમાં વાંચન પ્રત્યે અરુચિ જોવા મળી. મોટાભાગના બાળકો સ્ટેજ પર પર્ફોમસ કરતી વખતે ગભરાતા હતા. હવે આવી સ્થિતિમાં એવુ શું કરુ કે બાળકો શબ્દભંડોળની સાથે તેનુ વાંચન વધે તેમજ સાહિત્યક સમજ ધરાવતા થાય. મને ઉદભવેલા આ પ્રશ્નમાંથી જ મારા આ સાહિત્ય તરફ વળાંક નામના નવતર પ્રયોગની શરૂઆત થઈ.

**હેતુઓ :**

૧. બાળકોમાં સાહિત્યક સમજ વિકસે
૨. બાળકો સ્વરચિત રચનાઓ કરતા શીખે.
૩. પાઠયપુસ્તક સિવાયના પુસ્તકો વાચતા થાય.
૪. બાળકોનું શબ્દભંડોળ વધે.
૫. બાળકો વસ્તુ અને સ્થિતિનું વર્ણન કરતા શીખે.
૬. બાળકોમાં સ્ટેજ પાવર વિકસે
૭. બાળકોની કલ્પનાશક્તિનો વિકાસ કરવો.
૮. બાળકો વર્ણનાત્મક પ્રશ્નોના જવાબ વિસ્તારથી લખતા થાય.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન :**

સૌ પ્રથમ ધોરણ ૬ થી ૮ ના બાળકોને લાયબ્રેરીમાંથી સારા સારા વાર્તાના પુસ્તકો વાચવા આપ્યા. અઠવાડિયા પછી તેમની પાસે તેમણે વાચેલી વાર્તાઓનું કથન કરાવવામાં આવ્યુ. સારી વાર્તા કહેનારા બાળકોની સરાહના કરી. તેનાથી બીજી વખતે અન્ય બાળકોમાં પણ સ્પર્ધા જોવા મળી. પોતે પણ કલાસમાં સારી વાર્તા રજૂ કરે તે હેતુથી બાળકો રસપૂર્વક પુસ્તક વાંચવા લાગ્યા. દર પંદર દિવસે બાળકોને પુસ્તકાલયમાંથી પુસ્તક મળી રહે તે હેતુથી શાળામાં પુસ્તકાલય ખાતુ ઉભુ કરવામાં આવ્યુ. તેમાં ચૂંટણી પ્રક્રિયા વડે મંત્રીની નિમણુંક કરવામાં આવી. તેની નીચે ધોરણ ૩ થી ૮ માં એક એક સહાયક્ની નિમણુંક કરી. ત્યારબાદ ધોરણ ૬ થી ૮ ના બાળકો પાસે સ્વરચિત વાર્તાઓ લખાવવાનો મે વિચાર કર્યો. તમામ બાળકોને કહ્યું કે, તમારે દરેકે પોતાની એક સ્વરચિત વાર્તા લખીને લાવવાની છે. કોઈએ કયાયથી કોપી કરીને આવવાનું નથી. તમારી પોતાની જ હોવી જોઈએ. બીજા દિવસે ૪૦% બાળકો વાર્તા લખીને લાવ્યા. પણ કોપી કરીને. કોઈકે સાંભળેલી કે યુટ્યુબમાંથી સાંભળીને લખીને લાવ્યુ. તો કોઈક પુસ્તક માંથી ઉતારીને. મે પછી તેમને વાર્તા કેવી રીતે લખવી અને પોતાની સ્વરચિત નવા વિષય પર વાર્તાઓ લખવા સમજાવ્યા. પંદર દિવસ પછી ફરીથી વાર્તા લખી

લાવવા કહ્યુ. આ વખતે ૬૦% બાળકો વાર્તાઓ લખી લાવ્યા પણ તેમાંથી ૧૦% બાળકોએ જ સ્વરચિત વાર્તા લખવાનો પ્રયત્ન કર્યો. તેમા પણ મોટાભાગનાએ કોઈક ઘટનાનું વર્ણન જ કરેલુ હતું. તેમાંથી એક બે રચના મને સહેજ ગમી. તેમને શાબાશી આપી પ્રોત્સાહિત કર્યા. બુલેટીન બોર્ડ પર બાળભાસ્કરમાં આવતી વિવિધ બાળવાર્તાઓ લગાવવાનું શરૂ કર્યુ. જેનાથી બાળકો તેને વાંચે અને તેમને લખવાનો થોડોક ખ્યાલ આવે. ત્યારબાદ મે એક પ્રોજેક્ટ સોમવાર બાળસર્જકો કે સંગ નામે શરૂ કર્યો. જેમાં દર શનિવારે બાળકોને વિવિધ વિષયો પર કવિતા કે વાર્તા લખવાનો ટાસ્ક સોંપવામાં આવતો. જેમા બાળકોને પોતાની રચના સોમવારે લખીને લાવતા. તેમાથી થોડીક સારી હોય તેમને બુલેટિન બોર્ડ, ફેસબુક તેમજ વોટસએપ સ્ટેટસ પર મુકી બાળકો તેમજ વાલીઓ સુધી પહોંચાડી. જેનાથી બાળકો અને વાલીઓ પ્રોત્સાહિત થાય. સમય મળે ત્યારે બાળકોની સ્વરચિત રચનાઓને પ્રાર્થના કાર્યક્રમમાં રજૂ કરવામાં આવે છે. કયારેક બાળ કાવ્ય ગોષ્ઠી પણ કરવામાં આવે છે. તેનાથી ઘણો સુધારો જોવા મળ્યો. બાળકો પુસ્તકો વાંચી તેમાંથી અર્થગ્રહણ કરે તે હેતુથી તેમની પાસે પુસ્તક સમીક્ષા કરાવવાની શરૂઆત કરી. ધીમે ધીમે સમયાંતરે તેમની પાસે પુસ્તક પરિચય કરાવવાની શરૂઆત કરી. કલાસમાં બાળકો પાસે પુસ્તક પરિચય કરાવવામાં આવ્યો. જેનાથી બાળકો વિવિધ પુસ્તકોથી પરિચિત થાય. તેનાથી બાળકોના શબ્દભંડોળમાં અને પુસ્તકોની સમજમાં વધારો થયો. રિશેષ દરમ્યાન હું શાળાના કેમ્પસમાં નાના નાના બાળકો પાસે બેસીને વિવિધ પ્રશ્નો પુછી તેમનું શબ્દભંડોળ તેમજ તેમના મનની ફળદ્રુપતા જાણવાનો પ્રયત્ન કરતો. તેમાંથી ટેલેન્ટેડ બાળકો પાસે પ્રાર્થના કાર્યક્રમમાં વિવિધ પ્રવૃતિ કરાવવામાં આવતી. જેનાથી નાના બાળકોમાં પણ ઉત્સાહ જોવા મળતો. ધોરણ ૧ થી ૫ ના બાળકો સામેથી પૂછ્વા લાગ્યા. સાહેબ મારે પ્રાર્થનામાં આ રજૂ કરવુ છે. તેમને પણ સમય મર્યાદામાં તેમની વાત રજૂ કરવાની તક આપવામાં આવી. જેનાથી નાના બાળકોમાં પણ સ્ટેજફીયર દૂર થયો. ધોરણ ૬ થી ૮ ના બાળકોને વિવિધ નિબંધ લેખન, વકૃત્વસ્પર્ધા, વાર્તાલેખન તેમજ ચિત્ર સ્પર્ધા જેવી સ્પર્ધાઓ માટે પ્રાત્સાહિત કરવામાં આવ્યા. હાલમાં બાળકો વિવિધ સ્પર્ધાઓમાં હોશે હોશે જોડાય છે. તેઓ થોડીક સાહિત્યક સમજ મેળવતા થયા છે. ખુબ આનંદ છે.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન :**

૧. બાળકો પુસ્તક વાંચે પછી તેમની પાસે પુસ્તક પરિચય કરાવી મૂલ્યાંકન કરવામાં આવે છે.
૨. સમયાંતરે બાળકો પાસે સ્વરચિત કાવ્ય અને વાર્તાનું સર્જન કરાવી મૂલ્યાંકન કરવામાં આવે છે.
૩. બાળકો પાસે સમયાંતરે વાર્તા કથન અને સ્ટેજની વિવિધ કૃતિઓ કરાવી મૂલ્યાંકન કરવામાં આવે છે.
૪. મુદ્દાસર પ્રશ્નોના જવાબો આપતી વખતે બાળકોના શબ્દભંડોળનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
૫. રિશેષ દરમિયાન બાળકોને વિવિધ પ્રશ્નો પૂછી તેની આવડત અને શબ્દભંડોળના વિકાસનું મૂલ્યાંકન કરવામાં આવે છે.
૬. સત્રાંત અને વાર્ષિક પરીક્ષાને અંતે બાળકોની ઉત્તરવહી તપાસતી વખતે બાળકોના શબ્દભંડોળ અને સમજનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**નવતર પ્રયોગનું પરિણામ :**

૧. નવતર પ્રયોગ પૂર્વે ધો.૬ થી ૮ ના ૫% બાળકો પણ પાઠ્યપુસ્તક સિવાયના પુસ્તકો વાચતા નહોતા હાલમાં ધોરણ ૬ થી ૮ ના ૭૦% બાળકો પાઠ્યપુસ્તક સિવાયના પુસ્તકો વાચતા થયા છે.
૨. નવતર પ્રયોગ પૂર્વે ધોરણ ૬ થી ૮ નું એકપણ બાળક સ્વરચિત વાર્તા કે કાવ્યોનું સર્જન કરતુ નહોતુ હાલમાં ૨૫% બાળકો સ્વરચિત વાર્તાઓ અને તૂટક કાવ્યોનું સર્જન કરતા થયા.
૩. વકૃત્વ દરમિયાન બાળકોની સ્પીચમાં સુધારો જોવા મળે છે.
૪. બાળકો પોતાના વકતવ્યમાં જાતે યુટ્યુબમાંથી બંધબેસતી કવિતાઓની પંક્તિઓ શોધી ટાંકતા થયા.
૫. મુદ્દાસર પ્રશ્નોના જવાબ સરળતાથી અને સારી રીતે વિસ્તૃત આપી શકે છે.
૬. બાળકોમાં સર્જનાત્મક કલ્પનાશક્તિનો વિકાસ જોવા મળે છે.
૭. બાળકો નિડરતાથી પોતાની વાત રજૂ કરતા થયા.
૮. ૪૦% બાળકો સામેથી પૂછ્તા થયા કે, મારે પ્રાર્થનામાં આ રજૂ કરવુ છે તો હું રજૂ કરું ?

**ઉપયોગિતા :**

૧. વિદ્યાર્થી : બાળકોના શબ્દભંડોળમાં વધારો કરવા સ્વરચિત સર્જનાત્મક સાહિત્ય સર્જન કરવામાં ઉપયોગી. અન્ય વાંચન તરફ દોરવા.
૨. વાલીઓ : બાળકો સાહિત્ય તરફ વળશે તો વાલીઓને પણ પરોક્ષ રીતે લાભ થશે. બાળકો સામુહિક પુસ્તકો વાંચતા હશે તો વાલીઓ પણ કાયરેક પુસ્તક હાથમાં લેશે.
૩. સમાજ : જો બાળકો પાસે સર્જનાત્મક અને સારા વિચારો આવશે તો તે સમાજમાં ફેલાશે. એક વિચારશીલ અને બુદ્ધિજીવી સમાજ તરફ આગળ વધશે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

૧. ૨૦૧૯–૨૦ માં યોજાયેલ પુસ્તક વાચન સ્પર્ધામાં કલસ્ટર કક્ષાએ ધોરણ ૬ માં અને ધોરણ ૮ માં અમારી શાળાની
૨. વિદ્યાર્થીનીઓ સોનાણી દિશા અને સોનાણી જેની અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરેલ.
૩. વાર્તા લેખન સ્પર્ધામાં અમારી વિદ્યાર્થીની ડાભી અમીબેન ભરતભાઇ જિલ્લા કક્ષાએ પ્રથમ આવી. ઝોન કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.
૪. વર્ષ ૨૦૨૩–૨૪ ના આ વખતના કલા મહાકુંભમાં અમારી શાળાની વિદ્યાર્થીની સોનાણી વિશ્વા રસિકભાઇ કાવ્યલેખન સ્પર્ધામાં સીઆરસી કક્ષાએ દ્વિતિય આવેલ છે.
૫. જે ૨૫% બાળકો તૂટક સ્વરચિત રચનાઓ લખે છે તેમા વધારો કરી સારા લેખન તરફ આગળ વધી રહ્યા છે.
૬. સ્ટેજ પરની વિવિધ પ્રવૃત્તિઓમાં મોટાભાગના બાળકો જોડાય છે.
૭. ધોરણ ૧ થી ૫ ના ૫૦% બાળકો ખૂલીને પોતાની કૃતિ સ્ટેજ પર રજૂ કરે છે.

**ફોટોગ્રાફ / વિડીયો લિંક / ક્યુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો :**


અમદાવાદ બોટાદ ભાસ્કર 01-10-2023

**બોટાદ જિલ્લા કક્ષાની વાર્તા લેખન સ્પર્ધામાં હરીપર શાળા , ગામનું ગૌરવ**

બોટાદ ભાસ્કર રાણપુર ખાતે યોજાયેલ બોટાદ જિલ્લા કક્ષાની વાર્તા લેખન સ્પર્ધામાં હરિપર પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની ડાભી અમીબેન ભરતભાઈ સમગ્ર બોટાદ જિલ્લામાં પ્રથમ આવી હતી અને આગળની સ્પર્ધા માટે ઝોન કક્ષાએ બોટાદ જિલ્લાનુ પ્રતિનિધિત્વ કરશે. તે બદલ સમગ્ર શાળા પરિવાર હર્ષની લાગણી અનુભવે છે અને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી



**સિધ્ધ થતી નિષ્પતીઓ :**

ધોરણ ૬ થી ૮ ગુજરાતી : ૨.૬.૩ , ૩.૬.૧, ૫.૬.૧ , ૧.૬.૧ , ૧.૬.૧ , ૨.૬.૫, ૨.૬.૫ , ૩.૬.૨ , ૪.૬.૫, ૪.૬.૧ , ૫.૬.૨, ૧.૬.૧, ૩.૭.૧, ૧.૭.૭ , ૨.૭.૩, ૨.૭.૮, ૧.૭.૧, ૨.૭.૨, ૫.૭.૧, ૨.૭.૮, ૨.૭.૨, ૪.૭.૨, ૧.૭.૪, ૨.૭.૪, ૩.૮.૧, ૧.૮.૨, ૨.૮.૨, ૨.૮.૧૧




**ઈનોવેશનનું નામ :** LEARN BY YOURSELF

**ઈનોવેટર/શિક્ષકનું નામ :** દુલેરા નિશા અરજણભાઈ **હોદ્દો :** શિક્ષણ સહાયક

**કલસ્ટર/ક્યુડીસી :** ખાંભડા **તાલુકો :** બરવાળા

**શાળાનું નામ :** શ્રી સરકારી માધ્યમિક શાળા, કુંડળ **જિલ્લો :** બોટાદ

**મોબાઈલ નંબર :** 9662002717 **ઈમેલ :** duleranisha874@gmail.com


**નવતર પ્રયોગની કેટેગરી :** ૧. વિષયવસ્તુ પેડાગોજી આધારિત

૨. સાંપ્રત વિષયો (NEP, NIPUN BHARAT MISSION)

૩. અભ્યાસક્મ આધારિત મુલ્ય શિક્ષણ

૪. શૈક્ષણિક મૂલ્યાંકન

૫. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જૂન ૨૦૨૩ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** હાલમાં ચાલુ છે.

**સમસ્યા ઉદ્દ્‌ભવના કારણો :**

૧. ધો–10 વિદ્યાર્થીઓનું અંગ્રેજી વિષયનું શબ્દભંડોળ ઓછું હતું.
૨. ધો–10 વિદ્યાર્થીઓ અંગ્રેજી સ્પેલિંગને યાદ કરવામાં મુશ્કેલી અનુભવતા હતાં.
૩. ધો–10 વિદ્યાર્થીઓને અંગ્રેજીમાં ચિત્ર વર્ણનમાં વધારે મુશ્કેલી જણાઈ.
૪. ધો–10 વિદ્યાર્થીઓ વિવિધ સ્પેલિંગના આધારે વાક્ય બનાવી શકતા ન હતાં.
૫. ધો–10 માં વિદ્યાર્થીઓ સ્પેલિંગની મૌખિક રજૂઆત કરી શકતા હતાં પરંતુ તેનો વાક્ય રચનામાં ઉપયોગ કરવામાં મુશ્કેલી અનુભવતા હતાં.

**હેતુઓ :**

૧. વિદ્યાર્થીઓનું અંગ્રેજી વિષયનું શબ્દભંડોળ વિકસે.
૨. વિદ્યાર્થીઓની અંગ્રેજી સ્પેલિંગને યાદ રાખવાની ક્ષમતા વિકસે.
૩. ધો–10 ના વિદ્યાર્થીઓની અંગ્રેજીમાં ચિત્ર વર્ણન કરવાની ક્ષમતા વિકસે.
૪. વિદ્યાર્થીઓ સ્પેલિંગને આધારે જાતે વાક્ય બનાવતા શીખે.
૫. વિદ્યાર્થીઓમાં સ્પેલિંગની મદદથી વાક્ય રચના બનાવતા શીખે.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન :**

૧. સામાન્ય રીતે મારી શાળામાં ધો.10 ના વિદ્યાર્થીઓનું અંગ્રેજી વિષયનું શબ્દભંડોળ ઘણું ઓછુ જોવા મળ્યું આ પરિસ્થિતિમાં અંગ્રેજી ભણાવવું ઘણું મુશ્કેલ બને. આ સમસ્યા જાણ્યા બાદ મેં મારા આ નવતર પ્રયોગ વિશે વિચાર્યુ અને તેની એક વ્યૂહરચના ઘડી.
૨. આ નવતર પ્રયોગ મારી શાળામાં જૂન 2023 થી ચાલુ કર્યો.
૩. આ પ્રયોગ માટે જરૂરી સાધન સામગ્રી જેવી કે ચાર્ટ પેપર, કલર પેન, માર્કર પેન, દોરી, રીબીન, ફેવિકોલ, ફુટપટ્ટી, પેન્સિલ, રબર, કાતર, સ્કેચપેન વગેરેની મદદથી કાર્ય શરૂ કર્યુ. ધો.10 ના વિદ્યાર્થીઓને પણ આ કાર્યમાં જોડયા.
૪. આ પ્રયોગનો મુખ્ય હેતુ ધો.10 ના બાળકો અંગ્રેજી શબ્દો સહજતાથી શીખે અને ચિત્ર વર્ણન કરતા થાય તે હતો.
૫. શરૂઆતનાં અઠવાડિયામાં મેં ધો.10 ના વર્ગમાં તાસ દરમિયાન વિદ્યાર્થીઓને એક ચિત્ર બતાવી તેમાં આવતી વસ્તુઓના નામવાળો સ્પેલિંગ હોય તેવુ એક કાર્ડ તૈયાર કરી દરેક વિદ્યાર્થીને એક એક કાર્ડ આપ્યું. વિદ્યાર્થી આખો દિવસ તે કાર્ડ લગાવીને ફરે અથવા તો તે કાર્ડ પોતાની પાસે રાખે. તે દિવસે શિક્ષકો અને બીજા વિદ્યાર્થીઓ તેને કાર્ડમાં જે સ્પેલિંગ લખેલો હોય તે જ નામથી બોલાવે. ઉદા.કોઈ ચિત્ર BIRTHDAY PARTY નું હોય તો તેને સંબંધિત વસ્તુઓના નામ જેવા કે Cake, candles, gift, bag, party-horn, decorations, ice-cream, lights વગેરે.


૬. આમ અલગઅલગ કાર્ડ દ્વારા વિદ્યાર્થીઓ અલગઅલગ સ્પેલિંગ બનાવતા શીખ્યા. તેના આધારે તેઓ વિવિધ શબ્દભંડોળ એકત્રિત કરીને વાક્ય બનાવતા શીખ્યા. આ રીતે વિદ્યાર્થીઓ સરળતાથી ચિત્ર વર્ણન કરતા શીખી શકયા.
૭. કોઇ વિદ્યાર્થી એક દિવસમાં સ્પેલિંગ શીખી ન શકે તો તે બે કે તેથી વધારે દિવસ પણ કાર્ડ રાખીને શીખી શકે છે.

**નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન :**

૧. આ પ્રયોગનું મૂલ્યાંકન લેખિત કસોટી દ્વારા કરવામાં આવે છે.
૨. વિદ્યાર્થીઓને તાસ દરમિયાન સ્પેલિંગ પૂછીને મૂલ્યાંકન કરવામાં આવે છે.
૩. વિદ્યાર્થીઓને ક્વીઝ અને ગેમ રમાડીને મૂલ્યાંકન કરવામાં આવે છે.
૪. વિદ્યાર્થીઓ અંદરઅંદર એકબીજાને સ્પેલિંગ પૂછે છે તે દરમિયાન તેમનું નિરીક્ષણ કરીને બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**નવતર પ્રયોગનું પરિણામ :**

૧. આ પ્રયોગની જયારે શરૂઆત કરવામાં આવી ત્યારે ધો.10 ના વર્ગમાં 10% બાળકોને જ સ્પેલિંગ આવડતા હતા, જયારે હવે 40% બાળકોને સ્પેલિંગ આવડતા થયા.
૨. વિદ્યાર્થીઓ અંગ્રેજી સ્પેલિંગને યાદ રાખતા થયા.
૩. ધો.10 ના વિદ્યાર્થીઓ ચિત્રના આધારે વાક્ય લખતાં થયા.
૪. અઢી મહિનાના અંતે ધો.10 ના 40% વિદ્યાર્થીઓ આ પ્રયોગ દ્વારા ચિત્ર વર્ણન કરતા થયા.
૫. આ ઉપરાંત વર્ગના બાકીના વિદ્યાર્થીઓ મૌખિક રીતે સ્પેલિંગનો અર્થ બોલી શકે છે જે ઘણી હકારાત્મક બાબત પણ આ પ્રયોગ દરમિયાન મને જોવા મળી.
૬. વિદ્યાર્થીઓના અંગ્રેજી શબ્દભંડોળમાં વધારો થયો.
૭. વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થયો.
૮. વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિમાં (ચિત્ર વર્ણનના લીધે) વધારો થયો.




**ઉપોયગિતા :**

૧. ધો.10 ના બાળકોને ચિત્ર વર્ણન શીખવવા માટે
૨. વિદ્યાર્થીઓના શબ્દભંડોળમાં વધારો કરવા.
૩. વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો કરવા.
૪. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય પ્રત્યેનો અણગમો દૂર કરવા.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

૧. હાલમાં આ પ્રયોગ મારી શાળામાં ધો.10 માં ચાલુ જ છે.
૨. ધો.10 ના 40% બાળકો સ્પેલિંગ અને તેના આધારે વાક્ય બનાવી શકે છે. બાકીના બાળકોને શીખવવાના પ્રયત્નો ચાલુ છે.
૩. મારા આ પ્રયોગમાં વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહથી ભાગ લઇ રહ્યા છે. અને શીખી રહ્યા છે. આ પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓમાં હકારાત્મક ઊર્જાનો સંચાર થયો છે.

ઈનોવેશનનું નામ : રમતિયાળ વાંચન
ઈનોવેટર/શિક્ષકનું નામ : ચોટાઈ આરતી અશ્વીનભાઈ
હોદ્દો : મદદનીશ શિક્ષક
કલસ્ટર/ક્યુડીસી : મોટા દહીંસરા
તાલુકો : માળિયા મિયાણા
શાળાનું નામ : શ્રી વવાણીયા કન્યાશાળા
જિલ્લો : મોરબી
મોબાઈલ નંબર : 9825655344
ઈમેલ : artichotaibhojani@gmail.com
નવતર પ્રયોગની કેટેગરી : સાંપ્રત વિષયો (FLN)



નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત
નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : ૧૨ જૂન ૨૦૨૩ થી
નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો : ---

**હેતુઓ :**

૧. વિદ્યાર્થીઓ રમતા રમતા અને સહેલાઈથી મૂળાક્ષરો ઓળખે.
૨. માત્રાઓ ઓળખે.
૩. શબ્દનું વાચન અર્થગ્રહણ સાથે કરે.
૪. કકકાવારી ક્રમને સમજે.
૫. ચિત્રને શબ્દ સાથે જોડે.
૬. વ્યાકરણના મુદ્દાઓ સમજે.

**અમલીકરણ વ્યૂહરચના :**

શાળામાં 'રમતિયાળ વાંચન' કોર્નર બનાવવામાં આવ્યુ છે. જેમાં કુલ 35 વાંચન રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રમતો તમામ ધોરણના વિદ્યાર્થીઓને રમાડવામાં આવે છે. સમગ્ર માસ દરમિયાન વિદ્યાર્થીઓ દરરોજ નવી રમત રમી શકે છે. તેની નોંધ 'અમે રમેલ રમતો' નામના નોંધ પત્રકમાં કરે છે. વર્ગના તમામ વિદ્યાર્થીઓ રમત રમી શકે તે માટે દરેક રમત માટે પૂરતા પ્રમાણમાં સામગ્રી ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

રમતિયાળ વાંચન "રમતો"

| | | | | |
|---|---|---|---|---|
| વાંચોઅનેનાચો | ઝપાઝપી (૧) | પાસીંગ ધ બાઉલ(૧) | ઉતર દાવ | ધમાલ ધોકો (૧) |
| સૈયર સાહેલી | ઝપાઝપી (૨) | પાસીંગ ધ બાઉલ(૨) | સાથીદાર શોધો | ધમાલ ધોકો (૨) |
| જોડી શોધો (૧) | ઝપાઝપી (૩) | પાસીંગ ધ બાઉલ(૩) | અંતાક્ષરી(૧) | ધમાલ ધોકો (૩) |
| જોડી શોધો (૨) | ઝપાઝપી (૪) | મારો પરિવાર કેવડો? | અંતાક્ષરી(૨) | મારું ઘર (૧) |
| મારા વિશે જણાવો | પાસાની રમત | સરખી સૈયર સાહેલી | સ્માર્ટ ગેમ | મારું ઘર (૨) |
| મૂળાક્ષર લંગડી | ઝટપટ ટ્રેન | ઝટપટ બોલ | કેપ્ટન શોધ | મારું ઘર (૩) |
| ઝટપટ જોડ | મિત્ર શોધ | દુશ્મન શોધ | મારો પરિવાર | બોલો હું કોણ ? |


**ઉપયોગિતા :**
વારંવાર પુનરાવર્તનથી કંટાળીને વાંચન પ્રત્યે રસ ગુમાવી બેઠેલા વિદ્યાર્થીઓને રસપ્રદ રીતે વાંચન શીખવવામાં 'રમતિયાળ વાંચન' ખૂબ જ ઉપયોગી બન્યુ.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**
બાળકોના મૂલ્યાંકન માટે ૭ હેતુઓ દર્શાવતુ વાંચન મૂલ્યાંકન પત્રક બનાવવામાં આવ્યુ છે જેના દ્વારા વિદ્યાર્થીઓનો વ્યક્તિગત વિકાસ જાણી શકાય છે.

**નવતર પ્રયોગનું પરિણામ :**
૧. વિદ્યાર્થીઓ અર્થગ્રહણ સાથે વાંચતા થયા.
૨. વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યેના રસ અને રુચિમાં વધારો થયો.
૩. અનિયમિતતાનું પ્રમાણ ઘટ્યુ.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**
હાલ આ નવતર પ્રયોગ મારી શાળામાં ચાલુ છે.





**ઈનોવેશનનું નામ :** ભાષા વાગ્ અવયવો અને ધ્વનિઓ
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** અનિલ નાથાભાઈ રાઠોડ **હોદ્દો :** મ.શિ.
**કલસ્ટર/ક્યુડીસી :** નેકનામ **તાલુકો :** ટંકારા
**શાળાનું નામ :** શ્રી રોહીશાળા પ્રાથમિક શાળા **જિલ્લો :** મોરબી
**મોબાઈલ નંબર :** 8980807373 **ઈમેલ :** anilrathodddd@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૨૧ થી..
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :**

**હેતુઓ :**

૧. ભાષા વાગ્ અવયવો અને ધ્વનિ ઉચ્ચારણ સ્થાનો અંગે સમજ કેળવે
૨. યોગ્ય ઉચ્ચારણ પ્રક્રિયાની ખીલવણી થાય.
૩. પ્રાપ્ત કરેલ સમજનું વ્યવહારિક ઉપયોગનું કૌશલ્ય પ્રાપ્ત થાય.

**અમલીકરણ વ્યુહ રચના :**

૧. આ નવતર પ્રયોગમાં પડતી મુશ્કેલી અંગે બાળકો વધુ સ્પષ્ટતા કેળવે તે માટે ભાષા વાગ અવયવો અંગેનું વર્કિંગ મોડેલ તૈયાર કરવામાં આવ્યું.
૨. વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ સમજ કેળવી શકે તે માટે સ્વરયંત્રનું 4D વર્કિંગ મોડેલ તૈયાર કરવામાં આવ્યું.
૩. ધ્વનિના ઉચ્ચારણ સ્થાન પ્રમાણેના વર્કીંગ TLM નું નિર્માણ કરવામાં આવ્યું.

**ઉપયોગિતા :**

તમામ પ્રકારની ભાષા અધ્યયન – અધ્યાપન સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ, શિક્ષકોને ભાષાવિજ્ઞાનના આ વિષયને શીખવા માટે ઉપયોગી.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન વિવિધ રીતે કરવામાં આવ્યુ જેમ કે,


૧. ગેરહાજર બાળકો પણ કસોટી આપી શકે તે માટે ગુગલ ફોર્મ બનાવવામાં આવ્યું.
૨. જુદા જુદા ધ્વનિના ઉચ્ચારણ પ્રમાણેના કાર્ડ બનાવવામાં આવ્યા.
૩. સ્વયંત્રની કાગળકૃત્તિ તથા ચિત્રમાં રંગ પૂરવામાં આવ્યા.
૪. પ્રિ–ટેસ્ટ, પોસ્ટ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું.
૫. ધ્વનિ કાર્ડ આધારિત મૌખિક મૂલ્યાંકન કરવામાં આવ્યું.


**નવતર પ્રયોગનું પરિણામ :**

૧. વર્ગના ૮૦% બાળકો ભાષા ધ્વનિઓના ઉચ્ચારણ સ્થાનો અંગે વૈજ્ઞાનિક સમજ કેળવી શકયા.
૨. બાળકો ભાષામાં વૈજ્ઞાનિક અભિરુચિ કેળવતા થયા.
૩. બાળકો મેળવેલા જ્ઞાનનો વ્યવહારુ જીવનમાં ઉપયોગ કરતા થયા.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

આ નવતર પ્રયોગ નિરંતર કાર્યાન્વિત થયેલો જોઇ શકાય છે. બાળકો ભાષા ધ્વનિઓનું યોગ્ય ઉચ્ચારણ સભાનતાથી કરતા જણાય છે. બાળકો ભાષા ધ્વનિઓનું સભાનતાપૂર્વક વૈજ્ઞાનિક સહજ ઉચ્ચારણ કૌશલ્યની ખીલવણી થયેલી જોઇ શકાય છે. શાળાના ધોરણ ૫ થી ૮ ના બાળકોને ભાષા વગ અવયવોની સમજ આપતી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી.



ભાષા વાગ્ અવયવો
અને ધ્વનિઓ

ભાષા ક્વિઝ

યુટ્યુબ ચેનલ

યુટ્યુબ પર સર્ચ કરો
Star Tr Anil Sr

ભાષા વાગ્ અવયવો
અને ધ્વનિઓ

યુટ્યુબ વિડિયો



**ઈનોવેશનનું નામ :** બોલતી બજાર

**ઈનોવેટર/શિક્ષકનું નામ :** સાંચલા ગીતાબેન મનસુખલાલ **હોદ્દો :** મ.શિ.

**કલસ્ટર/ક્યુડીસી :** મિતાણા **તાલુકો :** ટંકારા

**શાળાનું નામ :** શ્રી ભુતકોટડા પ્રાથમિક શાળા **જિલ્લો :** મોરબી

**મોબાઈલ નંબર :** 9537580555 **ઈમેલ :** gitatankariya@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** ૨. સાંપ્રત વિષયો (FLN, NEP)

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** મે ૨૦૨૩ થી..

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :**

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન, હેતુઓ :**

કોરોના કાળ પછી બાળકોમાં સતત મોબાઈલના વળગણને લીધે વાલીઓની સતત ફરીયાદ હતી કે બાળકો શાળા સમય બાદ અભ્યાસ કરતા નથી. મોટા ધોરણના બાળકોમાં પાયાના શૈક્ષણિક જ્ઞાનનો અભાવ. આ સમસ્યાને પહોંચી વળવા માટે હરબટીયાળી ગામની દિવાલોને પાયાગત શૈક્ષણિક સામગ્રીથી ભરપૂર બનાવવામાં આવી અને આ વ્યૂહરચનાને નામ આપ્યુ 'બોલતી બજાર' જેના દ્વારા બાળકો પાયાના શૈક્ષણિક જ્ઞાનથી અવગત થઈ શકે અને રમતા રમતા સરળતાથી અભ્યાસ કરી શકે.

**અમલીકરણ વ્યૂહરચના :**

આ સમસ્યાને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટ મે–૨૦૨૩ થી શરૂ કરવામાં આવ્યો. વેકેશન આવતુ હોવાથી બાળકો વેકેશનમાં બોલતી બજારનો ઉપયોગ કરી શકે તે માટે હરબટીયાળી ગામની ૩૦ થી ૩૫ દીવાલો આ પ્રોજેક્ટ માટે પસંદ કરી. તેના ઉપર અભ્યાસક્રમને લગતી તમામ પાયાત બાબતો લખવાનું અને દોરવાનું શરૂ કરવામાં આવ્યુ. જેમાં હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ત્રણ ભાષા તેમજ હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, પર્યાવરણ અને ગણિત એમ પાંચ વિષયોના મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા. આ મુદ્દાઓમાં જોઈએ તો ગુજરાતી અને હિન્દી કકો, બારાક્ષરી, બારાક્ષરી પ્રમાણેના શબ્દો, જોડાક્ષરો, ૧ થી ૧૦૦ અંકો, ૧ થી ૨૦ ઘડિયા, પહેલી, બીજી એબીસીડી, સ્પેલિંગ, જિલ્લા અને તાલુકાના નામ, રાષ્ટ્રીય પ્રતિકો, વિવિધ આકારો, મહિનાના નામ વગેરે મુદ્દાઓ દિવાલોમાં લખવામાં આવ્યા.

બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે તે માટે ત્રણ સેલ્ફી પોઈન્ટ પણ મૂકવામાં આવ્યા. રમતા રમતા શીખે તે માટે બજારોના ઓટલા પર સાપસીડી, નવકૂકરી અને ઈસ્ટો જેવી દેશી રમતો પણ દોરમાં આવી. આ રીતે ભણતરનો ભાર ન લાગે અને બાળકો સહેલાઈથી શીખી શકે તે માટે 'બોલતી બજાર' નું નિર્માણ કરવામાં આવ્યુ.

**ઉપયોગીતા :**

બાળકોને તમામ પ્રકારનું પાયાગત જ્ઞાન દિવાલોમાંથી મળી રહે અને બાળકો આસાનીથી રમતા રમતા શીખી શકે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન બાળકોના લેખિત અને મૌખિક અભિપ્રાય દ્વારા કરવામાં આવ્યુ. બાળકોનું સામાન્ય જ્ઞાન પ્રાર્થના સભામાં પ્રશ્નોત્તરી દ્વારા ચકાસવામાં આવ્યું.

**નવતર પ્રયોગનું પરિણામ :**

સતત ત્રણ મહિનાની મૂલ્યાંકન બાદ જાણવા મુ કે સરકારી શાળાના બાળકોની સાથે સાથે પ્રાઈવેટ શાળાના ૮૦% બાળકો આ પ્રોજેક્ટનો લાભ લેતા થયા છે.

૧. ૭૦% બાળકોમાં પાયાગત જ્ઞાનની જે કચાશ હતી તે દૂર થઈ છે.

૨. ધોરણ ૮ સુધીના બાળકો આ દિવાલાનો ઉપયોગ કરે છે.

૩. બાળકોના સામાન્ય જ્ઞાનમાં પણ સુધારો જોવા મળે છે.

૪. બહારગામથી આવતા બાળકો પણ આ પ્રોજેક્ટનો નવરાશના સમયે સારો એવો લાભ લેતા થયા છે.


૫. વાલીઓની મોબાઈલ વિષેની ફરિયાદ ઓછાવતા અંશે દૂર થઈ છે.

૬. તહેવારો કે કોઈ સારા પ્રસંગે સેલ્ફી પોઈન્ટનો પણ સારો એવો ઉપયોગ કરવામાં આવે છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

હાલમાં આ બોલતી બજારનો ઉપયોગ બાળકો ઉપરાંત ગૃહિણીઓ અને વડીલો પણ પોતાના નવરાશના પળોમાં કંઈક નવુ શીખવવા માટે કરે છે. ઘરની સ્ત્રીઓ ઓટલા ઉપર દોરેલી દેશી રમતો રમીને પોતાના બાળપણના દિવસો યાદ કરે છે. ઓટલા ઉપર બાળકોને સાચવતા વડીલો બાળકોને ચિત્રો દ્વારા શિખવે છે.

**નવતર પ્રયોગના ફોટોગ્રાફ અને QR કોડ :**








**ઈનોવેશનનું નામ :** Last Day's Revision
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** તન્ના અમિતકુમાર રમેશચંદ્ર **હોદ્દો :** મ.શિ.
**કલસ્ટર/ક્યુડીસી :** તા. શાળા નં. ૧, મોરબી **તાલુકો :** મોરબી
**શાળાનું નામ :** ધી વી.સી. ટેકનિકલ હાઈસ્કૂલ, મોરબી **જિલ્લો :** મોરબી
**મોબાઈલ નંબર :** 99980 12930 **ઈમેલ :** tannasir@yahoo.com
**નવતર પ્રયોગની કેટેગરી :** ટેકનોલોજીનો ઉપયોગ
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ઓગસ્ટ ૨૦૨૧
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** જુલાઈ ૨૦૨૩



**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન, હેતુઓ :**

ધી વી.સી. ટેકનિકલ હાઈસ્કૂલના જીવવિજ્ઞાનના શિક્ષકશ્રી અમિતભાઈ તન્ના દ્વારા ટેકનોલોજીના માધ્યમથી વિદ્યાર્થીઓના અભ્યાસ પ્રત્યેના અભિગમને વધુ દ્રઢ બનાવવા માટેનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો.

**સમસ્યા :**

કોરોનાકાળ દરમિયાન વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યુ. ત્યારબાદ શાળાઓ શરૂ થઈ અને પરીક્ષાઓ નજીક આવતા વિદ્યાર્થીઓ તરફથી અભ્યાસ બાબતની ચોકકસ ફરિયાદો ધ્યાનમાં આવી કે..

૧. વિદ્યાર્થીઓને મોટા પ્રશ્નો યાદ રાખવામાં તકલીફ પડતી હતી.
૨. પરીક્ષા સમયે છેલ્લા દિવસોમાં પુસ્તકોમાંથી યાદ રાખવું અઘરૂ પડતુ હતુ.
૩. પરીક્ષા સમયે છેલ્લા દિવસોમાં વાંચવામા કોર્ષ પુરો થતો નથી.

આ બાબતોને ધ્યાને લઈ તેમના નિવારણ અર્થે અમિતભાઈએ આ નવતર પ્રયોગ કરેલો.

**અમલીકરણ વ્યૂહરચના :**

'Last Day's Revision ' આ નવતર પ્રયોગ બાબતે વાત કરીએ તો ઉપરોક્ત હેતુઓ સિદ્ધ કરવા માટે અમિતભાઈએ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જીવવિજ્ઞાનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે પુસ્તકો માંથી વાંચવામાં પડતી તકલીફો બાબતે પૃચ્છા કરી તો ધ્યાને આવ્યુ કે પુસ્તકોમાં આપેલ ફકરા સ્વરૂપનું લખાણ વાંચનમાં વધુ સમય માંગી લે છે અને વ્યવસ્થિત રીવિઝન પણ થતુ નથી. તે માટે અમિતભાઈએ પાઠયપુસ્તક આધારિત હસ્તલિખિત મટીરીયલ બનાવ્યુ. જેમાં ધો.૧૨ જીવવિજ્ઞાનના દરેક પ્રકરણોને ચાર્ટ, રેખાકૃતિ, કોષ્ટક સ્વરૂપે દર્શાવીને પાઠયપુસ્તકને નવા સ્વરૂપે રજૂ કર્યુ. પોતાની શાળાના વિદ્યાર્થીઓ સાથે સાથે ગુજરાતના અન્ય વિદ્યાર્થીઓને પણ લાભ મળે તે હેતુથી આ દરેક પ્રકરણના વિડીયો બનાવીને, પોતાની યુટ્યુબ ચેનલ Amit Tanna મારફતે વિવિધ જિલ્લાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકાને આ મટીરીયલ વિડીયો તેમજ PDF સ્વરૂપે વિનામૂલ્યે પહોંચાડ્યુ. સમગ્ર ગુજરાતના વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ આનો લાભ ઉઠાવતા થયા.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**


આ નવતર પ્રયોગ દરમિયાન મોકલેલા વિડીયોમાંથી વિદ્યાર્થીઓ કેટલું શીખ્યા તે બાબતની પુષ્ટિ માટે અમિતભાઈએ મૂલ્યાંકન કરવા હેતુસર તેમણે દરેક પ્રકરણના અગત્યના 25-25 MCQ ની Quiz બનાવી. જેથી વિદ્યાર્થીઓ તેમાં મૂકેલા પ્રશ્નોને Quiz સ્વરૂપે મેળવીને અંતે સોલ્યુશન મેળવતા થયા.

**નવતર પ્રયોગનું પરિણામ :**


આ નવતર પ્રયોગના પરિણામ બાબતે વાત કરીએ તો ઓગષ્ટ 2021 થી શરૂ કરેલ અભ્યાસના આ ટેકનોલોજીકલ અભિગમને ગુજરાતના વિવિધ જિલ્લાઓના શિક્ષકો/વિદ્યાર્થીઓએ જોરદાર પ્રતિસાદ આપ્યો છે.


ગુજરાત રાજ્યના આશરે 56,000+ વિદ્યાર્થીઓએ આ વિડીયોનો લાભ લઈને તેમાંથી અભ્યાસ કર્યો અને આશરે 23,000+ વિદ્યાર્થીઓએ મૂલ્યાંકન પ્રક્રિયામાં ભાગ લઈને પોતાના અભ્યાસને દૃઢ બનાવ્યો છે.

| 12th Chapters | Last Day's Revision (Views) |
|---|---|
| Ch.1 | 5691 |
| Ch.2 | 3198 |
| Ch.3 | 2840 |
| Ch.4 | 1870 |
| Ch.5 | 7722 |
| Ch.6 | 5621 |
| Ch.7 | 4160 |
| Ch.8 | 2895 |
| Ch.9 | 2234 |
| Ch.10 | 2126 |
| Ch.11 | 8035 |
| Ch.12 | |
| Ch.13 | 5135 |
| Ch.14 | |
| Ch.15 | 2398 |
| Ch.16 | 2270 |




| 12th Chapters | Bio Quiz (Views) |
|---|---|
| Ch.1 | 5535 |
| Ch.2 | 2524 |
| Ch.3 | 2279 |
| Ch.4 | 1809 |
| Ch.5 | 1712 |
| Ch.6 | 1362 |
| Ch.7 | 741 |
| Ch.8 | 1392 |
| Ch.9 | 563 |
| Ch.10 | 1422 |
| Ch.11 | 901 |
| Ch.12 | 818 |
| Ch.13 | 809 |
| Ch.14 | 437 |
| Ch.15 | 780 |
| Ch.16 | 531 |









આ નવતર પ્રયોગ દ્વારા તેમને પોતાની શાળાના વિદ્યાર્થીઓના બોર્ડ પરિણામમાં સુધારો જોવા મળ્યો છે.

| કુલ વિદ્યાર્થીઓ 13 | Nov - 2021 (દ્વિતીય પરીક્ષા) | March - 2022 (બોર્ડ પરીક્ષા) |
|---|---|---|
| ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓ | 7 | 9 |
| પરિણામ (%) | 53.84% | 69.23% |

| કુલ વિદ્યાર્થીઓ 19 | Nov - 2022 (દ્વિતીય પરીક્ષા) | March - 2023 (બોર્ડ પરીક્ષા) |
|---|---|---|
| ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓ | 12 | 17 |
| પરિણામ (%) | 63.15% | 89.47% |



**આ ઉપરાંત આ નવતર પ્રયોગ દ્વારા..**

૧. ધો.12 ના વિદ્યાર્થીઓ જીવવિજ્ઞાનનો સંપૂર્ણ કોર્ષ માત્ર 11 કલાકમાં સમજીને તૈયાર કરી શકે છે.
૨. દરેક પ્રકરણના મુદ્દાઓને સરળતાથી યાદ રાખી શકાય છે.
૩. દરેક મુદ્દાની વિશેષ સચિત્ર માહિતી મળવાથી અભ્યાસમાં રુચિ જળવાઈ રહે છે.
૪. યોગ્ય મૂલ્યાંકન પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓની ભાવિ બોર્ડ પરીક્ષા GUJCET અને NEET ની પરીક્ષાઓમાં પૂછાતાં MCQ ની અગાઉથી જ તૈયારી થવા લાગે છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

હાલમાં પણ આ પ્રકારના વિડીયોનો કેટલાય વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. આમ ટેકનોલોજીના યોગ્ય ઉપયોગથી અમિતભાઈએ વિડીયો દ્વારા વિદ્યાર્થીઓને રસ પડે તેવુ, ઓછા સમયમાં તૈયારી કરી શકાય તેવુ અને આપમેળે પરફેક્ટ મૂલ્યાંકન થાય તેવુ જ્ઞાન પીરસીને પોતાના નવતર પ્રયોગની મૂળ સમસ્યાઓને નિવારવાનો સફળ પ્રયાસ કર્યો છે.

**નવતર પ્રયોગના ફોટોગ્રાફ અને QR કોડ :**

**Last Day's Revision (One Shot Revision)**

- ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે પહેલી વખત...
- પરીક્ષા અગાઉના છેલ્લા દિવસો માટે શોર્ટ ટ્રીક સાથે પરફેક્ટ રીવીઝન.

(12th - સંપૂર્ણ કોર્ષ) (11th - Ch.5,6,13,14,16,17,18,19,20)

**Bio Quiz**

માત્ર 13 મિનિટમાં દરેક પ્રકરણમાંથી 25 MCQ ની Quiz

(11th, 12th - બધા જ પ્રકરણ)

(કુલ 950 IMP MCQ - ઉત્તરો સાથે)




**ઈનોવેશનનું નામ :** CONTENT WITH ACTIVITY

**ઈનોવેટર/શિક્ષકનું નામ :** પટેલ પ્રિયંકાબેન જીતેન્દ્રકુમાર **હોદ્દો :** શિક્ષણ સહાયક

**કલસ્ટર/ક્યુડીસી :** હળવદ **તાલુકો :** હળવદ

**શાળાનું નામ :** શ્રી સરકારી માધ્યમિક શાળા, ઘનશ્યામપુર **જિલ્લો :** મોરબી

**મોબાઈલ નંબર :** 9426545658 **ઈમેલ :** ppatel1390@gmail.com


**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૨ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :**

**હેતુઓ :**

વર્ગખંડમાં શિક્ષણને પ્રવૃત્તિમય અને રસમય બનાવવુ, વિષય પ્રત્યે નિરસતા દુર કરી જીજ્ઞાસાવૃત્તિ અને સમજણ શક્તિનો વિકાસ કરવો, શીખેલુ લાંબા સમય સુધી યાદ રહે, વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિનો વિકાસ થાય.

**અમલીકરણ વ્યૂહરચના :**

બાળકોને ભૂગોળ, નાગરિક કે ઈતિહાસ જેવા વિષયવસ્તુમાં રસ જાગૃત્ત કરવા માટે શાળામાં વર્કિંગ મોડેલ, ચાર્ટ, ચિત્રો તેમજ પ્રત્યક્ષ નમુનાઓ દ્વારા તથા નાટ્યકરણ, નૃત્યો અને વેશભૂષા દ્વારા પ્રત્યક્ષ પ્રવૃત્તિમય શિક્ષણ શાળામાં આપવામાં આવ્યુ. બાળકો મોડેલ જાતે બનાવતા થયા. સહભાગીદારી દ્વારા વેસ્ટ વસ્તુનો બેસ્ટ ઉપયોગ કરી નજીવો ખર્ચ કરી વર્કિંગ મોડેલ બનાવવામાં આવ્યા. જેથી બાળકોમાં જીજ્ઞાસાવૃત્તિમાં વધારો થયો. વાંચી ન શકાતા બાળકો પણ પ્રત્યક્ષ શિક્ષણ મેળવતા થયા. જૂદા જૂદા વિચારો શાળા સુધી લાવતા થયા. વિષયવસ્તુ પ્રવૃત્તિમય બન્યુ. શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ થયો. બઆળકો વિષયવસ્તુ સરળતાથી સમજતા અને અર્થગ્રહણ કરતા થયા.

**નવતર પ્રવૃત્તિનું મૂલ્યાંકન :**

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન પ્રિ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ દ્વારા કરવામાં આવ્યુ.

**નવતર પ્રવૃત્તિનું પરિણામ :**

બાળકો વિષયને અનુરૂપ પ્રવૃત્તિઓ જાતે કરતા થયા, વર્કિંગ મોડેલો બનાવતા થયા. શિક્ષમ પ્રવૃત્તિમય બન્યુ, છેલ્લા બે વર્ષથી બોર્ડની પરીક્ષાના પરિણામ સારા જોવ મળ્યા.

| વર્ષ | વિષય | પરીક્ષામાં ઉપસ્થિત થયેલ વિદ્યાર્થીની સંખ્યા | પાસ થયેલ વિદ્યાર્થીની સંખ્યા/ટકાવારી |
|---|---|---|---|
| 2019 | સા.વિ. | 46 | 33 (71.74%) |
| 2020 | સા.વિ. | 35 | 22 (62.86%) |
| 2021 | સા.વિ. | 54 | 54 (100%) |
| 2022 | સા.વિ. | 39 | 36 (92.31%) |
| 2023 | સા.વિ. | 33 | 31 (93.92%) |

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

**હાલ આ પ્રવૃત્તિ શાળા કક્ષાએ ચાલુ જ છે. જેમાં ધોરણ ૯ અને ધોરણ ૧૦ બંને વર્ગના બાળકો ઉત્સાહપૂર્વક જોડાય છે અને પ્રવૃત્તિમય કાર્ય કરવા તત્પર રહે છે.**






**ઈનોવેશનનું નામ :** આકૃતિ અને મોડેલો દ્વારા અધ્યયન-નિષ્પતિની સિદ્ધી
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** કાચા ક્રિષ્નાબેન નરેન્દ્રભાઈ **હોદ્દો :** આ.શિ.શિક્ષક
**કલસ્ટર/ક્યુડીસી :** ભાયાવદર **તાલુકો :** ઉપલેટા
**શાળાનું નામ :** શ્રી કન્યા તાલુકા શાળા, ભાયાવદર **જિલ્લો :** રાજકોટ
**મોબાઈલ નંબર :** 9687228181 **ઈમેલ :** knk.kacha11@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** વિષય વસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત કયારથી કરવામાં આવેલ છે :** પ્રથમસત્ર દરમ્યાન ૨૦૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** છેલ્લા છ માસથી હાલ સુધી

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન, હેતુઓ :**

૧. વિદ્યાર્થીઓ આકૃતિ સારી રીતે દોરી પ્રશ્નોનો જવાબ ચોક્કસ રીતે લખે.
૨. વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં રસ કેળવતા થાય.
૩. વિદ્યાર્થીઓ જ્ઞાન સાથે વિજ્ઞાન શીખતા થાય.
૪. વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયની ઉપયોગીતા સમજે
૫. વિજ્ઞાન વિષય પ્રત્યે રસ/રુચિ કેળવાય
૬. વિદ્યાર્થીઓ પોતાની જાતે પ્રોજેક્ટ તથા મોડેલનું નિર્માણ કરતા થાય.
૭. નવા વિચાર, નવી ડિઝાઈન કે ચિત્રકળા દ્વારા રોજગારીની તકો મેળવી શકે.

**અમલીકરણ વ્યૂહરચના :**

સો પ્રથમ ધો.૭ માં પાઠ ૨ પ્રાણીઓમાં પોષણ એકમના આવતી મનુષ્યના પાચનતંત્રની આકૃત્તિ દોરવા વિદ્યાર્થીઓ આળસ અનુભવતા જોવા મળ્યા હતાં. અને આકૃતિને લગતા વર્ગ શિક્ષણ અને ગૃહકાર્યમાં તકલીફ પડતી જોવા મળી હતી. અમુક વિદ્યાર્થીઓ છાપણીનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા. આથી ધો.૬ થી ૮ માં વિદ્યાર્થીઓ રસપૂર્વક આકૃત્તિ દોરતા થાય તેના માટે મેં આ નવતર પ્રયોગની શરૂઆત કરી હતી.

સૌ પ્રથમ મેં ધોરણ ૭ માં આ નવતર પ્રયોગની શરૂઆત કરી હતી. વિજ્ઞાન વિષયના પાઠ-૨ એકમમાં આવતી નામ નિર્દેશનવાળી તમામ આકૃતિઓ વિદ્યાર્થીઓને યાદ રાખવા માટે પ્રેક્ટિસ કરવા માટે ગૃહકાર્યમાં આપી હતી. બીજા દિવસે તેમની આકૃતિઓની લેખિત પરીક્ષા લીધી હતી તેમજ તેમના બધા વિષયના ગૃહકાર્ય થઇ જાય પછી જયારે તેને એમ થાય કે મારે ચિત્ર દોરવુ છે ત્યારે રોજ એક ચિત્ર દોરવા માટે કહ્યુ હતુ. પરંતુ તે ચિત્ર વિજ્ઞાન વિષયમાંથી જે પણ આકૃતિ ગમતી હોય તે દોરવાની. આમ ધીમે ધીમે રોજ એકએક એમ જૂદીજૂદી આકૃતિઓ દોરતા થયા. અઘરી આકૃતિઓ માટે સરળ આકૃતિઓના ચિત્ર આપી તેમાથી જોઇને પ્રેકટીસ કરે એવા પ્રયત્નો કર્યા હતા. આમ બધા વિદ્યાર્થીઓની આકૃતિઓમાં સુધારો થતો જોવા મળ્યો હતો. અને બધા વિદ્યાર્થીઓ રસપૂર્વક આકૃતિઓ દોરતા થયા હતા. અને વિજ્ઞાન વિષયને સરળ બનાવી શક્યા અને ઉંડાણથી વિચાર કરીને જૂદા જૂદા મોડલ બનાવવા માટે મહેનત કરી. ધોરણ ૬ થી ૮ માં આવતા વિજ્ઞાન વિષયના એકમમાં આવતા ઘણા મોડેલ વિદ્યાર્થીઓ જાતે વેસ્ટમાંથી બેસ્ટ દ્વારા બનાવ્યા. આ રીતે આ ઈનોવેશન દ્વારા વિજ્ઞાન વિષયમાં રસપૂર્વક ભાગ લેતા થયા.

**ઉપયોગિતા :**


૧. વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયના સિદ્ધાંતો, આકૃત્તિઓ અને પ્રવૃત્તિઓની સરળ સમજ મેળવી શકયા.
૨. વિજ્ઞાનની આકૃતિઓના કટીંગની મદદથી નામનિર્દેશન અને ભાગોની ઓળખ કરવામાં મદદ મળી.
૩. સસ્તુ અને વેસ્ટ માંથી બેસ્ટ કૃતિનું નિર્માણ થાય જેનો L.M. અને અભ્યાસમાં ઉપયોગી સાહિત્ય તરીકે ઉપયોગ થાય.
૪. ચોકસાઇ, જીજ્ઞાસાવૃતિ, કુતુહલવૃતિ, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, સર્જનાત્મકતા વગેરે જેવા ગુણો વિકસે.
૫. વિષયવસ્તુના મુદ્દાઓ વધુ દ્રઢપૂર્વક સમજતા થાય.
૬. વિજ્ઞાનમેળો, વિજ્ઞાન દિવસ, ગણિત વિજ્ઞાન મંડળ દિવસોની ઉજવણીમાં ઉપયોગી થાય. એકમ કસોટીના ગુણાંકનમાં સુધારો થાય.
૭. લર્નિંગ આઉટકમમાં પરિણામ જોઇ શકાય.

**મૂલ્યાંકન :**

૧. આકૃતિ વિષયક પ્રશ્નો અને નિયત સમયમાં નામનિર્દેશન આકૃતિઓ દોરાવીને.
૨. બાળકો પાસે વિજ્ઞાનના અભ્યાસક્રમમાં આવતી આકૃતિઓ દોરવાની પ્રેકટીસ અને નામનિર્દેશન કરાવ્યુ.
૩. કાગળના કામમાંથી નમુનાઓ બનાવડાવીને તેને L.M. અને પ્રોજેક્ટ પ્રવૃત્તિ તરકે રજૂ કર્યા.
૪. વિજ્ઞાનના ધોરણ ૬ થી ૮ માં આવતા એકમને અનુરૂપ જુદાજુદા આકૃતિઓને લગતા મૉડેલ નમુના કરાવ્યા.

**પરિણામ :**

૧. વિદ્યાર્થીઓ વિષયને અનુરૂપ કાગળના કટીંગ દ્વારા સુંદર આકૃતિઓ દોરતા અને નામનિર્દેશન કરતા થયા.
૨. કાગળ કામ દ્વારા બનેલી કૃતિઓ, અને નમુનાઓ ધો.૬ થી ૮ માં L.M. તરીકે, Learning by doing તરીકે, સ્વઅભ્યાસમાં અને નવુ ક્રિએશન કરવામાં ઉપયોગી થયા.
૩. હાલમાં આ ઈનોવેશન થી ધો. ૬ થી ૮ માં એકમ કસોટીમાં અધ્યયન નિષ્પતી ૮૦% સંકલ્પના સિદ્ધ થઈ છે. અને ૧૦૦% સંકલ્પના સિદ્ધ થાય તેવા પ્રયત્નો હજુ ચાલુ છે.




| અધ્યયન નિષ્પતી ના નંબર | ધોરણ ૬ માં કુલ 42 વિદ્યાર્થીઓ માથી 50% કરતા વધુ ગુણ મેળવેલ વિદ્યાર્થીઓ ની સંખ્યા | અધ્યયન નિષ્પતી ના નંબર | ધોરણ7અ માં કુલ 27 વિદ્યાર્થીઓ માથી 50% કરતા વધુ ગુણ મેળવેલ વિદ્યાર્થીઓ ની સંખ્યા | અધ્યયન નિષ્પતી ના નંબર | ધોરણ ૭બ માં કુલ 27 વિદ્યાર્થીઓ માથી 50% કરતા વધુ ગુણ મેળવેલ વિદ્યાર્થીઓ ની સંખ્યા | અધ્યયન નિષ્પતી ના નંબર | ધોરણ ૮અ માં કુલ 25 વિદ્યાર્થીઓ માથી 50% કરતા વધુ ગુણ મેળવેલ વિદ્યાર્થીઓ ની સંખ્યા | અધ્યયન નિષ્પતી ના નંબર | ધોરણ ૮બ માં કુલ 26 વિદ્યાર્થીઓ માથી 50% કરતા વધુ ગુણ મેળવેલ વિદ્યાર્થીઓ ની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| SC 6.02 | 24 | SC 7.01 | 13 | SC 7.01 | 18 | SC 8.02 | 15 | SC 8.02 | 15 |
| SC 6.06 | 15 | SC 7.03 | 17 | SC 7.03 | 13 | SC 8.05 | 17 | SC 8.05 | 17 |
| SC 6.08 | 32 | SC 7.04 | 17 | SC 7.04 | 13 | SC 8.11 | 19 | SC 8.11 | 20 |
| SC 6.05 | 14 | SC 7.06 | 11 | SC 7.06 | 11 | SC 8.04 | 18 | SC 8.04 | 18 |
| SC 6.04 | 19 | SC 7.09 | 21 | SC 7.09 | 11 | SC 8.09 | 23 | SC 8.09 | 20 |

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**
આ નવતર પ્રયોગ ધોરણ ૬ થી ધોરણ ૮ માં હાલ કાર્યરત છે.


https://youtu.be/slrZ_ifu_zw?si=L9X_1XCw1Ri_ckJ3

**નવતર પ્રયોગના ફોટોગ્રાફ અને QR કોડ :**

**અમારી યુટ્યુબ ચેનલ :**

**સમગ્ર ઇનોવેશન વિડીયો :**







**ઈનોવેશનનું નામ :** મારા અક્ષર, સુંદર અક્ષર
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** ધોળકિયા જીગ્નેશભાઈ એમ.
**હોદ્દો :** મ.શિ.
**કલસ્ટર/ક્યુડીસી :** સી.આર.સી., વડોદ
**તાલુકો :** જસદણ
**શાળાનું નામ :** શ્રી વડોદ પ્રાથમિક શાળા
**જિલ્લો :** રાજકોટ
**મોબાઈલ નંબર :** 8511656623
**ઈમેલ :** jigneshdholakiya91@gmail.com
**નવતર પ્રયોગની કેટેગરી :** વિશેષ કાર્યક્રમો
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જૂન ૨૦૨૩ થી..
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :**

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન, હેતુઓ :**

૧. ગુજરાતીમાં સારા અક્ષર કરી શકે છે.
૨. પોતાના અક્ષરો બતાવવામાં શરમ ન અનુભવે
૩. ગુજરાતી લેખનમાં રસ વધે
૪. ગુજરાતી ભાષાનું જ્ઞાન વધે

**અમલીકરણ વ્યૂહરચના :**

૧. અગાઉ વર્ષ ૨૦૨૧ માં વિદ્યાર્થીઓ કર્સીવ રાઈટીંગમાં અંગ્રેજી લખતા હતા, પરંતુ ગુજરાતી ભાષામાં અક્ષરો ખુબ નબળા જોવા મળ્યા તે માટે વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષામાં સારા અક્ષર કરી શકે તેથી ફોરલ લાઇન બુક તૈયાર કરાવી હતી. આ બુકમાં મારા દવારા મૂળાક્ષરો, શબ્દો અને વાક્યો વિદ્યાર્થીઓને વ્યકિતગત બોલાવીને લખી આપવાથી વિદ્યાર્થીઓ હવે ગુજરાતી ભાષામાં સુંદર અક્ષરો કરે છે.
૨. વિદ્યાર્થીઓ પોતાના અંગ્રેજી અક્ષરો હોંશે હોંશે બતાવતા, પણ ગુજરાતી ભાષામાં અક્ષરો સુંદર ન હોવાથી શિક્ષકને પોતાનું ગૃહકાર્ય બતાવવામાં શરમ અનુભવાતી જે હવે દૂર થઇ છે.
૩. સુંદર અક્ષરો થવાથી ગુજરાતી લેખન કરવામાં બાળકને આનંદ આવે છે. પોતાની જાતે જ દરરોજ સુંદર અક્ષરોના ફકરાઓ લખી આવે છે. આમ, ગુજરાતી લેખનમાં રસ વધ્યો.
૪. સુંદર અક્ષરો લખવા માટે બાળકો વધુ ને વધુ ફકરાનું લેખન કરવા લાગ્યા. આમ, તેનું સ્વઅધ્યયન વધી શક્યુ અનેભાષાના જ્ઞાનમાં વધારો થઇ શકયો.


**ઉપયોગિતા :**

૧. વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા લેખન કરવામાં ઉત્સાહ વધ્યો.
૨. ગુજરાતી ભાષામાં અક્ષરો સુંદર બન્યા.
૩. શિક્ષકોની વારંવારની અક્ષર સુધારવાની સૂચના માંથી મુક્તિ મળી.
૪. મિત્રો પરિવાર અને સગા વ્હાલાને અક્ષર બતાવીને વિદ્યાર્થીઓને ગર્વ થયો.
૫. એકમ કસોટીમાં સુવાચ્ય રીતે લખાણ કરી સારા માર્કસ મેળવી શક્યા.

**મૂલ્યાંકન :**

ધોરણ ૭ ના વર્ગના ૯૦% બાળકો ઉત્સાહથી ગુજરાતીમાં સુંદર અક્ષર કરે છે. ૮૨% બાળકો પોતાના અક્ષરો બતાવવામાં શરમ અનુભવતા નથી. ૯૨% વિદ્યાર્થીઓને સુંદર અક્ષર કરવાથી ગુજરાતી લેખનમાં રસ વધ્યો છે. ૭૧% બાળકોનું ગુજરાતી ભાષામાં જ્ઞાન વધ્યુ છે.

| | | |
|---|---|---|
| 1 | સુંદર અક્ષરો કરે છે | 90% |
| 2 | શરમ અનુભવતા નથી | 82% |
| 3 | લેખનમાં રસ વધ્યો | 92% |
| 4 | ભાષાનું જ્ઞાન વધ્યું | 71% |




**પરિણામ :**

**વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા લેખન કરવામાં ઉત્સાહ વધ્યો. ગુજરાતી ભાષામાં અક્ષરો સુંદર બન્યા, શિક્ષકોની વારંવારની અક્ષર સુધારવાની સૂચનાઓ માંથી મુક્તિ મળી. મિત્રો, પરિવાર અને સગા વ્હાલાને અક્ષર બતાવીને વિદ્યાર્થીઓને ગર્વ થયો. એકમ કસોટીમાં સુવાચ્ય રીતે લખાણ કરી સારા માર્કસ મેળવી શકયા.**

**ઈનોવેશનનું નામ :** સ્વનિર્મિત શબ્દચિત્રો અને વ્યક્તિ ચિત્રોની અનોખી ઓળખ.

**ઈનોવેટર/શિક્ષકનું નામ :** અનિલકુમાર વી. વૈશ્નાણી
ઉર્મિલાબેન વી. લખધરીયા
**હોદ્દો :** મ.શિ.
**તાલુકો :** લોધીકા
**જિલ્લો :** રાજકોટ
**કલસ્ટર/ક્યુડીસી :** ખાંભા
**શાળાનું નામ :** શ્રી માખાવડ પ્રાથમિક શાળા
**ઈમેલ :** avv@6469gmail.com
uav@28770gmail.com
**મોબાઈલ નંબર :** 9537347946 & 9537192878





**નવતર પ્રયોગની કેટેગરી :** વિષય વસ્તુ પેડાગોજી

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામૂહિક

**નવતર પ્રયોગની શરૂઆત કયારથી કરવામાં આવેલ છે :** જૂન ૨૦૨૨

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** એપ્રિલ ૨૦૨૩

**નવતર પ્રયોગ કઈ અધ્યયન નિષ્પત્તિ સાથે સંકળાયેલ છે ?**

ધો. 2 : GJ.01, GJ.03, GJ.06, GJ.09, GJ.012, GJ.015, GJ.017, GJ018

ધો. 3 : G 301.5, G 305.1, G 305.6, G 305.7, G 305.4

ધો. 4 : G 401.8, G 406.1, G 406.3, G 401.8, G 406.5, G 406.6 G 404.7

ધો. 8 : SS 820, SS 818, SS 821, SS 815

NEP 2020 (પ્રકરણ 4 અને 12)

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન, હેતુઓ :**

૧. વિદ્યાર્થીઓ આપણા જુદાજુદા ક્ષેત્રના વ્યક્તિ વિશેષને ચિત્ર દ્વારા ઓળખે.
૨. વિદ્યાર્થીઓ વ્યક્તિ વિશેષના જીવનનો ટૂંકમાં પરિચય મેળવે સામાન્ય જ્ઞાન વધારશે.
૩. વિદ્યાર્થીઓ વ્યક્તિ વિશેષના જન્મદિવસ કે નિર્વાણ દિવસે કેલેન્ડર સાથે જોડશે.
૪. વિદ્યાર્થીઓ ધોરણ 8 સામાજિક વિજ્ઞાનની SS 820, SS818, SS821 અને SS815 નિષ્પતિ સિદ્ધ કરશે.
૫. વિદ્યાર્થીઓ ધોરણ 1 થી 4 ગુજરાતી ભાષાની વિવિધ નિષ્પતિ સિદ્ધ કરશે.
૬. ધોરણ–1 થી 4 ના વિદ્યાર્થીઓ વિવિધ શબ્દચિત્રોને ઓળખશે શબ્દભંડોળ વધશે.
૭. વિદ્યાર્થીઓ સામાન્યજ્ઞાન આધારિત વિવિધ બાહ્ય પરીક્ષાઓની તૈયારી કરશે પરીક્ષામાં સિધ્ધિ મેળવશે.
૮. વિદ્યાર્થીઓ ચિત્રકલા શીખશે, વિવિધ ચિત્રો નિર્માણ કરશે.
૯. વિદ્યાર્થીઓ ચિત્રકલાની સ્પર્ધાઓ અને બાહ્ય પરીક્ષામાં સિધ્ધિ મેળવશે.

**અમલીકરણ વ્યૂહરચના :**

૧. સૌ પ્રથમ પોસ્ટકાર્ડ પર વિવિધ સ્વતંત્રતાના સેનાનીઓ, રાજકીય નેતાઓ, વડાપ્રધાન, મુખ્યમંત્રીઓ, રમતવીરો, કવિઓ, લેખકો, સમાજસેવકો, પરમવીરચક્ર પ્રાપ્ત વીર સૈનિકો, વૈજ્ઞાનિકો, સંગીતજ્ઞો, ફિલ્મ કલાકારો વગેરે વ્યક્તિ વિશેષના ૩૦૦ જેટલા ચિત્રો દોરવામાં આવ્યા હતા.
૨. પોસ્ટકાર્ડ પર ૧૫૦ જેટલા વિવિધ શબ્દચિત્રો વિદ્યાર્થીઓના શબ્દભંડોળ આધારિત દોરવામાં આવ્યા હતા.
૩. આ રેખાચિત્રોમાં દરેક ચિત્રની સાથે વ્યક્તિ વિશેષના જીવનની અગત્યની માહિતી ટુંકમાં લખવામાં આવી હતી.
૪. વ્યક્તિ વિશેષ, જન્મતારીખ, નિર્વાણદિન કે વિશિષ્ટ ઘટનાની તારીખને કેલેન્ડરના દિવસો સાથે જોડવામાં આવી હતી.
૫. આ ચિત્રને તારીખ પ્રમાણે પ્રાર્થના સભામાં દર્શાવવામાં આવ્યા સાથે ટુંકી મૌખિક માહિતી આપવામાં આવી. માહિતી આધારિત મૌખિક પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી.
૬. જે તારીખ માટે વ્યક્તિ વિશેષનું ચિત્ર ઉપલબ્ધના હોય તે દિવસે શબ્દચિત્ર કોયડા સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા હતા.
૭. એક સપ્તાહમાં રજૂ થયેલ આ ચિત્ર કાર્ડને ફલેનલ બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.
૮. વિદ્યાર્થીઓને ચિત્ર અને માહિતીનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.
૯. મહિનાના અંતે તેમજ સત્રના અંતે જે તે માસ કે સત્રના ચિત્રોનું પ્રદર્શન કરી ઓળખનો મહાવરો કરાવવામાં આવ્યો.

૧૦. વિદ્યાર્થીઓને ધોરણ ૩/૪ ગુજરાતીની વિવિધ નિષ્પતિ અનુસાર શબ્દચિત્રનાં ચિત્રકાર્ડ દ્વારા શિક્ષણ આપવામાં આવ્યુ હતુ.

૧૧. ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ માટે સામાજિક વિજ્ઞાનની SS 818 નિષ્પતિ અનુસાર ચિત્રકાર્ડ દ્વારા શિક્ષણ આપવામાં આવ્યુ હતુ. અને માહિતી રજૂ કરવામાં આવી. વિષય શિક્ષક દ્વારા સઘન મહાવરો કરવામાં આવ્યો હતો.

૧૨. વિદ્યાર્થીઓને ૨–૦૦ વાગ્યાથી રીશેષમાં એક દિવસ ૩૦ મિનીટ વ્યક્તિ વિશેષના ચિત્રકાર્ડ અને વિવિધ પ્રવૃત્તિ દ્વારા સામાન્ય જ્ઞાન આધારિત વિવિધ બાહ્ય પરીક્ષા માટે તૈયારી કરાવવામાં આવી હતી. બીજા દિવસે ૨–૦૦ વાગ્યાની રીશેષમાં ચિત્ર દોરવાની તાલીમ અને ચિત્રકલાની વિવિધ સ્પર્ધાઓ, બાહ્ય પરીક્ષા માટે તૈયારી કરાવવામાં આવી હતી.

**ઉપયોગિતા :**

૧. નવતર પ્રયોગ દરેક શાળામાં પ્રાર્થના સભામાં દિન વિશેષ માહિતી માટે ઉપયોગી છે.

૨. નવતર પ્રયોગથી શાળાના દરેક વિદ્યાર્થીઓને વ્યક્તિ ચિત્રોનો પરિચય અને માહિતી મળે છે.

૩. નવતર પ્રયોગ ધોરણ ૬ થી ૮ ના સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષણ કાર્ય માટે ઉપયોગી છે.

૪. નવતર પ્રયોગ ધોરણ ૧ થી ૪ માં ગુજરાતી ભાષાના નિષ્પતિના શિક્ષણ કાર્ય માટે ઉપયોગી છે.

૫. PRIMARY SCHOLARSHIP EXAM અને COMMON ENTEANCE TEST (CET) EXAM ની તૈયારી કરવા માટે ઉપયોગી છે.

૬. નવતર પ્રયોગ વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાનના વધારા માટે ઉપયોગી છે. વિવિધ બાહ્ય પરીક્ષા માટે ઉપયોગી છે.

૭. નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓમાં ચિત્રકળા પ્રત્યે પણ રુચિ જાગૃત થાય છે. વિવિધ ચિત્રકલા સ્પર્ધા બાહ્ય પરીક્ષા માટે ઉપયોગી છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

૧. ત્રિમાસિક પ્રદર્શિત થયેલ મહાનુભાવો ચિત્રની પ્રત્યક્ષ ઓળખ કસોટી કરવામાં આવેલ હતી.

૨. ધોરણ ૧,૨,૩ અને ૪ માં ગુજરાતી ભાષાની નિષ્પતિ આધારિત મૌખિક કસોટી લેવામાં આવી હતી.

૩. ધોરણ ૮ સામાજિક વિજ્ઞાનની SS 820, SS 818 અને SS 821 નિષ્પતિ આધારિત કસોટી લેવામાં આવી હતી.

૪. વિદ્યાર્થીઓને વિવિધ બાહ્ય પરીક્ષા PRIMARY SCHOLARSHIP EXAM 2022-23 અને COMMON ENTERANCE TEST (CET) EXAM 2023 અપાવવામાં આવી હતી.

૫. સરકાર માન્ય સામાન્ય જ્ઞાન આધારિત ભારત વિકાસ પરિષદ દ્વારા થતી 'ભારત કો જાનો પ્રશ્ન મંચ' સ્પર્ધામાં ભાગ લેવડાવવામાં આવ્યો હતો.

૬. વિદ્યાર્થીઓને કલા મહોત્સવની ચિત્રકલા સ્પર્ધા, KIDZZ GOT TALENT DRAWING COMPETITION અને એલીમેન્ટરી ડ્રોઈંગ એકઝામ પરીક્ષા આપવામાં આવી હતી.

**નવતર પ્રયોગનું પરિણામ :**

| નવતર પ્રયોગ પહેલા વિદ્યાર્થીઓની ચિત્ર ઓળખ મૌખિક પ્રશ્ન કસોટી નું પરિણામ | | | | | નવતર પ્રયોગ દરમ્યાન ત્રિમાસિક પ્રદર્શિત થયેલ વ્યક્તિ ચિત્રની પ્રત્યક્ષ ઓળખ કસોટી-નું પરિણામ | | |
|---|---|---|---|---|---|---|---|
| ધોરણ | વિદ્યાર્થીની સંખ્યા | કસોટી આપેલ વિદ્યાર્થી | પરિણામ | | વિદ્યાર્થીની સંખ્યા | કસોટી આપેલ વિદ્યાર્થી | પરિણામ |
| 3 | 21 | 19 | 0% | | 21 | 18 | 40 % |
| 4 | 15 | 14 | 0% | | 15 | 15 | 62 % |
| 5 | 18 | 16 | 4% | | 18 | 15 | 60 % |
| 6 | 15 | 12 | 4% | | 15 | 13 | 64 % |
| 7 | 15 | 14 | 5% | | 15 | 12 | 62 % |
| 8 | 20 | 19 | 6% | | 20 | 17 | 68 % |

## અધ્યયન નિષ્પતિ આધારિત મૂલ્યાંકનનું તુલનાત્મક પરિણામ

| વર્ષ -2021-2022 | | વર્ષ -2022-2023 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| એકમ કસોટીન નિષ્પત્તિ પરિણામ | | ધોરણ-3માં ગુજરાતી ભાષાની નિષ્પત્તિ આધારિત કસોટીનું પરિણામ | | | | | | | |
| | વિદ્યાર્થીની સંખ્યા | નિષ્પત નંબર | | | | | | | |
| ધોરણ-3 | | 301.5 | 305.1 | 305.6 | 305.7 | 305.4 | | એકંદર પરિણામ | |
| 70 % | 21 | 21 | 21 | 20 | 18 | 18 | | | 93% |
| | | | | | | | | | |
| ધોરણ-4 | | ધોરણ-4માં ગુજરાતી ભાષાની નિષ્પત્તિ આધારિત કસોટીનું પરિણામ | | | | | | | |
| | | 401.8 | 406.1 | 406.3 | 401.8 | 406.5 | 406.6 | 404.7 | |
| 78% | 15 | 15 | 15 | 15 | 15 | 14 | 13 | 13 | 95% |
| | | | | | | | | | |
| ધોરણ-8 | | ધોરણ-8 સામાજિક વિજ્ઞાનની નિષ્પત્તિ આધારિત કસોટીનું પરિણામ | | | | | | | |
| | | 820 | 818 | 821 | 815 | | | | |
| 72% | 20 | 18 | 17 | 17 | 17 | | | | 85% |

## વિદ્યાર્થીઓનું સામાન્ય જ્ઞાન આધારિત વિવિધ બાહ્ય પરીક્ષા પરિણામ

| વર્ષ 2021-2022 | PRIMARY SCHOLARSHIP EXAM-2022-23 RESULT | | |
|---|---|---|---|
| | ક્રમ | વિદ્યાર્થીનું નામ | પરિણામ –ગુણ |
| | 1 | હાર્દિક મહેશભાઈ બારીયા | પાસ 111 |
| કોઈ વિદ્યાર્થીઓ પાસ થયેલ નથી | 2 | હર્ષિલ કિરીટભાઈ પરમાર | પાસ 96 |
| | 3 | શિવમગીરી પરેશગીરી ગૌસ્વામી | પાસ 81 |
| | 4 | હંસા બદ્દભાઈ ભાભોર | પાસ 77 |
| | 5 | ધારા બાલુભાઈ બારડ | પાસ 76 |

| વર્ષ 2021-2022 | COMMON ENTRANCE TEST(CET)EXAM -2023 RESULT | | | |
|---|---|---|---|---|
| | ક્રમ | વિદ્યાર્થીનું નામ | 100 માંથી મેળવેલ ગુણ | મેરીટ ક્રમાંક |
| આવી પરીક્ષા અપાયેલ નથી | 1 | હાર્દિક મહેશભાઈ બારીયા | 85 | 10598 |
| | 2 | હર્ષિલ કિરીટભાઈ પરમાર | 76 | 23247 |
| | 3 | મહેક ચંદ્રભાઇ પરમાર | 75 | 26048 |
| | 4 | દ્રષ્ટી વસંતભાઈ લુણસિયા | 67 | 41577 |

**ભારત વિકાસ પરિષદ 'ભારત કો જાનો - પ્રશ્ન મંચ' ઝોન કક્ષા સ્પર્ધા 2022-23 માં ત્રણ વિદ્યાર્થીઓ વિજેતા થયેલ છે.**

**ચિત્રકળા સ્પર્ધા પરિણામ**

| વર્ષ 2021-2022 | KIDZZ GOT TALENT DRAWING COMPETITION-2022-2023 | | | | |
|---|---|---|---|---|---|
| | ક્રમ | વિદ્યાર્થીનું નામ | ધોરણ | પરિણામ | મળેલ ઇનામ |
| | 1 | રિતિકા જે. મૌર્ય | 4 | વિજેતા | પ્રમાણપત્ર –શૈક્ષણિક કિટ કિં.1000રૂ |
| આવી સ્પર્ધામાં ભાગ લેવાયેલ નથી | 2 | માહી આર.પરમાર | 4 | વિજેતા | પ્રમાણપત્ર –શૈક્ષણિક કિટ કિં.1000રૂ |
| | 3 | સુહાની જે. પરમાર | 4 | વિજેતા | પ્રમાણપત્ર –શૈક્ષણિક કિટ કિં.1000રૂ |
| | 4 | દ્રષ્ટી વી.લુણસિયા | 5 | વિજેતા | પ્રમાણપત્ર –શૈક્ષણિક કિટ કિં.1000રૂ |

**કલા મહોત્સવ ચિત્રકળા સ્પર્ધા :**

**ધો.૬ લુસણિયા ધારાનો સીઆરસી કક્ષાએ બીઆરસી કક્ષાએ પ્રથમ નંબર આવેલ, જિલ્લાકક્ષાએ ભાગ લીધેલ.**
**રાજ્ય પરીક્ષાબોર્ડ દ્વારા લેવાયેલ 'એલીમેન્ટરી ડ્રોઈંગ એકઝામ' માં ૧૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા રીઝલ્ટ બાકી છે.**

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**
**આ નવતર પ્રયોગ હાલ માખાવડ પ્રાથમિક શાળામાં કાર્યરત છે.**

**ક્યુઆર કોડ, ફોટોગ્રાફ, વિડીયો લિંક :**

**ઈનોવેશનની અન્ય વિગત**



**ઈનોવેશનનું નામ :** વર્ગખંડમાં વિશ્વ દર્શન

**ઈનોવેટર/શિક્ષકનું નામ :** ખ્યાતિબેન મહેશચંદ્ર ભટ્ટ

**હોદ્દો :** શિક્ષક સહાયક

**ક્લસ્ટર/ક્યુડીસી :** વાજસુરપરા

**તાલુકો :** જસદણ

**શાળાનું નામ :** મોડેલ સ્કૂલ, જસદણ

**જિલ્લો :** રાજકોટ

**મોબાઈલ નંબર :** 9913552887

**ઈમેલ :** khyatiraval03@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષય વસ્તુ પેડાગોજી આધારિત તેમજ ટેકનોલોજીનો ઉપયોગ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** માર્ચ ૨૦૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ચાલુ છે.

**નવતર પ્રયોગ કઈ અધ્યયન નિષ્પત્તિ સાથે સંકળાયેલ છે ?**

ધો. 9 : S0901, S0902, S0903, S0904, S0905, S0906, S0907, S0908, S0909, S0910, S0912, S0911, S0916, S0915, S0917, S0925, S0926, S0927, S0928, S9030, S0931, S0934, S0936, S0937, S0939, S0940, S0941, S0946, S0947, S0938

ધો. 10 : S1001, S1002, S1003, S1004, S1005, S1006, S1007, S1008, S1010, S1011, S1013, S1014, S1015, S1016 ,S1017, S1018, S1022, S1024, S1025, S1026, S1028, S1029, S1030, S1033, , S1037, S1040, S1041, S1042, S1043,1044.

**નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન, હેતુઓ :**

૧. વિદ્યાર્થીઓમાં સહાનુભૂતિ, સમાનતા, સ્વતંત્રતા, ન્યાય, બંધુત્વ, ગૌરવ અને સંવાદિતા જેવા મૂલ્યોનો વિકાસ થાય.
૨. વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયની દરેક પેટા શાખા માટે ઘટનાઓ, પ્રક્રિયાઓ અને કાર્યકારણ સંબંધ, વિશ્લેષણ, પૃથ્થકરણ અને તર્કસંગત અભિગમ દ્વારા નિષ્કર્ષ સુધી પહોંચવા પ્રયત્ન કરે.
૩. વિદ્યાર્થીઓ વિષયની વિવિધ સંકલ્પનાઓને વિવિધ તકનીકોનો ઉપયોગ કરી સરળ બનાવે.
૪. વિદ્યાર્થીઓ ભારતના વિશિષ્ટ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાનો ગૌરવ અનુભવે.
૫. વિદ્યાર્થીઓ કુદરતી સંસાધનોના સંરક્ષણ અને જતન પર ભાર મુકતા ટકાઉ વિકાસને ઓળખવામાં તેમજ સામાજિક સમસ્યાઓ અને કુદરતી આફતો જેવા પડકારોનો સામનો કરવા સક્ષમ બને.
૬. વિદ્યાર્થીઓમાં લોકશાહીના સિદ્ધાંતો, નાગરિકત્વના મૂલ્યો, હકો અને ફરજો, સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સંદર્ભમાં આત્મસાત થાય.
૭. વિદ્યાર્થીઓ વિષયની વિવિધ શાખાઓના આંતરિક અને શાખા શાખા વચ્ચેના અનુબંધ તેમજ આંતર સંબંધોને સમજવા પ્રયત્ન કરે.
૮. વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયનો અભ્યાસ અત્યંત રસ પૂર્વક કરે.

**અમલીકરણ વ્યૂહરચના :**

ઉપર મુજબના તમામ હેતુઓને સિદ્ધ કરવા વિષયને અનુરૂપ અલગ વર્ગખંડ બનાવવા નક્કી કર્યુ હતુ. સામાજિક વિજ્ઞાનની ખૂબ અગત્યની શાખા એટલે ભૂગોળ : ભૂગોળને સારી રીતે સમજવા માટે સૌપ્રથમ વર્ગખંડની એક દિવાલ પર ગુજરાત, ભારત અને વિશ્વના મોટા નકશાઓ દોરી, તેને રંગ પુરી એક GEOGRAPHY WALL તૈયાર કરવામાં આવી હતી. વચ્ચે જયાં થોડી જગ્યા હતી, ત્યાં ભારતના રાજ્યો, પાટનગર અને ભાષા દર્શાવતું એક TLM મુકવામાં આવ્યુ હતુ. જે એક વર્કિંગ મોડેલ હતું. જેને ત્રણ ભાગમાં અલગ અલગ નાના મોટા સર્કલ બનાવી, વચ્ચેથી રિવેટ લગાવી એવી રીતે જોડવામાં આવ્યુ કે તેના ગોળ આકારને ફેરવીને વિદ્યાર્થીઓ જાતે ભારતના રાજ્ય તેમના પાટનગર અને ત્યાંની ભાષાને જોડી પોતાની જ્ઞાનની ચકાસણી કરી શકે. ત્યારબાદ ટ્રાન્સપરન્ટ શીટ પર બટર પેપરની મદદથી જુદી જુદી માહિતી દર્શાવતા નકશાઓ તૈયાર કર્યા હતા. આ નકશાઓ એ રીતે બનાવ્યા હતા કે વિદ્યાર્થીઓ એટલાસના પુસ્તક પર આ નકશાઓ મુકે એટલે તેઓને જે માહિતી જોઈએ છીએ તે પ્રદેશને જાણી શકે આ ખંડમાં એક પૃથ્વીનો ગોળો પણ મૂકવામાં આવ્યો હતો. જેથી વિદ્યાર્થીઓ વિશ્વની ભૌગોલિક પરિસ્થિતિથી પણ વાકેફ થાય. GEOGRAPHY WALL તેમજ અન્ય TLM ને લીધે વિદ્યાર્થીઓ ભૂગોળની વિવિધ સંકલ્પનાઓને વિવિધ તકનીકોના ઉપયોગથી સરળ બનાવતા થયા.

સામાજિક વિજ્ઞાન વિષયની બીજી અગત્યની શાખા એટલે અર્થશાસ્ત્ર અને નાગરિકશાસ્ત્ર : જેને સારી રીતે સમજવા માટે જુદા જુદા ચાર્ટસ બનાવીને મૂકવામાં આવ્યા હતા. આ ચાર્ટસમાં કઠિન મુદ્દાઓને ટુંકુ સ્વરૂપ આપી મુખ્ય મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. તેમજ સ્વાધ્યાયના અતિ અગત્યના પ્રશ્નો તેમાં લખવામાં આવ્યા હતા. આ સિવાય વર્ગખંડમાં મોક અદાલત તેમજ મોક ચુટણી જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. ચુંટણી પ્રક્રિયા માટે એક EVM મશીન તૈયાર કરવામાં આવ્યુ હતુ જે એક વર્કિંગ મૉડેલ હતુ. આ મૉડેલ યુટ્યુબ માંથી વિડીયો જોઇ બનાવવામાં આવ્યુ હતુ. તેની આખી સર્કિટ તેમજ અલગ અલગ ભાગોને જોડીને મૉડેલ તૈયાર કરવામાં આવ્યુ હતું. જેમા મત આપવાની સાથે સાથે મત ગણતરી પણ થઇ શકતી હતી. શાળામાં બાળ સંસદની પ્રવૃત્તિ પણ કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ચુંટણીમાં ઉભા રહેલા ઉમેદવારો, ચુંટણી અધિકારીઓ તેમજ મતદાતાઓની ભૂમિકા પણ બજાવી હતી. છેલ્લે મત ગણતરી કરી અને પરિણામ જાહેર કર્યા હતા. વિદ્યાર્થીઓ સરકારના અંગોને સારી રીતે સમજયા તેમજ લોકશાહીના મૂલ્યો, પરસ્પર આદર, ન્યાય તેમજ સંવાદીતાથી પરિચિત થયા.

સામાજિક વિજ્ઞાન વિષયની ખૂબ અગત્યની ત્રીજી શાખા એટલે ઈતિહાસ : વિદ્યાર્થીઓ ભારત અને વિશ્વના ઈતિહાસને સારી રીતે જાણી શકે તેમ જ ભારતના સમન્વિત સાંસ્કૃતિક વારસાનો ગૌરવ અનુભવે તે હેતુથી આ વિશિષ્ટ વર્ગખંડની બે દીવાલોને HISTORY WALL તરીકે તૈયાર કરવામાં આવી હતી. આ દિવાલો પર ભારતના સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ મહાનુભાવોના ફોટોગ્રાફ સહિત તેમનો પરિચય અને કાર્યો દર્શાવતા લેમિનેશન કરેલા ચાર્ટસ મૂકવામાં આવ્યા હતા. આ સિવાય UN ના કાર્યો તેમજ તેમની શાખા સંસ્થાઓની માહિતી દર્શાવતા ચાર્ટસ તેમજ ભારતના લોકનૃત્યોના ચાર્ટસ પણ મુકવામાં આવ્યા હતા. ધો.૧૦ ના વિદ્યાર્થીઓ માટે ખાસ ભારતની લલિત કલાઓ, વિશ્વ ધરોહર તરીકે સ્થાન ધરાવતા સ્થળો, પ્રાચીન ભારતનું નગર આયોજન, જેવા વિશિષ્ટ ચાર્ટ 5x4 ના બેનર સ્વરુપે તૈયાર કરી દિવાલો પર લગાવવામાં આવ્યા હતા. જેના દ્વારા HISTORY WALL ની સુંદરતામાં ખુબ વધારો થયો હતો. વિદ્યાર્થીઓ ભારતના વૈવિધ્યપૂર્ણ વારસાનો ગૌરવ અનુભવતા થયા તેમજ ભારતના સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવનમાંથી પ્રેરણા લેતા શીખ્યા હતા. હવે તેઓ ઈતિહાસના કઠીન મુદ્દાઓને સરળતાથી સમજીને યાદ રાખી શકે છે.

**ઉપયોગિતા :**

૧. વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર કરી શકાય છે.
૨. તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પાડી શકાય છે.
૩. વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યોનો વિકાસ કરી શકાય છે.
૪. વિદ્યાર્થીઓને કઠીન મુદ્દાઓ સરળતાથી સમજાવી શકાય છે.
૫. સામાજિક વિજ્ઞાનને અત્યંત રસપ્રદ બનાવી શકાય છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

૧. વિવિધ મુદ્દાઓની મૌખિક પ્રશ્નોત્તરી ગોઠવવામાં આવી હતી.
૨. અભ્યાસક્રમના મુદ્દાઓની ચર્ચા રાખવામાં આવી હતી. તેમજ વિવિધ પ્રકારની પઝલ્સ સોલ્વ કરવા માટે આપવામાં આવી હતી.
૩. કલાસ ટેસ્ટ તેમજ એકમ કસોટીઓ પણ લેવામાં આવી.
૪. આપણા દેશના રાજયો, તેમના પાટનગર તેમજ ભાષાઓને TLM મા ગોઠવવાનું કાર્ય આપવામાં આવેલ હતું.


**નવતર પ્રયોગનું પરિણામ :**


૧. વિદ્યાર્થીઓમાં સહાનુભૂતિ, સમાનતા, સ્વતંત્રતા, ન્યાય, બંધુત્વ જેવા મૂલ્યોનો વિકાસ થયો.
૨. વિદ્યાર્થીઓ પ્રાકૃતિક તેમજ ભૌગોલિક સંકલ્પનાઓ વર્ણવતા થયા.
૩. વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનની વિવિધ શાખાઓના આંતરિક અને શાખા શાખા વચ્ચેના અનુબંધ તેમજ આંતર સંબંધોને સમજતા થયા.
૪. વિદ્યાર્થીઓ વિશિષ્ટ ખંડમાં ગોઠવવામાં આવતી પ્રશ્નોત્તરી તેમજ ચર્ચાઓમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેતા થયા.
૫. વિદ્યાર્થીઓની કલાસ ટેસ્ટ તથા એકમ કસોટીના ગુણમાં પણ સકારાત્મક ફેરફારો જોવા મળ્યા જે ગ્રાફ સ્વરુપે દર્શાવેલ છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

૧. હાલ પ્રયોગ ચાલુ છે.
૨. વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક સામાજિક વિજ્ઞાન વિષયના કઠિન લાગતા મુદ્દાઓને વર્ગખંડમાં જઇને સરળતાથી સમજે છે.
૩. જરૂર પડે વર્ગખંડમાં સકારાત્મક ફેરફારો કરવામાં આવશે.

**ક્યુઆર કોડ, ફોટોગ્રાફ, વિડીયો લિંક :**



**વિડીયો લિંક માટે ક્યુઆર કોડ**



**ઈનોવેશનનું નામ :** નજીવા ખર્ચની પાઠ, પ્રયોગ, પરિવાર, આરોગ્ય અને વેપારશાળા
**ઈનોવેટર/શિક્ષકનું નામ :** વાગડિયા નિકુંજ રસિકભાઈ **હોદ્દો :** મ. શિક્ષક
**કલસ્ટર/ક્યુડીસી :** નવી કન્યા તાલુકા શાળા, વેરાવળ, શાપર **તાલુકો :** કોટડા સાંગાણી
**શાળાનું નામ :** ફિલ્ડમાર્શલ હાઈસ્કૂલ, વેરાવળ (શાપર) **જિલ્લો :** રાજકોટ
**મોબાઈલ નંબર :** 8401096660 **ઈમેલ :** nikunjs525@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** વિષય વસ્તુ પેડાગોજી આધારિત તેમજ ટેકનોલોજીનો ઉપયોગ
**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** વર્ષ ૨૦૧૮-૧૯
**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ચાલુ છે.
**નવતર પ્રયોગ કઈ અધ્યયન નિષ્પત્તિ સાથે સંકળાયેલ છે ?** ધો. 11 ACC-1101-8, 1102-05, 1103
ધો. 12 1201-4, 1201-05, 1202-3, 1202-7, 1202-9

**નિકુંજ વાગડિયા એકાઉન્ટન્સી લૂડો રમત : પરિચય**

એચ.એસ.સી.બોર્ડ (સામાન્ય પ્રવાહ)ના ધો.૧૧ અને ૧૨ ના ત્રણ અતિ અઘરા વિષયો, વિદ્યાર્થીઓને ભણતરના ભાર વિના, રમત અને તાર્કિક, વ્યવહારિક, ક્રિયાત્મક અને પ્રાયોગિક પ્રવૃત્તિઓ દ્વારા શીખવી, વ્યક્તિત્વનો સર્વાંગીણ વિકાસ કરતી, આ વિશ્વની સૌ પ્રથમ આ પ્રકારની શૈક્ષણિત રમત છે. જેનું સર્જન અને નિર્માણ શૈક્ષણિક સંશોધનશાસ્ત્ર મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રની વૈજ્ઞાનિક પૃષ્ઠભૂમિ પર કરવામાં આવ્યુ છે. આ રમતને વર્ષ ૨૦૨૨ માં શિક્ષણ મંત્રાલય, કેન્દ્ર સરકાર દવારા ટોયકેથન કાર્યક્રમ અંતર્ગત, દિલ્હી ખાતે રાષ્ટ્રના સર્વશ્રેષ્ઠ ઉપકરણ તરીકેનો રાષ્ટ્રીય એવોર્ડ એનાયત થયેલ છે.

આ રમતનું બાહ્ય સ્વરુપ વિશ્વભરના તરુણો, યુવાનોમાં અતિપ્રિય લુડો રમત જેવુ જ છે. પરંતુ તે લુડો રમવાના આનંદ સાથે ખુબ જ તાર્કિક રીતે; સામાન્ય પ્રવાહના ત્રણ અઘરા વિષયો : (૧) નામુ (૨) અર્થશાસ્ત્ર અને (૩) વાણિજ્ય વ્યવસ્થા વિષય, પ્રાયોગિક, તર્કબદ્ધ, વાસ્તવદર્શી અનુભવો અને વિષયોના પારસ્પરિક અનુબંધ દ્વારા શીખવે છે. જે આ પ્રકારની વિશ્વની સૌ પ્રથમ અને એકમાત્ર બોર્ડ ગેઈમ છે. જે એક ભારતીય સંશોધક અને રાષ્ટ્રીય કક્ષાના શૈક્ષણિક ઉપકરણ નિર્માતાનું મૌલિક સર્જન અને સંશોધન છે. જેથી રમતના બહુઆયામી કાર્યોને ધ્યાનમાં લેતા તેનું શીર્ષક નજીવા ખર્ચની પાઠ, પ્રયોગ, પરિવાર, આરોગ્ય અને વેપાર શાળા રાખવામાં આવ્યુ છે.

**ઉપયોગિતા :**

આ અદ્દ્ભૂત સર્જનાત્મક રમત કોઈપણ શાળામાં, કોઈપણ પ્રકારનાં વિદ્યાર્થીઓ (શહેરી કે ગ્રામ્ય, છોકરો કે છોકરી, સામાન્ય કે દિવ્યાંગ, મંદ કે પ્રીતિભાશાળી) માટે ખુબ જ નજીવા ખર્ચે અને કોઈપણ પ્રકારની વિશેષ વ્યવસ્થા ઉભી કર્યા વિના સમાન અને અસરકારક રીતે લાગુ કરી શકાય છે. જે NCERT સૂચિત ધો. ૧૧ અને ૧૨નાં શૈક્ષણિક નિષ્પતિ ક્રમ ACC ૧૧૦૩.૧ અને ACC ૧૨૦૧.૪, ૧૨૦૧.૫, ૧૨૦૨.૩, ૧૨૦૨.૭ તેમજ શિક્ષણ નિતી ૨૦૨૦ ના પ્રકરણ ૪ ના ક્રમ : ૪.૪, ૪.૫, ૪.૬, ૪.૭, ૪.૮, ૪.૨૩, ૪.૨૬, ૪.૩૧, ૪.૩૭ અને પ્રકરણ ૨૦ માં સૂચિત માર્ગદર્શિકાઓ અનુસાર સંયુક્ત અને સંતુલિત રીતે સર્વોત્તમ શિક્ષણની વ્યવસ્થા કરી આપતુ, વર્તમાનમાં ઉપલબ્ધ એકમાત્ર માધ્યમ અને સાધન છે. જેના દ્વારા ઉપરોક્ત શૈક્ષણિક નિષ્પત્તિઓ સર્વોત્તમ રીતે પ્રાપ્ત થઈ ચૂકેલ છે. જે પ્રસ્તુત પ્રયોગના પરિણામોને આધારે કહી શકાય છે.

**આ રમતના હેતુઓ :**

વિદ્યાર્થીઓ વાણિજ્ય શાખાના ધોરણ ૧૧ અને ૧૨ (બોર્ડ) ના નામાનાં મૂળતત્વો, અર્થશાસ્ત્ર અને વાણિજ્ય વ્યવસ્થા જેવાં તકનિકી અને ગાણિતિક વિષયોની ગોખણપટ્ટી કરવાને બદલે, રમતાં રમતાં પ્રયોગ, સંશોધન, અન્વેષણ, અનુભવ અને વ્યવહારિક પ્રવૃત્તિઓ તેમજ અનુબંધ કરતા કરતા, તાર્કિક અને ક્રિયાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ભણતરના ભાર કે તાણ વિના, સરળ, સહજ, રસપ્રદ અને અસરકારક રીતે, વિવેચનાત્મક અને વિશ્લેષણાત્મક દ્રષ્ટિથી શીખે, તેઓમાં નૈતિક, માનવીય, રાષ્ટ્રીય મૂલ્યો તથા ઉત્પાદકીય અને વ્યવસાયિક કૌશલ્યોની ખીલવણી થાય. જેથી વૈયક્તિક અને રાષ્ટ્રીય ઉન્નતિ થાય. રાજયનું આર્થિક ભારણ ઘટે. દફતરનો ભાર હળવો બને અને દફતર વગરના દિવસોનું શિક્ષણ આનંદપ્રદ અને ઉત્પાદક નિવડે.

વિદ્યાર્થીઓ મોબાઈલ ગેઈમીંગ, ઓનલાઇન ગેઈમીંગ અને સોશ્યિલ મીડીયાના વળગણમાંથી છુટે. તેઓ મોબાઈલના શૈક્ષણિક અને ઉત્પાદકીય વપરાશ તરફ વળે, તેઓ બોર્ડની પરીક્ષામાં ઉત્તમ દેખાવ સાથે સર્વોત્તમ ગુણ પ્રાપ્ત કરે. રાજ્યમાં બોર્ડની પરીક્ષામાં એકપણ વિદ્યાર્થી અનુતીર્ણ ન થાય.

વિદ્યાર્થીઓની અધ્યયન વિષયો માટેની સમજણ, ધારણ, અર્થગ્રહણ, સંશ્લેષણ, ચિંતન, તર્ક અને સમસ્યા સમાધાન અને ઉદ્યમ સંબંધી ક્ષમતા અને દક્ષતા તેના પૂર્ણ સ્વરૂપે વિકસે અને તેના ઉચ્ચતમ સ્તર સુધી પહોંચે.

વાણિજ્ય પ્રવાહના ધોરણ ૧૨ ના ગાણિતિક અને તકનિકિ વિષય નામાના મૂળતત્વો માં HSC Board Exam માં દરવર્ષે અનુતીર્ણ જાહેર થતા આશરે ૩૦,૦૦૦ નિયમિત વિદ્યાર્થીઓનો આંકડો શૂન્ય સુધી પહોંચાડવો. એટલે કે આ વિષયમાં રાજયમાં એકપણ વિદ્યાર્થીને નાપાસ ન થવા દેવુ. (સંદર્ભ આંકડા HSC પરિણામ પુસ્તકા માર્ચ ૨૦૨૩)

**અમલીકરણ વ્યૂહરચના :**

૧. આ રમત સર્જનાત્મક અને શૈક્ષણિક બોર્ડ ગેઈમ અને વિશિષ્ટ શૈક્ષણિક સામગ્રી (૧) વેપાર, વાણિજ્ય લૂડો ગેઇમ બોર્ડ (૨) વિવિધ ભાતના ગાણિતિક પાસાઓ, વ્યક્તિ, માલમિલ્કત અને ઉપજ ખર્ચ ખાતાની વાસ્તવદર્શી કુકરીઓ (૩) સર્જનાત્મક વેપાર વાણિજ્ય કાર્ડઝ દ્વારા એકાંકી વિદ્યાર્થી દ્વારા કે પછી બે થી દસ વિદ્યાર્થીઓના જૂથમાં તેઓને ઉપલબ્ધ સમયની અનુકુળતા મુજબ શાળા સમય દરમ્યાન કે તે પછી મિત્રવૃંદ સાથે કે પરિવાર સાથે કોઇપણ વિશેષ વ્યવસ્થા ઉભી કર્યા વિના રમી, રમતા રમતા વિષયો આનંદ પૂર્વક શીખી શકાય. રમત રમવા માટે શિક્ષક કે માગદર્શકની ભૂમિકા અનિવાર્ય નથી.
૨. સોપાન–૧ : વિદ્યાર્થીઓને વિષય વસ્તુનું ચીલાચાલુ પદ્ધતિ દ્વારા અધ્યાપન કરાવવું અને પૂર્વ કસોટી લેવી.
૩. સોપાન–૨ : વિદ્યાર્થીઓને સર્જનાત્મક વેપાર, વાણિજય કાર્ડઝના ઉપયોગ વડે વિષયવસ્તુ સમજવા આપી.
૪. સોપાન–૩ : વિદ્યાર્થીઓને નિયમોની સમજૂતી આપી. તેઓને વેપાર, વાણિજ્ય લૂડો ગેઇમ બોર્ડ, વિવિધ ભાતના ગાણિતિક પાસાઓ અને વ્યક્તિ, માલ મિલ્કત અને ઉપજ ખર્ચ ખાતાની વાસ્તવદર્શી કુકરીઓના ઉપયોગ વડે રમત ૧૦ દિવસ માટે રમવા માટે આપવી.
૫. સોપાન–૪ : વિદ્યાર્થીઓની ઉત્તર કસોટી લઇ, તેઓની શૈક્ષણિક સિદ્ધિનુ મૂલ્યાંકન કરવું.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

૧. ધો. ૧૨ ના વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૨૩ માં આપેલી ૧૦૦ ગુણની (૧) પ્રિલિમ્સ કસોટીના ગુણ (T1) અને (૨) એચ.એસ.સી. બોર્ડની વાર્ષિક પરીક્ષામાં પ્રાપ્ત કરેલ ગુણ (T2) ના સરેરાશ તફાવતને ધ્યાનમાં લઇ પ્રયોગની અસરકારકતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યુ હતું.
૨. કોટડા સાંગાણી તાલુકાની અન્ય ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાના સામાન્ય પ્રવાહના માર્ચ ૨૦૨૩ ના એચ.એસ.સી. બોર્ડના પરિણામ સાથે તુલના કરી મૂલ્યાંકન કરવામાં આવ્યુ હતું.
૩. વિદ્યાર્થીઓ પાસેથી મુક્ત અભિપ્રાયો મેળવી તેઓના વર્તન પરિવર્તનલક્ષી ગુણાત્મક પાસાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

**નવતર પ્રયોગનું પરિણામ :**

➢ **પ્રયોગ પૂર્વે અને પ્રયોગ બાદ અમારી શાળાનું HSC બોર્ડનું છેલ્લા છ વર્ષનું પરિણામ :**

| પ્રયોગ પૂર્વે પરિણામ | આ રમતના પ્રયોગ બાદ શાળાનું પરિણામ | | | | |
|---|---|---|---|---|---|
| શૈ. વર્ષ ૨૦૧૭ – ૧૮ | વર્ષ : ૧૮ - ૨૦૧૯ | વર્ષ : - ૧૯ - ૨૦૨૦ | વર્ષ : ૨૦ - ૨૦૨૧ | વર્ષ : ૨૧ - ૨૦૨૨ | વર્ષ : ૨૨ - ૨૦૨૩ |
| ૬૬ % | ૯૪.૬૪ % | ૮૫.૭૧ % | ૧૦૦ % | ૯૭.૯૧ % | ૯૦.૧૯ % |

૧. એચ.એસ.સી.બોર્ડની પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓ નિશ્ચિત સમયમાં, ખૂબ જ ઝડપથી સચોટ રીતે અને આત્મવિશ્વાસપૂર્વક સંપૂર્ણ પેપર અસરકારક રીતે લખી શકે છે. અમારા ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષામાં ૧૦૦ માંથી ૯૯ સુધી ગુણાંક પ્રાપ્ત કર્યા.
૨. એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાઓમાં રાજ્યમાં શ્રેષ્ઠ પરિણામ લાવતી રાજ્યની ટોચની ગ્રાન્ટેડ શાળાઓમાં અમારી શાળાનો સમાવેશ થયો.

**વિષયવસ્તુના અધ્યયન - અધ્યાપનના સંદર્ભમાં પરિણામ :**

૧. વિદ્યાર્થીઓ ભણતરના ભાર કે તનાવ અનુભવ્યા વિના રમત, પ્રયોગ, અન્વેષણ અને વ્યવહારીક અનુભવો કરતા કરતા સહજ, સરળ, રસપ્રદ અને ટુંકી રીતે પરંતુ સમજણ સાથે અને ગોખણ પટ્ટી વિના લાંબા અને અઘરા બોર્ડના વિષયો શીખતા શીખવતા થયા.
૨. વિદ્યાર્થીઓ માટે અધ્યયન વિષયો તર્કપૂર્ણ, ક્રિયાત્મક, વ્યવહારીક, પ્રાયોગિક અને સર્જનાત્મક વિષય બન્યા.
૩. વિદ્યાર્થીઓ વિષયો પારસ્પરિક અનુબંધ સાથે શીખતા થયા અને જ્ઞાનનો વ્યવહારમાં તેનો વિનિયોગ કરતા થયા. તેઓ વિષયો ગોખવાને સ્થાને સમજતા, અર્થગ્રહણ, સંશ્લેશણ, ચિંતન અને તર્ક દાવારા સમસ્યાઓનું સમાધાન મેળવતા થયા. તેઓની વિષય સંબંધી ક્ષમતાઓ અને દક્ષતાઓમાં વધારો થયો.

**વિદ્યાર્થીઓના વર્તન-પરિવર્તન સંદર્ભમાં પરિણામ :**

૧. વિદ્યાર્થીઓનો સરેરાશ મોબાઈલ વપરાશ સમય ઘટયો છે, તેઓનો મોબાઈલ ગેમીંગ અને સોશિયલ મિડીયા તરફનો ઝુકાવ ઘટયો છે. તેઓ સમુહમાં રમતા રમતા શીખતા થયા. તેઓ પોતાને આવડતા શૈક્ષણિક મુદ્દાઓ ઉત્પાદકીય કૌશલ્યો અન્ય વિદ્યાર્થીઓને શીખવતા થયા. જેથી વિદ્યાર્થીઓનું સામાજિક જીવન સુદ્દઢ બન્યુ. જૂથ ભાવના વિકસી.

**વાર્ષિક પરીક્ષાઓની પૂર્વ તૈયારીના સંદર્ભમાં પરિણામ :**


૧. વિદ્યાર્થીઓ લાંબા અધ્યયન વિષયોનું ઝડપી વિહંગાવલોકન (સિંહાવલોકન), પુનરાવર્તન, દ્રઢીકરણ અને સ્વાધ્યાય કરી શકે છે વિષયની શીખવા માટે તૈયારીનો સરેરાશ સમય ઘણો બધો ઘટ્યો છે. જેના પરિણામે તેઓ ફુરસદના સમયમાં કારકિર્દી લક્ષી કૌશલ્યો વિકસાવવા તરફ વળ્યા.
૨. વિદ્યાર્થીઓ વિષયના અઘરા મુદ્દાઓ ભૂલ વિના લાંબો સમય યાદ રાખી શકે છે અને જરૂર પડ્યે તે સરળતાથી ફરી યાદ કરી શકે છે. તેમજ જીવનની જુદી જુદી પરિસ્થિતિમાં જ્ઞાનનો વ્યવહારમાં વિનિયોગ કરી શકે છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :**

૧. આ પ્રયોગ છેલ્લા પાંચ વર્ષથી નિરંતર સ્વરૂપે અમારી શાળામાં ધો–૧૧ અને ધો ૧૨ (સા.પ્ર.) ના વિવિધ વિષયો પ્રાયોગિક રીતે શીખવવા માટે ચાલી રહ્યો છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓ રીશેષ કે અન્ય ફૂરસદના સમયમાં આપમેળે જુથ બનાવી આ રમત દ્વારા અધ્યયન, પુનરાવર્તન, દ્દઢીકરણ અને સ્વાધ્યાય કરે છે.

**આ નવતર પ્રયોગનો વ્યાપ :**

૧. આ રમત ધો.૧૨ ના ઉપરોક્ત વિષયો ઉપરાંત, ધો.૧૦ ના વિવિધ વિષયો જેમ કે, સમાજવિજ્ઞાન, અંગ્રેજી, વિજ્ઞાન, ગણિત અને ગુજરાતી માટે નિર્મિત કરી દેવામાં આવી છે. હવે, આ વર્ષથી શાળામાં ધો.૧૦ કક્ષાએ પણ લાગુ કરવામાં આવશે. તથા આ રમત હવે પછી ધો. ૮ અને ૯ ના ઉપરોક્ત વિષયો માટે નિર્મિત કરવામાં આવનાર છે.





**ઈનોવેશનનું નામ :** મિશન FLN પાયાનું શિક્ષણ

**ઈનોવેટરનું નામ :** બિનલબેન કે. મકવાણા **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી કાબરણ પ્રા. શાળા નં. ૧ **ક્લસ્ટર/ક્યુડીસી :** રાજપરા

**મો. નંબર :** ૯૫૩૭૪૪૪૭૫૪ **ઈ-મેઈલ આઈડી :** binalben10makwana@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** સાંપ્રત વિષયો (FLN, NEP....)

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુન ૨૦૨૨

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** કાર્યરત છે

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :** (1) શિક્ષણમાં રૂચિ ન પડવાથી વારંવાર ગેરહાજર રહેવું (2) સતત શીખવવા છતા, બેધ્યાન રહેવું (3) શીખેલી બાબતો યાદ ન રહેવાથી ભણવામાં નિરસતા દાખવવી (4) હોમવર્ક કરવામાં યોગ્ય માર્ગદર્શન ન મળવું. (5) શીખેલી બાબતો રજૂ કરવામાં શરમ સંકોચ અનુભવવા.

**હેતુઓ :** (1) બાળકો કઠીન અધ્યયન નિષ્પતિઓ સરળતાથી સિધ્ધ કરી શકે. (2) બાળકો આનંદ સાથે અને રમતારમતા શિક્ષણ મેળવે. (3) લાંબા સમય સુધી શીખેલી બાબતોને યાદ રાખે. (4) પાયાનું શિક્ષણ FLN સિધ્ધ કરે જેથી આગળના ધોરણમાં સરળતાથી શીખે. (5) વર્ગખંડમાં ગેરહાજર બાળકોનું પ્રમાણ ઘટે.

**કાર્યપધ્ધતિનું વર્ણન :** હાલ શિક્ષણ સુધારણા માટે સરકારશ્રી દ્વારા નિપુણ ભારત કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જેમાં FLN પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે તેથી બાળકોનું પાયાનું શિક્ષણ (FLN) અતિઆવશ્યક છે. બાળકોનું પાયાનું શિક્ષણ એટલે વાંચન, લેખન અને ગણન ખુબજ સારી રીતે શીખી શકે તે માટે મેં ટી.એલ.એમ. તૈયાર કર્યા છે. જેમાં સંખ્યા લોલીપોપ, સરવાળા મશીન, એકમ, દશક, સો, સાતવારના નામ, બાદબાકી રમકડાં, પ્રાણી–પક્ષી પોથી, ફળ–શાકભાજી પોથી, એબીસીડી કુલ્ફી, વાક્ય ચક્ર, બારાક્ષરી માટે મેઝીક બુક, આકારોની ઢીંગલી, મુળાક્ષર કાર્ડ, અંક કાર્ડ આકારો, વાક્ય પટ્ટીઓ, સંખ્યા બનાવો, વિવિધ મોહરા, ગુજરાતી માત્રાઓ ફુલદાની, સરવાળા મશીન, બાદબાકી મશીન વગેરે ટી.એલ.એમ. તૈયાર ર્ક્યા છે. જેના દ્વારા બાળકો પાયાનું શિક્ષણ આનંદ સાથે શીખી શકે અને લાંબા સમય સુધી યાદ પણ રાખી શકે. આ ઈનોવેશન સાથે બેઝ લાઈન એસેસમેન્ટ સર્વેક્ષણ પણ કરવામાં આવ્યું છે. જેના કારણે બાળકોમાં પ્રગતિ પણ માપી શકાય છે.

**મૂલ્યાંકન :** દર મહિને જે મૂલ્યાંકન કરવાનું થાય છે, તેમાં બાળકોના વાંચન, લેખન અને ગણનમાં થોડા જ સમયમાં સારી એવી પ્રગતિ જોવા મળી. જે બાળકોને વાંચન, લેખન અને ગણનમાં તકલીફ પડતી હતી તેવા બાળકોના પરિણામમાં આશરે ૬૦ થી ૭૦ ટકાનો સુધારો થયો. પ્રિય બાળકોને પણ શીખવામાં રસ અને રૂચિ પડવા લાગી. ખુબ જ સારૂ એવું પરિણામ મળ્યું છે. મારું આ ઈનોવેશન અન્ય સ્કૂલ માટે ઉપયોગી છે. હજુ પણ મારા વર્ગમાં ઈનોવેશન કાર્યરત છે.

**પરિણામ :** આંકડાકીય વિગત :

| ધોરણ | વિદ્યાર્થીની સંખ્યા | | | મિશનFLN પાયાનું શિક્ષણ ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | વાંચન | લેખન | ગણન |
| 1 | 11 | 6 | 17 | 15% | 15% | 20% |
| 2 | 5 | 6 | 11 | 20% | 15% | 20% |
| કુલ | 16 | 12 | 28 | | | |

| ધોરણ | વિદ્યાર્થીની સંખ્યા | | | મિશન FLN પાયાનું શિક્ષણ ટકાવારી | | |
|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | વાંચન | લેખન | ગણન |
| 1 | 11 | 6 | 17 | 65% | 75% | 70% |
| 2 | 5 | 6 | 11 | 62% | 80% | 72% |
| કુલ | 16 | 12 | 28 | | | |

**ઉપયોગિતા** આ નવતર પ્રયોગ અંતર્ગત બનાવેલ ટી.એલ.એમ. ધોરણ–૨ માટે સરવાળા મશીન, બાદબાકી રમકડાં, વાકય ચક્ર, એકમ–દશક, ચડતો–ઉતરતો ક્રમ, લિંગ પરિવર્તન વગેરે ઉપયોગી છે. જ્યારે મુળાક્ષર કાર્ડ, વાક્યપટ્ટીઓ, સંખ્યા બનાવો, એબીસીડી કુલ્ફી, બારાક્ષરી મેઝીક બુક, પ્રાણી–પક્ષી, ફળ–શાકભાજી, પર્ણ પોથીઓ અને આકારોમાંથી બનાવેલી ઢીંગલી ધરોણ ૧–૨ અને બાલવાટીકાના બાળકોને આનંદ સાથે શિક્ષણ આપવા ઉપયોગી બની રહેશે. અન્ય શાળામાં પણ આ નવતર પ્રયોગ અંતર્ગત બનાવેલ ટી.એલ.એમ. ધોરણ ૧–૨ અને બાલવાટીકામાં બાળકોને ઉપયોગી બની રહેશે.

**વર્તમાન સ્થિતિ :** હાલ આ ઈનોવેશન મારી શાળામાં કાર્યરત છે. બાળકોને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ મેળવવામાં ખુબજ મજા આવે છે. જેને કારણે ગેરહાજરીનું પ્રમાણ ઘટ્યુ છે અને ખુબજ સારી સફળતા મળી છે.

**ઈનોવેશનનું નામ :** સરળતાથી સંખ્યાજ્ઞાન

**ઈનોવેટરનું નામ :** દેરાસરી ગાયત્રીપ્રસાદ રમેશચંદ્ર **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી નવાગામ(થાન) પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** તરણેતર

**મો. નંબર :** ૯૭૨૫૮૬૧૭૧૬ **ઈ-મેઈલ આઈડી :** kapilderasari@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** સાંપ્રત પ્રવાહો(FLN)

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુન ૨૦૨૨ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ૧ વર્ષ

## સમસ્યા ઉદ્‌ભવના કારણો :

ધોરણ ૧ થી ૩ના બાળકોને ૯૯૯૯ સુધી સંખ્યાજ્ઞાનમાં દશક સ્થાનને આધારે સંખ્યા ઓળખમાં ખૂબ મુશ્કેલી થઇ રહી હતી (જેમ કે ૧૪ ને ૨૪ કહી દે અથવા તો ૪૫ ને ૩૫ કહી દે) અથવા તો અત્યંત ધીમી ગતિએ શીખતાં હતા. અને સંખ્યાજ્ઞાનમાં આગળ વધી શકતા ન હતા.

## હેતુઓ :

ધોરણ ૧ થી ૩ના બાળકોને ૯૯૯૯ સુધી સંખ્યાજ્ઞાન શીખે, સંખ્યા ઓળખે અને તે મુજબ ગાણિતિક ક્રિયાઓ કરી શકે.

## કાર્યપધ્ધતિનું વર્ણન :

આ પ્રયોગ અંતર્ગત સૌ પ્રથમ ૧ થી ૯૯૯૯ સુધી સંખ્યાજ્ઞાનને ૧ થી ૫, ૬ થી ૧૦, ૧ થી ૧૦, ૧૧ થી ૨૦, ૨૧ થી ૩૦ એમ વિવિધ એકમોમાં વિભાજીત કરવામાં આવ્યા અને તે મુજબ ક્રમ નંબર ૧ થી ૩૬ સુધીનાં ક્રમિક કાર્ડ તૈયાર કરવામાં આવ્યા. આ કાર્ડમાં બાળક એકમ મુજબ ક્રમિક આગળ વધે અને સંખ્યાજ્ઞાન મેળવે તથા ખાસ કરીને વિશેષ બાબત એ છે કે નજીક–નજીકના એકમોનાં કાર્ડને એવી રીતે જોડવામાં આવ્યા છે કે અગાઉનાં એકમોમાં શીખેલી બાબતોનું પુનરાવર્તન અને મહાવરો થયા અને નવા એકમ શીખતા જાય અને એક સાથે વધુ એકમો શીખવાનું ભારણ ન લાગે. આ કાર્ડને એકમ વાઇઝ વર્ગમાં ઘોડામાં ગોઠવવામાં આવ્યા છે જેથી બાળકો જાતે લઇને શીખી શકે અને મહાવરો કરી શકે.

## મૂલ્યાંકન :

આ પ્રયોગમાં તૈયાર કરવામાં આવેલા કાર્ડમાં થોડાક કાર્ડ પછી મૂલ્યાંકન માટે કાર્ડ આપેલ છે. જેને આધારે બાળકોએ શીખેલી બાબતોનું પ્રયોગ અંતર્ગત સાહજિકતાથી મૂલ્યાંકન થઇ જાય છે. બાળક તે કાર્ડ સિધ્ધ કરે પછી જ આગળ વધી શકે છે.

## પરિણામ :

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩માં ધોરણ ૨ માં કુલ ૪૧ બાળકો હતા. તેમાંથી વર્ષનાં અંતે ૨૫ બાળકો ૯૯૯૯ સુધી, બીજા ૫ બાળકો ૯૯૯ સુધી અને ૩ બાળકો ૯૯ સુધી સંખ્યાજ્ઞાન શીખી ગયા. એટલે એમ કહી શકાય કે આ પ્રયોગને એકંદરે ૮૦% જેટલી સફળતા મળી.

## ઉપયોગિતા

આ પ્રયોગ ગુજરાત રાજ્યના કોઇપણ પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૩ ના વિદ્યાર્થીઓ માટે કોઇપણ શિક્ષક ઉપયોગમાં લઇ શકે છે. સાથે સાથે અન્ય રાજ્યના શિક્ષકો પણ ત્યાંની સ્થાનિક ભાષામાં આ પ્રયોગ અમલમાં મૂકી શકે છે.

## વર્તમાન સ્થિતિ :

હાલમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં (૨૦૨૩–૨૪) ધોરણ ૧ અને ૨ના બાળકો માટે મારી શાળા (શ્રી નવાગામ થાન પ્રાથમિક શાળા) માં આ પ્રયોગ ચાલુ છે.

**ઈનોવેશનનું નામ :** ENGLISH GRAMMAR WORKING MODEL

**ઈનોવેટરનું નામ :** પરાગ હસમુખરાય દવે **હોદ્દો :** મ. શિક્ષક **વિભાગ :** પ્રાથમિક

**શાળાનું નામ :** શ્રી ભાણેજડા પ્રા. શાળા **ક્લસ્ટર/ક્યુડીસી :** ચોકડી

**મો. નંબર :** ૯૫૩૭૩૧૦૦૭૭ **ઈ-મેઈલ આઈડી :** paragdave@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામુહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૪ જુન ૨૦૨૩ થી

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ઈનોવેશન ચાલુ છે.

## સમસ્યા ઉદ્ભવના કારણો :

બાળકોમાં અંગ્રેજી વ્યાકરણનો ડર હોવાથી, બાળકના આત્મવિશ્વાસ અને નિર્ણય શક્તિમાં કચાશ હોવાથી

## હેતુઓ :

બાળકોના અત્મવિશ્વાસમાં વધારો થાય, નિર્ણય શક્તિમાં વધારો, અંગ્રેજી વ્યાકરણનો ડર દૂર થાય, બાળક સહેલાઈથી અંગ્રેજી વ્યાકરણ શીખી શકે, પ્રવૃત્તિ સાથે ભણવાનું હોવાથી બાળક શાળાએ આવતો થાય.

## કાર્યપધ્ધતિનું વર્ણન :

અંગ્રેજી વ્યાકરણ મોડેલ બનાવવા, કાર્ડ, પ્લાયવૂડ, ફેવિકોલ, સ્કેચપેન જેવી સાધન સામગ્રીનો ઉપયોગ થાય છે.

## મૂલ્યાંકન :

લેખિત, મૌખિક અને ક્રિયાત્મક પ્રક્રિયા દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે.

## પરિણામ :

ધોરણ ૬ થી ૮ના ૨૬ બાળકોમાંથી ૧૭ બાળકોનું આશરે ૫૯% જેટલું પરિણામ જોવા મળે છે.

## ઉપયોગિતા

જે બાળકને અંગેજી વ્યાકરણમાં કચાશ છે તે દરેક બાળક (ધોરણ ૬ થી ૮)ના તમામ બાળકો જે ગ્રુપમાં કામ કરી મોડેલ દ્વારા સરળતાથી અંગેજી વ્યાકરણ શીખી શકે છે.

## વર્તમાન સ્થિતિ :

બાળકો અંગેજી વ્યાકરણના પિરિયડની રાહ જોઈને બેઠા હોય, પ્રવૃત્તિ સાથે ભણવાનું હોવાથી બાળકો શાળામાં નિયમિત આવે, બાળક જાતે ગૃપમાં મોડેલનો ઉપયોગ કરીને જાતે જ શીખે.

**ઈનોવેશનનું નામ :** ગણિત વિજ્ઞાન ને ગમતું કરીએ



**ઈનોવેટરનું નામ :** ઠાકર હેતલ દોલતરાય **હોદ્દો :** મ.શિક્ષક **વિભાગ :** માધ્યમિક

**શાળાનું નામ :** શ્રીમતી એમ.ડી.એમ.કન્યા વિદ્યાલય **ક્લસ્ટર/ક્યુડીસી :** ૨

**મો. નંબર :** ૯૮૨૫૫૦૪૮૮૭ **ઈ-મેઈલ આઈડી :** hgmehta1976@gmail.com

**નવતર પ્રયોગની કેટેગરી :** સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યકિતગત

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** ૨૦૨૨

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** સતત ચાલુ

**સમસ્યા ઉદ્દ્ભવના કારણો :**

(૧) વિજ્ઞાન અને ગણિત વિષય પ્રત્યેનો વિદ્યાર્થીનો હાવ.
(૨) પાયાનાં જ્ઞાનનો અભાવ.
(૩) વિષય પ્રત્યે ઓછી અભિરૂચિ.
(૪) અન્ય વિષય પ્રત્યેનો વધુ લગાવ.

**હેતુઓ :**

(૧) ગણિત વિજ્ઞાનને ગમતો વિષય બનાવવો.
(૨) વિદ્યાર્થીઓનાં આત્મવિશ્વાસમાં વધારો કરવો.
(૩) રમતગમત દ્વારા વિષયને સહેલોને સરળ બનાવવો.

**કાર્યપદ્ધતિનું વર્ણન :**

વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા અને રમતો દ્વારા આવર્ત કોષ્ટકનાં તત્વોનાં નામ, નંબર અને સંજ્ઞાઓને યાદ કરવાની સરળ પ્રક્રિયા. ટીમ વર્ક દ્વારા સંયોજકતા યાદ કરવાની વિવિધ રમતો. રાસાયણિક સૂત્રો બનાવવા માટેની પ્રયુક્તિઓ દ્વારા સમજૂતી. ગણિતના વિવિધ આકારો આધારિત ખૂણા અને ત્રિકોણનોનું રમત ગમત દ્વારા સમજૂતી. વિવિધ સ્પર્ધાઓ જેવી કે ગણિત વિજ્ઞાન રંગોળી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, નેઈલ આર્ટ વગેરે રસપ્રદ પ્રવૃત્તિઓ દ્વારા વિષય પ્રત્યે જાગૃત કરવા માટે આયોજનને મૂલ્યાંકન.

**મૂલ્યાંકન :**

(૧) પરીક્ષાનો હાઉ દૂર કરવા માટે વિવિધ સ્પર્ધાઓ દ્વારા મૂલ્યાંકન.
(૨) ત્યારબાદ વિસ્તૃત પ્રશ્નોનું કસોટી દ્વારા મૂલ્યાંકન.

**પરિણામ :**

રસાયણ વિજ્ઞાન અને ભૂમિતિમાં પડતી મુશ્કેલીને આ પ્રયોગ દ્વારા દૂર કરીને નબળા બાળકોને આ બન્ને વિષયમાં સારામાં સારું પરિણામ પ્રાપ્ત કરીને સફળતાની અનુભૂતિ. ધોરણ 10નાં બાળકોને વધું સારું પરિણામ મેળવવામાં સફળતા.

**ઉપયોગિતા**

ધોરણ 9 અને ધોરણ 10ને બાળકો તમામ શાળામાં આ પ્રવૃત્તિઓ સહેલાઈથી કરાવી શકાય અને વિષય પ્રત્યેનો લગાવ કેળવી શકાય.

**વર્તમાન સ્થિતિ :**

હાલમાં બન્ને વિષયનાં બાકીનાં કઠિન ટોપિક પર ને મુદ્દાઓ પર વધુ કામ કરીને વધુ સફળતા મેળવવા માટે પ્રયત્નો ચાલું જ છે.

**ઈનોવેશનનું નામ :** હસ્તકલા દ્વારા પ્રાચીન લોકકલા આભૂષણ વારસો

**ઈનોવેટરનું નામ :** તેજલબેન કે. મહેતા **હોદ્દો :** અધ્યાપક **વિભાગ :** પ્રશિક્ષણ સંસ્થા

**શાળાનું નામ :** શ્રીમતી સદગુણાબેન સી.યુ.શાહ અધ્યાપન મંદિર, વઢવાણ **ક્લસ્ટર/ક્યુડીસી :** વઢવાણ

**મો. નંબર :** ૯૯૨૫૪૯૭૦૦૧ **ઈ-મેઈલ આઈડી :** mehtatejal1971@gmail.com



**નવતર પ્રયોગની કેટેગરી :** સહઅભ્યાસિક પ્રવૃતિ દ્વારા સર્વાંગી શિક્ષણ

**નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** સામૂહિક

**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :** જુલાઈ ૨૦૨૩

**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો :** ૬ મહિના

**સમસ્યા ઉદ્‌ભવના કારણો :** પ્રશિક્ષણાર્થીઓએ પ્રવેશોત્સવ દરમિયાન રજૂ કરેલ કૃતિ માટે કાગળમાંથી આભૂષણો કાયમી ઉપયોગી બની રહે તેવા ન બને ? પ્રશિક્ષણાર્થીઓના આ વિચારોને વેગ આપવા શિક્ષણમાં સાથે સાંકળી નવતર પ્રયોગ રૂપે બનાવવા માટે પોત્સાહિત થયા.

**હેતુઓ :** ઊન, કાગળ, મોતી, કાચ, દોરી વગેરેમાંથી કલાત્મક આભૂષણો બનાવવા. પ્રશિક્ષણાર્થીઓની સર્જનાત્મક અને કલાકારીગરીનો વિકાસ કરે. હસ્તકલાનો ભાતીગર વારસો છે તે જાણી પ્રશિક્ષણાર્થી તેનું જતન કરતા શીખે. હસ્તકલાનો ઉપયોગ પર્યાવરણ વર્ગખંડ અને ઘરમાં કરે. અન્યને પ્રશિક્ષિત કરી કલાત્મક નમૂનાના વેચાણ દ્વારા આર્થિક અર્થોપાર્જન કરે.

**કાર્યપદ્ધતિનું વર્ણન :** પ્રશિક્ષણાર્થીઓના આ કાર્યને નવતર પ્રયોગ રૂપે જુલાઈ મહિનાથી કાર્યરત છે સૌ પ્રથમ પ્રશિક્ષણાર્થીઓને ટુકડીમાં સામાન વહેંચણી કરી ઉનની ગોટીઓ બનાવતા શીખવામાં આવી ત્યારબાદ તેમની સહભાગીદારી થી દર અઠવાડિયે એક તાસ લઈ આવા વિવિધ આભૂષણો બનાવતા શીખવવામાં આવ્યા. શાળાના વિવિધ પ્રકલ્પમાં ભાગીદારી નોંધાવીને વ્યક્તિગત ભાવોને કલાના માધ્યમથી રજૂ કરે છે. વ્યક્તિગત બદલાવ માટે નૂતન અભિગમ સર્જન કરે છે. તમામ વિષયના અનુસંધાનમાં પણ આવા વિવિધ નમૂના દ્વારા વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ કરી શકાય. કચ્છી સંસ્કૃતિના હસ્તકલાનો વારસો જાળવે છે. ભેટ સોગાદ આપવામાં ઉપયોગી બને છે. શાળાનાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કે ધાર્મિક પ્રસંગોમાં ઉપયોગી બની રહે છે. આ બધી વસ્તુઓ બનાવવામાં પાછળ આશય એવો છે કે સમયની બચત સાથે નજીવા ખર્ચમાં શાળા પરિવાર ઘર પરિવાર તથા લોકસમુદાયને ઉપયોગી વસ્તુઓબનાવી શકાય છે.

**મૂલ્યાંકન :** કાગળ, દોરા, કાચ, જરી, બોર્ડરમાંથી વિવિધ આભૂષણો બનાવે છે. પ્રશિક્ષણાર્થીઓ ઓછા સમયમાં સમયનો સદઉપયોગ કરીને ઘણી બધી પ્રવૃત્તિઓ કરે છે. જેમાંથી હસ્તકલા કૌશલ્ય વિકસે છે. આર્થિક બચત થાય છે. દરેક ઝીણી વાતનું મહત્વ તથા કિંમત સમજે છે.

**પરિણામ :** આ નવતર પ્રયોગથી વિષય શિક્ષણમાં પ્રાયોગિક કાર્યમાં તથા વિષયાંગ સ્પષ્ટતામાં, લોકસંસ્કૃતિ ભાતીગળ વારસાની સમજ કેળવવામાં, સંકલ્પના સ્પષ્ટ થઈ. વર્તમાન સ્થિતિ સારી છે. મોટાભાગની પ્રશિક્ષણાર્થીઓ રસ રૂચિપૂર્વક આવી વસ્તુઓના નિર્માણ કાર્યમાં સક્રિય ભાગીદારી લે છે.

**ઉપયોગિતા** જુદા જુદા વિષયવસ્તુના અનુસંધાનમાં આવા આભૂષણો નમૂના બનાવીને સ્પષ્ટીકરણ કરી શકાય છે. ઊન, દોરા, કાગળ, કાચ વગેરે વસ્તુઓમાંથી વિવિધ ડિઝાઈનનાં હાર, બુટ્ટી, બંગડી, ટીકા બનાવી ઉપયોગ કરી શકાય. લાંબા સમય સુધી આ વસ્તુઓને વિવિધ પ્રસંગોમાં ઘર પરિવારના સભ્યો કે અન્ય મિત્રો દ્વારા ઉપયોગમાં લઈ શકાય છે. સમગ્ર ગુજરાત રાજ્યની ઓળખ ગૃપ ઉત્સવ નવરાત્રીમાં આ ઉપયોગમાં લઈ શકાય છે. વિવિધ સામાજિક, ધાર્મિક પ્રસંગોમાં ઉપયોગમાં લઈ શકાય છે.

**વર્તમાન સ્થિતિ :** વર્તમાન સ્થિતિ સારી છે. મોટાભાગની પ્રશિક્ષણાર્થીઓ રસરૂચિ પૂર્વક આવી વસ્તુઓના નિર્માણ કાર્યમાં સક્રિય ભાગ લે છે.

# સૌરાષ્ટ્ર ઝોન 1 નાં ડી.આઈ.સી. કૉ.ઓર્ડિનેટરશ્રી



**ડૉ. કોમલબેન પંડ્યા**
ડી.આઈ.સી. કૉ.ઓર્ડિનેટર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર
મો. 9924867008



**શ્રી હેમાંગભાઈ વાઘેલા**
ડી.આઈ.સી. કૉ.ઓર્ડિનેટર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
ભાવનગર
મો. 7990667080



**શ્રી વિપુલભાઈ વાજા**
ડી.આઈ.સી. કૉ.ઓર્ડિનેટર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
બોટાદ
મો. 9824825561



**ડૉ. બિંદુબેન પટેલ**
ડી.આઈ.સી. કૉ.ઓર્ડિનેટર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
ભુજ
મો. 9909538601



**ડૉ. ગંગાબેન વાઘેલા**
ડી.આઈ.સી. કૉ.ઓર્ડિનેટર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
મોરબી
મો. 9904022826



**ડૉ. નિશાતબેન બાબી**
ડી.આઈ.સી. કૉ.ઓર્ડિનેટર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ
મો. 9428268674

INNOVATION

Festival

2023-24